સૌરાષ્ટ્ર આવૃત્તિ

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. GUJ GUJ/2013/58486 *

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 172 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ અષાઢ વદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 July 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

મંગળવાર, ૨૨ જુલાઈ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ૭/૧૧ ટ્રેન બ્લાસ્ટ: તમામ આરોપી નિર્દોષ



## ... તો ખરેખર બૉમ્બધડાકા કરાવ્યા કોણે?

**અદાલતે શું કહ્યું?**

- બારેબાર આરોપીએ ગુનો કર્યો હોવાનું માની નથી શકાતું
- કબૂલાતનામું આપવા ત્રાસ ગુજારાયાનું આરોપીઓએ સફળતાપૂર્વક સાબિત કર્યું

મુંબઈ: મુંબઈમાં ૧૯ વર્ષ પહેલા ટ્રેનમાં થયેલા વિવિધ બોમ્બ વિસ્ફોટ કેસમાં બોમ્બે હાઈ કોર્ટે સોમવારે તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા. ફરિયાદ પક્ષ કેસ સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે એમ જણાવી હાઈ કોર્ટે ઉમેર્યું હતું કે આરોપીઓએ ગુનો કર્યો હોય એ માની નથી શકાતું. એ વિસ્ફોટમાં ૧૮૦થી વધુ લોકો મૃત્યુ પામ્યાં હતાં. હવે સવાલ એ છે કે જો તમામ આરોપી નિર્દોષ છે તો ધડાકા ખરેખર કરાવ્યા કોણે? કેસની તપાસ હાથ ધરનારા મહારાષ્ટ્ર એન્ટિ ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ) માટે આ ચુકાદો અત્યંત શરમજનક બાબત છે. એજન્સીએ દાવો કર્યો હતો કે આરોપીઓ પ્રતિબંધિત સંગઠન સ્ટુડન્ટ્સ ઇસ્લામિક મૂવમેન્ટ ઓફ ઇન્ડિયા (સિમી)ના સભ્યો હતા અને તેમણે આતંકવાદી જૂથ લશ્કર-એ-તૈયબા (એલઇટી)ના પાકિસ્તાની સભ્યો સાથે મળીને આ કાવતરું ઘડ્યું હતું.

ફરિયાદ પક્ષના કેસ પર તિરસ્કારપૂર્વકનો આરોપ મૂકી હાઈકોર્ટે આરોપીના તમામ કબૂલાતભર્યાં નિવેદનોને ''નકલ'' સૂચવતા અસ્વીકાર્ય જાહેર કર્યા હતા. કબૂલાતની વિશ્વસનીયતા સામે આંગળી ચીંધી અદાલતે એમ પણ જણાવ્યું હતું કે આ નિવેદનો આપવા માટે તેમની પર ત્રાસ ગુજારવામાં આવ્યો હતો એ આરોપીઓએ સફળતાપૂર્વક સ્થાપિત કર્યું છે.

ન્યાયમૂર્તિ અનિલ કિલોર અને ન્યાયમૂર્તિ શ્યામ ચાંડકની વિશેષ ખંડપીઠે જણાવ્યું હતું કે ફરિયાદ પક્ષ ગુનામાં ઉપયોગમાં લેવાયેલા બોમ્બના પ્રકારને રેકોર્ડ પર લાવવામાં પણ નિષ્ફળ ગયો છે અને તેના દ્વારા જે પુરાવા પર આધાર રાખવામાં આવ્યો છે તે આરોપીઓને દોષિત ઠેરવવા માટે પૂરતા નથી.

સાક્ષીઓનાં નિવેદનો અને આરોપીઓ પાસેથી કરવામાં આવેલી કથિત વસૂલાતનું વિશેષ મહત્ત્વ નથી એમ હાઇ કોર્ટે ૧૨ વ્યક્તિની સજા રદ કરતી વખતે જણાવ્યું હતું. બારમાંથી પાંચને વિશેષ અદાલતે મૃત્યુદંડ અને સાતને આજીવન કેદની સજા ફટકારી હતી.

૧૧ જુલાઈ, ૨૦૦૬ના રોજ પશ્ચિમ રેલવેના વિવિધ સ્થળોએ મુંબઇની લોકલ ટ્રેનોમાં સાત વિસ્ફોટો થયા હતા જેમાં ૧૮૦થી વધુ લોકો માર્યા ગયા હતા અને અન્ય ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ■

**સંસદમાં સંગ્રામ: ચોમાસુ સત્રના પહેલા દિવસે વિપક્ષોનો હંગામો**

# ઑપરેશન સિંદૂર પર સંસદમાં પચીસ કલાક ચર્ચા કરવા સરકાર તૈયાર

નવી દિલ્હી : સરકાર લોકસભામાં આવતા અઠવાડિયે ઑપરેશન સિંદૂર અને પહલગામ આતંકવાદી હુમલા પર લોકસભામાં ૧૬ કલાકની અને બંને ગૃહમાં કુલ પચીસ કલાકની ચર્ચા કરવા સોમવારે તૈયાર થઈ હતી. જોકે વિરોધ પક્ષે એવો આગ્રહ કર્યો હતો કે ઑપરેશન સિંદૂર અને પહલગામ આતંકવાદી હુમલા પર આ અઠવાડિયે જ ચર્ચા થવી જોઈએ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જવાબ આપવો જોઈએ. સોમવારે લોકસભાનું ચોમાસુ સત્ર શરૂ થયું કે વિરોધ પક્ષે ઑપરેશન સિંદૂર અને બીજી બાબતો પર ચર્ચાની માગણીના સમર્થનમાં વિરોધ પક્ષે હોબાળો મચાવતાં પહેલા દિવસે લોકસભાની કાર્યવાહી ખોરવાઈ ગઈ હતી. એક મહિનાના ચોમાસુ સત્રના પહેલા દિવસે સભા ચાર વાર મોકૂફ રાખવામાં આવી હતી. ત્રણ સભામોકૂફી બાદ ગૃહને ચાર વાગ્યે ફરી બોલાવવામાં આવ્યું ત્યારે અધ્યક્ષસ્થાન સંભાળી રહેલા દિલીપ સૈકિયાએ સભ્યોને ગોવા વિધાનસભાની બેઠકોના પુનર્ગઠનના ખરડાને હાથ ધરવાની છૂટ આપવાની વિનંતી કરી હતી. જોકે વિરોધ પક્ષના સભ્યોએ ઑપરેશન સિંદૂર પર ચર્ચા કરવાની માગણી અંગેનો સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખ્યું હતું.

૨૨ એપ્રિલના પહલગામના હુમલાને પગલે ભારતીય લશ્કરી દળોએ ઑપરેશન સિંદૂર હાથ ધર્યું હતું અને એ હેઠળ પાકિસ્તાનમાં રહેલા આતંકવાદી માળખા પર હુમલા કર્યા હતા.

ગૃહ બપોરે બે વાગ્યે મળ્યું ત્યારે અધ્યક્ષે વિરોધ પક્ષના સભ્યોને ગૃહ ચલાવવા દેવાની વિનંતી કરી હતી. સતત સૂત્રોચ્ચાર મધ્યે સંધ્યા રેએ ગૃહની કાર્યવાહી બપોરના ચાર વાગ્યા

(જુઓ પાનું ૨) ▶▶

# ઉપરાષ્ટ્રપતિનું રાજીનામું



નવી દિલ્હી: દેશના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે સ્વાસ્થ્ય સંબંધી કારણોસર ગઈ કાલે મોડી રાત્રે રાજીનામું આપી દીધું હતું. પોતાનું રાજીનામું રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂને આપતા તેમણે જણાવ્યું હતું કે, તત્કાળ અમલમાં આવે એ રીતે પોતે ઉપરાષ્ટ્રપતિપદેથી રાજીનામું આપી રહ્યા છે.

ધનખડે રાષ્ટ્રપ્રમુખને લખેલા પત્રમાં કહ્યું હતું કે, મારા સ્વાસ્થ્યને અગ્રક્રમ આપવા તથા તબીબી સલાહ અનુસાર હું તત્કાળ અમલમાં આવે એ રીતે ઉપરાષ્ટ્રપતિપદેથી રાજીનામું આપી રહ્યો છું.

૭૪ વર્ષના ધનખડે ઓગસ્ટ, ૨૦૨૨માં ઉપરાષ્ટ્રપતિનો હોદ્દો સંભાળ્યો હતો.

રાજ્યસભામાં આકરા વલણ માટે તથા સાંસદોને હસતા-હસતા આકરી ટકોર કરવા માટે ધનખડે જાણીતા હતા. ■

# ઈડી તમામ મર્યાદા ઓળંગી રહી છે: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: તપાસ દરમિયાન અસીલનું પ્રતિનિધિત્વ કરતા અને કાયદાકીય સલાહ આપતા વકીલને ઈડી દ્વારા સમન્સ પાઠવવામાં આવ્યા હોવાને મામલે સુપ્રીમ કોર્ટે સોમવારે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે આમ કરીને તપાસ એજન્સી તમામ મર્યાદા ઓળંગી રહી છે. વરિષ્ઠ વકીલ અરવિંદ દાતાર અને પ્રતાપ વેણુગોપાલને ઈડીએ સમન્સ પાઠવ્યા હોવાને પગલે સુપ્રીમ કોર્ટે ઉપરોક્ત નિવેદન કર્યું હતું અને આ અંગે માર્ગદર્શિકા તૈયાર કરવા જણાવ્યું હતું.

આ પ્રકારની કાર્યવાહીની કાયદાકીય વ્યવસાયની સ્વતંત્રતા પર પડનારી અસરને નિવારવાને મુદ્દે મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈ અને ન્યાયાધીશ કે. વિનોદચંદ્રની બનેલી ખંડપીઠે આપમેળે જ આ સુનાવણી હાથ ધરી હતી. વકીલ અને અસીલ વચ્ચે વાતચીત કે સલાહમસલત સામાન્ય બાબત છે. કઈ રીતે તેમને નોટિસ પાઠવી શકાય? આ અંગે માર્ગદર્શિકા હોવી જોઈએ એમ સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું.

એટર્ની જનરલ આર. વેંકટરમણી અને સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે આ મુદ્દો સર્વોચ્ચ સ્તરે ઉપાડી લેવામાં આવ્યો હતો અને કાયદાકીય સલાહ આપવા બદલ વકીલોને નોટિસ ન પાઠવવાનું તપાસ એજન્સીને જણાવવામાં આવ્યું હતું.

વેંકટરમણીએ કહ્યું હતું કે ઈડીના અધિકારીઓ સાથે મેં વાતચીત કરી હતી અને વકીલોને નોટિસ મોકલવી ખોટું હોવાનું તેમણે જણાવ્યું હતું.

કાયદાકીય સલાહ આપવા બદલ વકીલોને નોટિસ ન આપી શકાય એવા વેંકટરામનના અભિપ્રાય સાથે તુષાર મહેતા પણ સહમત થયા હતા. (એજન્સી)■

# જસ્ટિસ વર્માને ઈમ્પિચ કરવાની પ્રક્રિયા શરૂ

નવી દિલ્હી : સંસદસભ્યોએ લોકસભા અને રાજ્યસભાના અધ્યક્ષોને અલાહાબાદ હાઈ કોર્ટના જસ્ટિસ યશવંત વર્માના ઇમ્પિચમેન્ટ માટે સમિતિની રચનાની નોટિસ આપી હતી. રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે આવી નોટિસ મળી હોવાની નોંધ લીધી હતી. રાજ્યસભાના ચેરમેનને અપાયેલી નોટિસમાં વિરોધ પક્ષના ૬૩ સભ્યોએ સહી કરી છે, જ્યારે લોકસભાન સ્પીકરને મળેલી નોટિસમાં શાસક અને વિરોધ એમ બન્ને પક્ષના સભ્યોએ સહી કરી છે. આમાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સહિત ૧૫૨ સભ્યોએ સહી કરી છે.

જસ્ટિસ વર્માના સત્તાવાર નિવાસસ્થાનમાં ૧૪ માર્ચે બળી ગયેલી ચલણી નોટ મળી આવતાં તેમને દિલ્હી વડી અદાલતમાંથી અલાહાબાદ વડી અદાલતમાં મોકલવામાં આવ્યા હતા. ધનકડે ગૃહને કહ્યું હતું કે મને જસ્ટિસ વર્માને કાઢી મૂકવા માટે કાયદાને આધીને એક સમિતિની રચના કરવાની દરખાસ્તની નોટિસ મળી છે. આમાં ૫૦ સભ્યોએ સહી કરી છે અને પ્રોસેસ ચાલુ કરવા માટે આ સંખ્યા પૂરતી છે.

ગત માર્ચ મહિનામાં દિલ્હી હાઈ કોર્ટમાં ફરજ દરમિયાન નિવાસસ્થાનેથી મોટી માત્રામાં કેસ મળી આવવાના મામલે જસ્ટિસ યશવંત વર્મા સામે મહાભિયોગ ચલવવામાં આવી રહ્યો છે. આજે સોમવારે લોકસભામાં કુલ ૧૪૫ સાંસદો અને રાજ્યસભામાં ૬૩ સાંસદોએ જસ્ટિસ વર્મા સામે મહાભિયોગ ચલાવવા પ્રસ્તાવ રજૂ કર્યો છે.

નોંધનીય છે કે ભારતના ઇતિહાસમાં અત્યાર સુધી કોઈ પણ ન્યાયાધીશ સામે મહાભિયોગ પ્રસ્તાવ પસાર થઇ શકાયો નથી, જો આ યશવંત વર્મા સામે પ્રસ્તાવ સંસદમાંથી પસાર થઇ જશે, તો ઈતિહાસમાં આવો પહેલી ઘટના નોંધાશે. જસ્ટિસ વર્મા વિરુદ્ધ બંધારણની કલમ ૧૨૪, ૨૧૭ અને ૨૧૮ હેઠળ મહાભિયોગ ચલવવામાં આવી રહ્યો છે.

લોકસભામાં મહાભિયોગ પ્રસ્તાવ રજૂ કરનારા સાંસદોમાં અનુરાગ ઠાકુર, રવિશંકર પ્રસાદ, વિપક્ષના નેતા રાહુલ ગાંધી, રાજીવ પ્રતાપ રૂડી, પીપી ચૌધરી, સુપ્રિયા સુળે અને કેસી વેણુગોપાલનો સમાવેશ થાય છે.કોઈ પણ ન્યાયાધીશને હટાવવાના પ્રસ્તાવ રજુ કરવા માટે લોકસભામાં ઓછામાં ઓછા ૧૦૦ અને રાજ્યસભામાં ૫૦ ઓછામાં ઓછા સાંસદોની સહમતી હોવી જરૂરી છે. આ પ્રસ્તાવને ગૃહના અધ્યક્ષ/સભાપતિ સ્વીકારી શકે છે અથવા નકારી પણ શકે છે. ■

# ૭ મહિનામાં એર ઈન્ડિયાને નવ શો-કોઝ નોટિસ

નવી દિલ્હી: છેલ્લા ૭ મહિનામાં પાંચ સુરક્ષા ઉલ્લંઘનોના સંદર્ભમાં એર ઈન્ડિયાને કુલ નવ શો-કોઝ નોટિસ જારી કરવામાં આવી છે. આ જાણકારી નાગરિક ઉડ્ડયન રાજ્ય પ્રધાન મુરલીધર મોહોળે સોમવારે રાજ્યસભામાં આપી હતી.

નાગરિક ઉડ્ડયન રાજ્ય પ્રધાને જણાવ્યું કે એક ઉલ્લંઘનના સંદર્ભમાં અમલીકરણ કાર્યવાહી પૂર્ણ થઇ ગઇ છે. ૧૨ જૂનના રોજ અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનાના કારણો અંગે પૂછવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં રાજ્ય પ્રધાને જણાવ્યું કે છેલ્લા ૭ મહિના દરમિયાન દુર્ઘટનાગ્રસ્ત થયેલા વિમાનના સંદર્ભમાં એર ઇન્ડિયાની વિશ્વસનીયતા રિપોર્ટમાં કોઇ પ્રતિકૂળ વલણ સામે આવ્યું નથી.

જવાબમાં જણાવાયું છે કે વિમાન(દુર્ઘટનાઓ અને ઘટનાઓની તપાસ) નિયમ, ૨૦૧૭ના નિયમ ૧૧ હેઠળ ડિરેક્ટર જનરલ, એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો દ્વારા ૧૨ જૂનના રોજ અમદાવાદમાં એર ઈન્ડિયાની ફ્લાઇટ એઆઇ-૧૭૧ની દુર્ઘટનાના સંભવિત કારણ/ફાળો આપનાર પરિબળો નક્કી કરવા માટે તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે એએઆઇબી દ્વારા ૧૨ જુલાઇના રોજ દુર્ઘટના અંગેનો પ્રારંભિક અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

કેન્દ્રએ જણાવ્યું કે છેલ્લા ૭ મહિના દરમિયાન દુર્ઘટનાગ્રસ્ત વિમાનના સંદર્ભમાં એર ઈન્ડિયાની વિશ્વસનીયતા રિપોર્ટોમાં કોઇ પ્રતિકૂળ વલણ જોવા મળ્યું નથી. અત્રે નોંધનીય છે કે ૧૨ જૂનના રોજ લંડન જઇ રહેલું એર ઈન્ડિયાનું બોઇંગ ૭૮૭-૮ વિમાન અમદાવાદ એરપોર્ટ પરથી ઉડાન ભર્યાની તરત બાદ મેડિકલ હોસ્ટેલ બિલ્ડિંગ સાથે અથડાયા બાદ દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. વિમાનમાં ૨૪૨ મુસાફરો સવાર હતા. જેમાંથી ૨૪૧ લોકોના મોત નીપજ્યા હતા, જ્યારે ઘણા લોકો જમીન પર પણ મૃત્યુ પામ્યા હતા. ■

# ઈન્ડોનેશિયાની ફેરી બૉટમાં આગ: ૫૭૫ લોકોને ઉગારી લેવાયા

ઈન્ડોનેશિયા: ઈન્ડોનેશિયાની પ્રવાસી ફેરી બૉટ કેએમ બાર્સેલૉના વી-એમાં લાગેલી આગમાંથી સોમવાર સુધીમાં ૫૭૫ લોકોને ઉગારી લેવામાં આવ્યા હતા.

જોકે આ આગને કારણે ત્રણ જણનાં મોત થયાં હોવા ઉપરાંત બે જણ ગુમ થયા હોવાનાં અહેવાલ છે.

ઉત્તર સેલાવેસી પ્રાન્તના બે બંદર વચ્ચેના અડધા દિવસના નિયમિત પ્રવાસ દરમિયાન રવિવારે બપોરે પ્રવાસી ફેરી બૉટ કેએમ બાસર્ઢલૉના વી-એમાં આગ લાગી હતી, એમ માનાડૉ નેવી બેઝના ચીફ ફ્રેન્કી પાસૂના શિહોમ્બિંગે કહ્યું હતું.

કોસ્ટ ગાર્ડ શિપ, ૭ રેસ્ક્યૂ જહાજ અને અનેક બૉટને રાહત કામગીરના કામમાં જોતરવામાં આવી હતી. બચાવકર્તાઓએ અનેક પ્રવાસીઓને દરિયામાંથી બહાર કાઢ્યા હતા અને તેમને નજીકના ટાપુ પર લઈ જવામાં આવ્યા હતા. સ્થાનિક માછીમારોએ પણ આ કાર્યમાં મદદ કરી હતી. (એજન્સી)■

અંક પ્રગટ થઈ ચૂક્યો છે

જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ

પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ

વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ

મુંબઈ સમાચાર કિંમત: ₹ ૧૦૦/- સ્થાપના ઈ.સ. ૧૮૧૪ વર્ષ ૨૧૨



પંચાંગકર્તા: સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮ ■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭

માહિતી માટે સંપર્ક કરો

મુંબઈ સમાચાર ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩

રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ફોન: (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષ: (૦૨૨) ૨૨૬૯૧૨૩૬
ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

# મૅટા-ગૂગલના અધિકારીઓ ઈડી સમક્ષ હાજર ન થયા: નવા સમન્સ પાઠવાયા

નવી દિલ્હી: ઑનલાઈન સટ્ટા અને જુગારને પ્રોત્સાહન આપવા પ્લેટફોર્મ પૂરું પાડવા સંબંધિત મની લૉન્ડરિંગ કેસને મામલે ટેક જાયન્ટ મૅટા અને ગૂગલના અધિકારીઓ સોમવારે ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી) સમક્ષ હાજર ન થતાં તેમને ૨૮ જુલાઈએ હાજર થવા નવા સમન્સ પાઠવવામાં આવ્યા હતા, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. તપાસ એજન્સી સમક્ષ હાજર થવા અને નિવેદન નોંધાવતા સંબંધિત દસ્તાવેજો અને માહિતી એકઠી કરવા માટે વધુ સમયની જરૂર હોવાનું જણાવી આ બે કંપનીઓના અધિકારીઓ ૨૧ જુલાઈએ ઈડી સમક્ષ હાજર નહોતા થયા અને નવી તારીખ માગી હતી. સૂત્રોના જણાવ્યાનુસાર કંપનીના અધિકારીઓને ઈડી સમક્ષ હાજર થવાની મુદત એક અઠવાડિયું લંબાવી આપી ૨૮ જુલાઈએ ઉપસ્થિત થવા જણાવવામાં આવ્યું છે.

ઈડી સમક્ષ તેઓ હાજર થશે ત્યારે પ્રિવેન્શન ઑફ મની લૉન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) અંતર્ગત તેમનું નિવેદન નોંધવામાં આવશે. (એજન્સી)■

# ગણપતિની વાંધાજનક મૂર્તિ બનાવવાને મામલે ઈન્દોરમાં ત્રણની અટક

ઈન્દોર: મધ્ય પ્રદેશના ઈન્દોરમાં બજરંગ દળ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદને પગલે આવનારાં ગણેશોત્સવ માટે ગણપતિની વાંધાજનક મૂર્તિ તૈયાર કરવાને મામલે ત્રણ મૂર્તિકારને અટકાયતમાં લેવામાં આવ્યા હોવાનું પોલીસે સોમવારે કહ્યું હતું.

આ ત્રણ મૂર્તિકારને ચંદ્રનાથ પાલ, રતનલાલ પાલ અને રાજુ પાલ તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હતા.

બજરંગ દળના એક્ટિવિસ્ટ દ્વારા ખાજરાના પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવેલી ફરિયાદને પગલે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૯૯ (જાણીજોઈને કોઈની ધાર્મિક લાગણી દુભવતું કાર્ય કરી લોકોને ભડકાવવા) અંતર્ગત આ ત્રણેને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. આ ત્રણે બંગાળી સ્ક્વેર નજીક લોકોની માગણી અને જરૂરિયાત મુજબની મૂર્તિ તૈયાર કરી આપતા હતા. (એજન્સી) ■

# બલૂચિસ્તાનમાં ઓનર કિલિંગ: ૧૧ની અટક

કરાચી : એક દંપતીની હત્યાનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થતાં પોલીસે બલૂચિસ્તાન પ્રાંતના કેસમાં ૧૧ જણની ધરપકડ કરી હતી. આ કેસ ઓનર કીલિંગનો લાગે છે. વિડિયોમાં જોવા મળે છે તે પુરુષોનું ટોળું દંપતીને વાહનમાંથી રણમાં નીચે ઉતારી રહ્યું છે અને ત્યાર બાદ તેને ગોળીથી ઠાર મારે છે. ટોળાએ મૃતદેહો પર પણ ગોળી મારી હતી. રાજકીય નેતાઓ અને સામાજિક કાર્યકર્તાઓ આને ઓનર કિલિંગ ગણાવે છે. આ બનાવથી આખા દેશમાં ખળભળાટ મચી ગયો હતો. મુલકી સમાજ, ધાર્મિક વિદ્વાનો અને રાજકીય નેતાઓએ આ નરાધમ કૃત્ય કરનારની ધરપકડ અને સખત સજાની માગણી કરી હતી. (એજન્સી)■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કૉંગ્રેસને ટ્રમ્પ-પાકિસ્તાન સાચાં લાગે છે

**કૉંગ્રેસ** હકારાત્મક વિપક્ષની ભૂમિકા ભજવવાના બદલે પાણીમાંથી પોરા કાઢીને વાહિયાત મુદ્દા ઉઠાવવામાં માને છે તેથી છાસવારે એવી વાતો કર્યા કરે છે કે જે સાંભળીને કૉંગ્રેસના નેતાઓની બુદ્ધિક્ષમતા સામે શંકા જાગે. જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી ભારતે પાકિસ્તાનમાં ઘૂસીને હુમલો કરેલો એ મુદ્દે કૉંગ્રેસે કરેલા સવાલ તેનો તાજો પુરાવો છે. કૉંગ્રેસની લાંબા સમયથી પિન પહલગામ હુમલા પછી થયેલા ભારત-પાકિસ્તાન યુદ્ધ પર અટકેલી છે. આ યુદ્ધ અંગે સાચી-ખોટી જે પણ વાતો આવે તેને પકડી લઈને કૉંગ્રેસ વાહિયાત સવાલો કરે છે અને આ વખતે પણ એવું જ થયું છે.

ભારતના હુમલાથી બઘવાયેલા પાકિસ્તાને નાકલીટી તાણીને યુદ્ધવિરામની આજીજી કરી પછી ભારતે યુધ્ધવિરામ સ્વીકારેલો પણ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે દાવો કરેલો કે, પોતાના કહેવાથી યુદ્ધવિરામ અટક્યો છે. યોગાનુયોગ બે દિવસ પહેલાં ટ્રમ્પે પાછું આ જ વાજું વગાડ્યું એટલે કૉંગ્રેસ હરખપદૂડી થઈને કૂદી પડી છે. સંસદનું ચોમાસુ સત્ર શરૂ થયું છે પણ કૉંગ્રેસ પાસે મોદી સરકારને ભીડાવવા નક્કર વ્યૂહરચના નથી એટલે કૉંગ્રેસે ભારત-પાકિસ્તાન યુદ્ધ અંગે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના દાવા અંગે કેન્દ્ર સરકારને ત્રણ સવાલ પૂછી નાંખ્યા છે.

કૉંગ્રેસનો પહેલો સવાલ એ છે કે, ટ્રમ્પે ૨૪ વખત પોતે ભારત-પાકિસ્તાન યુધ્ધ રોક્યું હોવાનો ઉલ્લેખ કર્યો છે તો ટ્રમ્પે ખરેખર યુદ્ધવિરામ કરાવ્યો હતો? બીજો સવાલ એ છે કે, ટ્રમ્પે ભારત સાથેનો વ્યાપાર બંધ કરવાની ધમકી આપીને યુદ્ધ બંધ કરાવ્યું હતું? ત્રીજો સવાલ એ છે કે, આ યુદ્ધમાં પાંચ ફાઇટર પ્લેન તોડી પાડવામાં આવ્યાં હતાં એ કોનાં હતાં ? સંસદનું ચોમાસુ સત્ર ૨૧ જુલાઈથી શરૂ થઈ રહ્યું છે ત્યારે કૉંગ્રેસે આ ત્રણેય સવાલો સંસદમાં ઉઠાવવાનું એલાન પણ કર્યું છે.

કૉંગ્રેસની માગણી એવી પણ છે કે, સંસદમાં વડા પ્રધાને પોતાનું મૌન તોડવું જોઈએ અને જવાબ આપવો જોઈએ. વિપક્ષો ખાસ ચર્ચા ઈચ્છે છે ને તેમાં જવાબ આપવા અમને કોઈ અવેજી બેટ્સમેન નથી જોઈતો પણ માત્ર ને માત્ર વડા પ્રધાને જ જવાબ આપવો પડશે. વિપક્ષ તરીકે કૉંગ્રેસ વડા પ્રધાન પાસે જવાબ માગી શકે પણ બીજું કોઈ કહે તેને સાચું માનીને જવાબ માગવો એ બુદ્ધિનું પ્રદર્શન છે.

કૉંગ્રેસના ત્રણેય સવાલો ટ્રમ્પના દાવાઓ પર આધારિત છે. ટ્રમ્પ યુદ્ધવિરામ થયો ત્યારથી એક જ વાજું વગાડ્યા કરે છે કે મારા કારણે યુદ્ધવિરામ થયો છે. પહલગામ આતંકી હુમલા પછી ભારતે ૭ મેએ પાકિસ્તાનમાં ઘૂસીને નવ આતંકવાદી ઠેકાણાંનો નાશ કર્યો હતો પણ બે દિવસમાં પાકિસ્તાન હાંફી જતાં ૧૦ મેએ યુદ્ધવિરામ થયો હતો.

ટ્રમ્પે સૌથી પહેલાં ભારત અને પાકિસ્તાનના યુદ્ધવિરામની સોશ્યલ મીડિયા પર જાહેરાત કરેલી એ સાચું છે પણ અમેરિકન ઈન્ટેલિજન્સ એજન્સીઓનું નેટવર્ક બહુ મોટું છે તેથી ટ્રમ્પને સત્તાવાર જાહેરાત પહેલાં ખબર પડી ગઈ હોય એ શક્ય છે. ભારત અને પાકિસ્તાન બંનેની આર્મીમાં કે સંરક્ષણ મંત્રાલયોમાં અમેરિકાના જાસૂસો છે જ તેથી ટ્રમ્પને યુદ્ધવિરામની આગોતરી જાણ થઈ આ એ મોટો ચમત્કાર નથી. સ્માર્ટ ટ્રમ્પે સત્તાવાર જાહેરાત થાય એ પહેલાં સોશ્યલ મીડિયા પર પોસ્ટ મૂકીને જશ ખાટી લીધો.

ટ્રમ્પ એ પછી સતત આ વાત કહ્યા કરે છે. છેલ્લે ટ્રમ્પે શનિવારે વાઇટ હાઉસમાં રિપબ્લિકન સાંસદો સાથે ડિનર દરમિયાન ફરી એ જ રેકર્ડ વગાડી અને કૉંગ્રેસે એ વાતને પકડી લીધી. આ વાતચીત દરમિયાન ટ્રમ્પે પાંચ ફાઈટર જેટ તૂટ્યાં હોવાનો પણ દાવો કર્યો. રસપ્રદ વાત એ છે કે, પાકિસ્તાને પણ આવો જ દાવો કર્યો છે. ૭ મેએ પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે સંસદમાં દાવો કરેલો કે, અમે ભારતના હુમલાનો જડબાતોડ જવાબ આપ્યો તેમાં ભારતના પાંચ ફાઈટર પ્લેન તોડી પાડવામાં આવ્યા હતા. આ પાંચ વિમાનમાં ત્રણ રાફેલ હતાં.

પાકિસ્તાને પછીથી આંકડો સુધારીને છ ભારતીય વિમાનને તોડી પાડવાનો દાવો કરવાનું શરૂ કર્યું. ૧૧ જુલાઈએ પાકિસ્તાનના વિદેશ કાર્યાલયના પ્રવક્તા શફકત અલી ખાને મીડિયા સામે બોલતાં કહેલું કે, ભારતે યુદ્ધમાં પોતાનાં છ ફાઇટર જેટ ગુમાવ્યાં છે તેની કબૂલાત કરી લેવી જોઈએ. અલી ખાનનો દાવો હતો કે, ભારતે કાલ્પનિક વાર્તાઓ કરવાને બદલે સ્વીકારવું જોઈએ કે તેનાં છ ફાઈટર પ્લેનને તોડી પાડવામાં આવ્યાં હતાં અને અન્ય લશ્કરી ઠેકાણાંને ગંભીર નુકસાન થયું હતું.

ભારતે પોતાનું કોઈ વિમાન તૂટ્યું નથી એવો દાવો કર્યો છે. ટ્રમ્પે પણ કોનાં ફાઈટર જેટ તોડી પડાયાં તેનો ઉલ્લેખ કર્યો નથી પણ એ પાકિસ્તાનની ભાષા બોલી રહ્યા છે એ સ્પષ્ટ છે. કૉંગ્રેસ ટ્રમ્પ અને પાકિસ્તાનના દાવા સાચા હોવાનું માનીને સરકારને સવાલ કરી રહી છે.

ટ્રમ્પ રાજા હરિશ્ચંદ્રના અવતાર નથી કે સાચું જ બોલતા હોય. મહાલબાડ ટ્રમ્પનો ઈતિહાસ જ જૂઠાણાંથી ભરેલો છે પણ કોંગ્રેસને એ માણસ સાચો લાગે છે એ આઘાતજનક કહેવાય. પાકિસ્તાનના શાસકો તો ટ્રમ્પથી પણ ચાર ચાસણી ચડે એવા છે તેથી એ બોલે તેમાં સત્ય કેટલું હોય એ મોટો સવાલ હોય છતાં કૉંગ્રેસને તેની વાત પણ સાચી લાગી રહી છે.

કૉંગ્રેસ મોદી સરકારને સવાલો કરી રહી છે પણ એક બેઝિક મુદ્દાને અવગણી રહી છે. પાકિસ્તાને દાવો કર્યો હતો કે. યુદ્ધમાં પાંચ ભારતીય વિમાનને તોડી પાડ્યાં હતાં. પાકિસ્તાને આ વિમાન ક્યાં તોડી પાડ્યાં તેની કોઈ વિગતો આપી નથી કે કોઈ પુરાવા આપ્યા નથી. ભારતનાં વિમાનો પાકિસ્તાનમાં ઘૂસ્યાં ત્યારે તેમને તોડી પડાયાં હોય તો તેનો કાટમાળ પાકિસ્તાનમાં જ પડ્યો હોય. ભારતનાં ફાઈટર જેટનો કાટમાળ પાકિસ્તાનમાં પડે ને પાકિસ્તાન એવી તક ચૂકે ખરું ?

મીડિયામાં ને સોશ્યલ મીડિયામાં તેના ફોટા ક્યારનાય ફરતા થઈ ગયા હોત. પાકિસ્તાન આર્મીએ પ્રેસ કોન્ફરન્સ કરીને વટભેર પુરાવા સાથે આ વાત કરી હોત પણ એવું કશું થયું નથી તેનો મતલબ એ કે, પાકિસ્તાન ટાઢા પહોરનાં ગપ્પાં હાંકે છે. પાકિસ્તાને ભારતમાં ઘૂસીને ભારતનાં વિમાનો તોડી પાડ્યાં હોય ને તેનો કાટમાળ ભારતમાં પડ્યો હોય તો એ વાત પણ છૂપી ના રહે. ભારતમાં મીડિયાએ વિશ્વસનિયતા ગુમાવી દીધી છે પણ સોશ્યલ મીડિયા ઝાલ્યું રહેતા નથી એ જોતાં આ વાત છુપાવી જ ના શકાય.

કૉંગ્રેસે ટ્રમ્પની વ્યાપાર અટકાવી દેવાની ધમકીનો ઉલ્લેખ કર્યો છે પણ ટ્રમ્પ આવી ધમકી આપવાની સ્થિતિમાં જ નથી. ટ્રમ્પ ભારત સાથે ટ્રેડ ડીલ કરવા હવાતિયાં મારી રહ્યા છે છતાં કૉંગ્રેસને તેમની આ વાત સાચી લાગતી હોય તો ભગવાન જ કૉંગ્રેસને બચાવે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ,
મંગળવાર, તા. ૨૨-૭-૨૦૨૫, ભૌમ પ્રદોષ, ભદ્રા પ્રારંભ

- ભારતીય દિનાંક ૩૧, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ વદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ વદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૪થો શહેરવર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૭મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- નક્ષત્ર મૃગશીર્ષ રાત્રે ક. ૧૯-૨૪ સુધી, પછી આર્દ્રા.
- ચંદ્ર વૃષભમાં સવારે ક. ૦૮-૧૪ સુધી, પછી મિથુનમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૪, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૧૦-૨૨, રાત્રે ક. ૨૧-૪૫.
- ઓટઃ સાંજે ક. ૧૬-૨૬, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૪ (તા. ૨૩)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ – દ્વાદશી. ત્રયોદશી ક્ષય તિથિ છે. ભૌમ પ્રદોષ, કેરપૂજા (ત્રિપુરા), સૂર્ય સાયન સિંહમાં સિંહમાં રાત્રે ક. ૧૯-૦૧. ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૮-૩૯, સૂર્ય મહાનક્ષત્ર પુષ્ય, વાહન મોર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ ભૌમ પ્રદોષ વ્રત ઉપવાસ, શિવ-પાર્વતી પૂજા અભિષેક, શિવભક્તિ, ભજન, કીર્તન, રાત્રિ જાગરણ, ખેરનું વૃક્ષ વાવવું, મંગળ-ચંદ્ર ગ્રહદેવતાનું પૂજન, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, ચંદ્રબળ જોઈ સીમંત સંસ્કાર, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ નિષ્ફળતાનો ભય, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ સ્વપ્નદ્રષ્ટા, મંગળ-રાહુ પ્રતિયુતિ ઉગ્ર સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ, મંગળ-રાહુ પ્રતિયુતિ (તા. ૨૩), ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ ઉત્તરે ૫ અંશ ૬ કળાના અંતરે રહે છે. ચંદ્ર વિષુવવૃત્તથી ઉત્તરે મહત્તમ ૨૮ અંશ ૧૯ કળાના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-સિંહ, વક્રી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# સંસદનું સત્ર વિજયોત્સવ જેવું છેઃ મોદી

નવી દિલ્હી : ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે સંસદના ચોમાસું સત્રમાં ઑપરેશન સિંદૂર પર થનારી અપેક્ષિત ચર્ચામાં શાસક યુતિનો સૂર જણાવતા સત્રને 'વિજય ઉત્સવ' ગણાવ્યું હતું. તેમણે એવો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે સંસદસભ્યો એક જ સ્વરમાં તેમની ભાવના વ્યક્ત કરશે. સત્રની શરૂઆત પહેલાં સંસદ ભવનમાં પરંપરાગત ટિપ્પણી કરતાં મોદીએ કહ્યું હતું કે દેશમાં અનેક સકારાત્મક હિલચાલો થઈ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બંધારણે બૉમ્બ તથા બંદૂક પર વિજય મેળવ્યો છે.

મોદીએ કહ્યું હતું કે નક્સલવાદનો પ્રભાવ ઝડપથી ઘટતો જાય છે અને રેડ ઝોન ઝડપથી ગ્રીન ગ્રોથ ઝોન બનતો જાય છે.

મોદીએ કહ્યું હતું કે ચોમાસું સત્ર દેશનું ગૌરવપ્રદ સત્ર હશે. આ 'વિજય ઉત્સવ' જેવું છે. વિશ્વે ભારતના સશસ્ત્ર દળોની ક્ષમતા જોઈ છે. દળોએ પોતાનું લક્ષ્ય ૧૦૦ ટકા સિદ્ધ કર્યું છે.

તેમણે નોંધ લીધી હતી કે તાજેતરમાં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં ભારતીય ધ્વજ ફરક્યો હતો. તેઓ અવકાશવીર શુભાંશુ શુક્લાની વાત કરી રહ્યા હતા જે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં પગ મૂકનાર પ્રથમ ભારતીય બન્યો હતો.

વડા પ્રધાને કહ્યું હતું કે અર્થતંત્રને સારા વરસાદથી ટોનિક મળ્યું છે. નીચા ફુગાવા અને ઊંચી વૃદ્ધિને લીધે આ દાયકો શાંતિ અને પ્રગતિનો રહ્યો છે. છેલ્લાં ૧૦ વર્ષની સરખામણીમાં જળાશયોમાં પાણીનું સ્તર ત્રણ ગણું વધી ગયું છે. આનાથી અર્થતંત્રને ફાયદો થશે.

ઈન્ડિયા બ્લોક એક થઈને પહલગામ આતંકવાદી હુમલા અને ઑપરેશન સિંદૂર પર ચર્ચાની માગણી કરી રહ્યો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે મેં યુદ્ધવિરામ કરાવ્યો એવા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના દાવાનો ઉલ્લેખ કરીને વિપક્ષો સરકારને ઘેરી રહ્યા છે.

લશ્કરી ઑપરેશને તેના હેતુ ૧૦૦ ટકા સિદ્ધ કર્યા એ માટે મોદીએ સંરક્ષણ દળોને બિરદાવ્યા હતા. ઑપરેશન સિંદૂર પછીની સ્થિતિ પર ભારતનું વલણ સમજાવવા અને આતંકવાદના સર્વેસર્વા પાકિસ્તાનને બેનકાબ કરવા વિશ્વના વિવિધ દેશોમાં જનારા સંસદીય પ્રતિનિધિમંડળની પણ તેમણે સરાહના કરી હતી. આમાં વિવિધ પક્ષોના સંસદસભ્યો પણ સામેલ થયા હતા.

તેમણે કહ્યું હતું કે હું રાષ્ટ્રીય હિતમાં કામ કરનાર સંસદસભ્યો અને પક્ષોની સરાહના કરું છું.

તેમણે કહ્યું હતું કે વિવિધ પક્ષોના એજન્ડા ભિન્ન હોઈ શકે પરંતુ રાષ્ટ્રીય હિતની બાબતમાં તેમની વચ્ચે એકતા હોવી જોઈએ. (એજન્સી)■

# અમદાવાદમાં પ્લેન ક્રેશમાં સત્ય જાણવા અંતિમ અહેવાલની રાહ જોવી જોઈએઃ સરકાર

નવી દિલ્હી : સંસદના ચોમાસા સત્રની વિપક્ષના હંગામા વચ્ચે શરૂઆત થઈ છે. રાજ્ય સભાને અમદાવાદમાં એર ઈન્ડિયાના પ્લેન ક્રેશ મુદ્દે નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ સંબોધિત કરી હતી. તેમણે કહ્યું કે આની તપાસ આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ કરવામાં આવી રહી છે. તેમજ અમે સત્યની સાથે ઊભા રહેવા પ્રતિબદ્ધ છીએ. નાગરિક ઉડ્ડયન મંત્રીએ જણાવ્યું હતું કે પ્લેન ક્રેશની તપાસ આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ કરવામાં આવી રહી છે. જો તેમ પ્રારંભિક તપાસ અહેવાલ જોશો તો બ્લેક બોક્સમાં થોડી પણ ખામી હોત તો તેને વિદેશ મોકલવામાં આવ્યું હોત. જોકે, ભારતે પ્રથમ વાર તેને સ્વતંત્ર રીતે તપાસ કરવાનો નિર્ણય લીધો. તેમજ કોઈપણ નક્કર નિર્ણય લેતા પૂર્વે અંતિમ અહેવાલની રાહ જોવી પડશે. એર એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો એક વિસ્તૃત, નિયમ આધારિત પ્રક્રિયાનું પાલન કરે છે અને નિષ્પક્ષ છે. તેમજ અમે સત્યની સાથે અને જે થયું તેની સાથે ઉભા રહેવા પ્રતિબદ્ધ છીએ. ■

# 'ઉદયપુર ફાઇલ્સ'માં છ કાપ મૂકવા સરકારનું સૂચન

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે ફિલ્મ 'ઉદયપુર ફાઇલ્સ-કન્હૈયા લાલ ટેલર મર્ડર'માં છ કાપ મૂકવાનું સૂચન કર્યું છે. આ જાણકારી કેન્દ્રએ સોમવારે વડી અદાલતને આપી હતી.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ન્યાયાધીશ સૂર્યકાંત અને જોયમાલ્યા બાગચીની ખંડપીઠને જણાવ્યું કે મારા અંગત મત મુજબ સક્ષમ અધિકારી દ્વારા સૂચવવામાં આવેલા સૂચનો સિવાયની કોઇપણ આગળની કાર્યવાહી કલમ ૧૯નું ઉલ્લંઘન હશે. મેં આદેશ વાંચી લીધો છે. વડી અદાલતે મહેતાને આદેશ રેકોર્ડ પર મૂકવા કહ્યું હતું.

ફિલ્મ નિર્માતાઓ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ ગૌરવ ભાટીયાએ રજૂઆત કરી હતી કે કેન્દ્ર તેના સુધારણા અધિકારક્ષેત્રનો ઉપયોગ કરી રહ્યું છે અને ફિલ્મના દશ્યોમાં છ કાપ મૂકવાની ભલામણ કરી છે અને તેનું પાલન કરવામાં આવ્યું છે. ન્યાયાધીશ કાંતે ભાટિયાને કહ્યું કે ફિલ્મ નિર્માતાઓએ દશ્યો કાપવાના નિર્દેશોનું પાલન કરવું પડશે, સિવાય કે તેઓ આદેશને પડકારવા માંગતા હોય.

ફિલ્મની રિલીઝ પર રોક લગાવવાની માગ કરતાં આરોપી મોહમ્મદ જાવેદ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ મેનકા ગુરુસ્વામીએ જણાવ્યું કે જ્યાં સુધી સુપ્રીમ કોર્ટ આ મુદ્દે પોતાનો ચુકાદો ન આપે ત્યાં સુધી વચગાળાનો સ્ટે ચાલુ રહેવો જોઇએ. ખંડપીઠે આગામી આદેશો સુધી સ્ટે યથાવત રાખ્યો હતો અને સુનાવણી ૨૪ જુલાઇ સુધી મુલતવી રાખી હતી. સુપ્રીમ કોર્ટે ૧૬ જુલાઇના રોજ ફિલ્મ નિર્માતાઓને કહ્યું હતું કે તેઓ ફિલ્મ સામેની અરજીઓ સાંભળવા માટે નિયુક્ત પેનલના નિર્ણયની રાહ જુએ.

નોંધનીય છે કે ઉદયપુરના દરજી કન્હૈયા લાલની જૂન ૨૦૨૨માં મોહમ્મદ રિયાઝ અને મોહમ્મદ ગૌસે દ્વારા હત્યા કરવામાં આવી હતી. આ કેસની તપાસ એનઆઇએ દ્વારા કરવામાં આવી હતી. આરોપીઓ પર આઇપીસીની કલમો ઉપરાંત કડક ગેરકાયદે પ્રવૃત્તિઓ નિવારણ કાયદા હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસ જયપુરની વિશેષ એનઆઇએ કોર્ટમાં પેન્ડિંગ છે. ■

# સંસદમાં લઘુમતીમાં મુકાયા છતાં જાપાનના પીએમની રાજીનામાની ના

ટોકિયોઃ ચૂંટણીમાં મળેલા પરાજયને પગલે સંસદના બંને ગૃહમાં સરકાર લઘુમતીમાં આવી ગયા બાદ રાજીનામાની માગણી વચ્ચે જાપાનના વડા પ્રધાન શિગુરે ઈશિબાએ સોમવારે કહ્યું હતું કે વધતી મોંઘવારી અને અમેરિકાના ટેરિફ જેવા પડકારોને લડત આપવા પોતે હોદ્દા પર ચાલુ રહેશે.

રવિવારે કરવામાં આવેલા મતદાનમાં ઈશિબાની શાસક લિબરલ ડેમોક્રેટિક પાર્ટી (એલડીપી) અને તેમનો સાથીપક્ષ ૨૪૮ બેઠક ધરાવતા ઉપલા ગૃહમાં ત્રણ બેઠક માટે બહુમતી મેળવવાથી વંચિત રહી ગયો હતો.

એલડીપી સૌથી વધુ બેઠક મેળવનારો પક્ષ હોવા છતાં સંસદના બંને ગૃહમાં તેમની સરકાર લઘુમતીમાં આવી ગઈ છે જેને કારણે કોઈ પણ કાયદાને મંજૂરી આપવાનું તેમની સરકાર માટે મુશ્કેલ બનશે.

ચૂંટણીમાં સત્તારૂઢ ગઠબંધનને મોટો ફટકો પડ્યો છે, જેને કારણે જાપાનના વડા પ્રધાન શિગેરુ ઇશિબાને પદ છોડવું પડે એવી શક્યતા છે, કેમકે તેમની લિબરલ ડેમોક્રેટિક પાર્ટીની આગેવાની હેઠળના ગઠબંધને સંસદના ઉપલા ગૃહમાં બહુમતી ગુમાવી દીધી છે, જ્યારે જાપાનની દક્ષિણપંથી પોપ્યુલિસ્ટ પાર્ટીની સ્થિતિ મજબૂત થઇ છે.

સ્થાનિક મીડિયા અહેવાલ અનુસાર રવિવારે જાપાનના ઉપલા ગૃહની ૨૪૮ બેઠકોમાંથી ૧૨૫ બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી. હાલ સત્તારૂઢ ગઠબંધનને આ ગૃહમાં બહુમતી જાળવી રાખવા માટે, ૧૨૫ બેઠકોમાંથી ૫૦ બેઠકો પર જીત મેળવવી જરૂરી હતી, પરંતુ કઉડ ને ૩૯ અને તેના સાથી પક્ષ કોમેઇટોને ૮ બેઠકો પર જીત મળી, આમ આ ગઠબંધન ૪૭ બેઠકો જીતી શક્યું, જે ગૃહમાં બહુમતીના આંકડાથી ૩ બેઠકો ઓછી છે. ૧૨૫માંથી ૨૨ બેઠકો જીતીને કન્સ્ટિટ્યુશનલ ડેમોક્રેટિક પાર્ટી બીજા ક્રમે રહી, ૧૭ બેઠકો જીતીને ડેમોક્રેટિક પાર્ટી ફોર ધ પીપલ બીજા ક્રમે રહી, જ્યારે સાંશીતોને ૧૪ બેઠકો મળી જીતી. ■

# અમે સમાચાર કે યુટયૂબ ઈન્ટરવ્યૂ જોતા નથીઃ ચીફ જસ્ટિસ

નવી દિલ્હી : કેન્દ્રીય તપાસ એજન્સી, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ વિરુદ્ધના ''કથા-કથનો''થી પ્રભાવિત ન થવા સુપ્રીમ કોર્ટને વિનંતી કરતી ટિપ્પણીના જવાબમાં, ચીફ જસ્ટિસ બી.આર.ગવઈએ સોમવારે કહ્યું હતું કે, ''અમે સમાચાર જોતા નથી અને યુટ્યુબ ઇન્ટરવ્યુ જોતા નથી.

સીજેઆઈ ગવઈ અને જસ્ટિસ કે વિનોદ ચંદ્રનની ખંડપીઠ વરિષ્ઠ વકીલો અરવિંદ દાતાર અને પ્રતાપ વેણુગોપાલને તેમના સંબંધિત ક્લાયન્ટ્સને કાનૂની મંતવ્યો આપવા માટે ઇડી દ્વારા સમન્સ મોકલવા અંગે આપમેળે નોંધેલી કેસની સુનાવણી કરી રહી હતી.

કેન્દ્રનું પ્રતિનિધિત્વ કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે આ મુદ્દો ઉચ્ચ સ્તરે ઉઠાવવામાં આવ્યો છે અને તપાસ એજન્સીએ વકીલોને કાનૂની સલાહ આપવા માટે નોટિસ ન આપવા જણાવ્યું છે.

જોકે, મહેતાએ ખોટી વાર્તાઓ બનાવીને સંસ્થાઓને બદનામ કરવાના પ્રયાસો તરફ ધ્યાન દોર્યું હતું.

''જ્યાં સુધી સામાન્ય અવલોકનોનો સંબંધ છે, ક્યારેક વ્યક્તિગત કેસોના આધારે ખોટી રીતે અર્થઘટન કરવામાં આવે છે. હું આ કહી રહ્યો છું, ઇડી નહીં, સંસ્થા વિરુદ્ધ એક વાર્તા બનાવવાનો એક સંયુક્ત પ્રયાસ થઈ રહ્યો છે. કોર્ટ કેટલાક કિસ્સાઓમાં એવું શોધી શકે છે જ્યાં ઓવરસ્ટેપિંગ થઈ રહ્યું છે.'' એમ સોલિસિટર જનરલે કહ્યું હતું. ■

## પહેલા પાનાનું ચાલુ

### ઑપરેશન સિંદૂર

સુધી મોકૂફ રાખી હતી. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે વિરોધ પક્ષના સંસદસભ્યોને ખાતરી આપી હતી કે સરકાર સ્પીકર સંમત થાય એ મુદ્દા પર લાંબી ચર્ચા કરવા તૈયાર છે. સિંહે કહ્યું હતું કે સરકાર વિરોધ પક્ષ જે બાબત કહે એ બાબત પર ચર્ચા કરવા તૈયાર છે. સરકાર બધા સવાલોનો જવાબ આપવા તૈયાર છે. સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ વિરોધ પક્ષને અપીલ કરી હતી કે સોમવારે અઢી વાગ્યે મળનારી બિઝનેસ એડવાઈઝરી કમિટીની બેઠકમાં વિરોધ પક્ષના સભ્યો તેમની માગણી મૂકી શકશે. જોકે વિરોધ પક્ષના સભ્યોએ સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખ્યું હતું

લોકસભા સવારે અગિયાર વાગ્યે મળી ત્યારે અવસાન પામાનાર સભ્યોને શ્રદ્ધાંજલિ અપાઈ ત્યાર બાદ કૉંગ્રેસના સભ્યો ઊભા થઈ ગયા હતા અને ઑપરેશન સિંદૂર પર ચર્ચા કરવાની માગમી કરી હતી. સ્પીકર ઓમપ્રકાશ બિરલાએ કહ્યું હતું કે હું પ્રશ્ન કાળ પછી સભ્યોને ઑપરેશન સિંદૂર સહિતના મુદ્દા ઉઠાવવા દઈશ. સરકાર દરેક બાબત પર જવાબ આપવા તૈયાર છે. (એજન્સી)

# બીસીસીઆઈ અને બાયજુના સ્થાપકની અરજી કોર્ટે ફગાવી

નવી દિલ્હીઃ કંપની વિરુદ્ધની નાદારીની કાર્યવાહી પાછી ખેંચી લેવાની માગણી કરતી કંપની (બાયજુ)ના સહસ્થાપક રિજુ રવિન્દ્રન અને બીસીસીઆઈની અપીલને નકારતા નેશનલ કંપની લૉ અપેલેટ ટ્રિબ્યુનલ (એનસીએલએટી)ના આદેશને સુપ્રીમ કોર્ટે સોમવારે માન્ય રાખ્યો હતો.

ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને આર. મહાદેવનની બનેલી ખંડપીઠે ૧૭ એપ્રિલે એનસીએલએટીએ આપેલા આદેશને પડકારતી બીસીસીઆઈ અને આર. રવિન્દ્રનની અપીલ નકારી કાઢી હતી. ન્યાયાધીશ રાકેશકુમાર જૈન અને જતિન્દ્રનાથ સ્વેઈનની બનેલી એનસીએલએટીની બે સભ્યની ચેન્નઈ ખંડપીઠે એનસીએલએટીના આદેશને મંજૂરી આપી હતી અને કહ્યું હતું કે સીઓસીની રચના બાદ સમાધાનનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હોવાને કારણે ઈન્સોલ્વન્સી ઍન્ડ બેન્કરપ્સી કોડની કલમ ૧૨એની જોગવાઈ અંતર્ગત ધિરાણકર્તા સંસ્થાની મંજૂરી મેળવવી જરૂરી બને છે. (એજન્સી)

# માર્કેટિંગ કૌભાંડ કેસઃ સુપ્રીમે અભિનેતા શ્રેયસ તલપડેની ધરપકડ સામે સ્ટે

નવી દિલ્હીઃ સોસાયટીના વિશ્વાસ ભંગ અને છેતરપિંડી સંબંધિત કેસને મામલે સુપ્રીમ કોર્ટે સોમવારે અભિનેતા શ્રેયસ તલપડેની ધરપકડ સામે સ્ટે આપ્યો હતો. ન્યાયાધીશ બી. વી. નાગરત્ન અને કે. વી. વિશ્વનાથનની બનેલી ખંડપીઠે અભિનેતા શ્રેયસ તલપડેની અરજીને મામલે હરિયાણા પોલીસ અને અન્યોને નોટિસ પાઠવી હતી. સોનિપતના નિવાસી ૩૭ વર્ષના વિપુલ અંટિલની ફરિયાદને પગલે અભિનેતા અને બ્રાન્ડ એમ્બેસેડર તલપડે તેમ જ આલોકનાથ સહિત ૧૩ જણને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. વિપુલે આક્ષેપ કર્યો હતો કે આ અભિનેતાઓએ હ્યુમન વેલ્ફેર ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લિ. માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કામ કર્યું હતું અને કૌભાંડનો ભોગ બનેલા લોકો આ બંને સેલિબ્રિટીને કારણે રોકાણ કરવા લલચાયા હતા.

# ઉત્તર પ્રદેશમાં વધુ ગેરકાયદે ધર્માંતરણ રેકેટે ઝડપાયું, અલીગઢથી ૯૭ યુવતીઓ ગાયબ

અલીગઢ : ઉત્તર પ્રદેશમાં એક પછી એક પ્રકાશમાં આવી રહેલા ગેરકાયદે ધર્માંતરણ રેકેટે યોગી સરકારની મુશ્કેલી વધારી દીધી છે. જેમાં બલરામપુર, આગ્રા અને હવે અલીગઢથી ગેરકાયદે ધર્માંતરણ રેકેટ પ્રકાશમાં આવ્યું છે. જેમાં છાંગુર બાબાના રેકેટ બાદ આગ્રામાં ગેરકાયદે ધર્માંતરણનું રેકેટ મળી આવ્યું હતું. જેના તાર અલીગઢ સુધી ફેલાયેલા છે. આ કેસમાં ઉમર ગૌતમ નેટવર્ક ચલાવતો હતો. મળતી માહિતી મુજબ ૯૭ યુવતીઓ ગાયબ છે.

જોકે, અલીગઢમાં પ્રકાશના આવેલા આ ગેરકાયદે ધર્માંતરણ રેકેટેથી લોકોમાં ગભરાટ ફેલાયો છે. તેમજ પોલીસ અને ગુપ્તચર એજન્સીના આ કેસની તપાસમાં જોતરાઈ છે. મળતી માહિતી મુજબ આ રેકેટમાં ૯૭ થી વધુ યુવતીઓને ફસાવવામાં આવી છે. જે હાલ ગાયબ છે. આ કેસની ગંભીરતાથી લેતા પોલીસે આ રેકેટ સાથે સંકળાયેલા લોકોને પકડવાની તજવીજ પણ હાથ ધરી છે. તેમજ આ કેસમાં ઉત્તર પ્રદેશ પોલીસની વિશેષ ટીમ પણ જોડાઈ છે.

આ ગેરકાયદે ધર્માંતરણ રેકેટેની ખુલાસો આગ્રાથી ઉમર ગૌતમની ધરપકડ બાદ કરવામાં આવ્યો છે. તેમજ તપાસમાં ખબર પડી હતી કે ઉમર ગૌતમ અલીગઢમાં પણ ગેરકાયદે ધર્માંતરણનું નેટવર્ક ફેલાવી રહ્યો હતો. જેમાં અલીગઢમાં વર્ષ ૨૦૨૫ માં સદર પોલીસ મથકમાં બે સગી બહેન ગાયબ થવાની ફરિયાદ નોંધાઈ હતી. જેમની ઉંમર અનુક્રમે ૧૮ અને ૩૩ વર્ષની હતી.

જેમાં તપાસ દરમિયાન પોલીસને સોશિયલ મીડિયા પર એક યુવતીની તસવીર જોવા મળી હતી. જેમાં યુવતી એકે-૪૭ સાથે જોવા મળી હતી. આ તસવીરની તપાસ બાદ નવો વળાંક આવ્યો હતો. તેના થકી ગેરકાયદે

ધર્માંતરણના નેટવર્કનો પર્દાફાશ થયો હતો. જેમાં આ બંને બહેનોનું જબરજસ્તી ધર્માંતરણ કરાવવામાં આવ્યું હતું.

તેમજ તેમને કોલકાતાના એક મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારમાં સંતાડવામાં આવી હતી.

પોલીસ તપાસમાં એ પણ જાણવા મળ્યું હતું કે આ ગેંગ સોશિયલ મીડિયા, ડાર્ક વેબ અને અલગ અલગ મોબાઈલ એપની મદદથી યુવતીઓએ નિશાન બનાવતા હતા. આ ગેંગના સભ્યો પહેલા યુવતીને પ્રેમજાળમાં ફસાવતા હતા અને પછી તેમનું બ્રેઈન વોશ કરતા હતા. તેની બાદ ધર્મ પરિવર્તન કરાવતા હતા. આ ગેંગ એટલી ગુપ્ત રીતે કામ કરતી હતી કે પોલીસ પણ આ સમગ્ર નેટવર્કથી અજાણ હતી.

# ‘મુંબઈ સમાચાર’ નોટઆઉટ ૨૦૦: રાજકોટમાં ડોક્યુમેન્ટરીનું સ્ક્રિનિંગ

## મુંબઈ સમાચારે શહેરના સેવાભાવીઓનું કર્યુ સન્માન




(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ૨૦૪ વર્ષથી અવિરત પ્રકાશિત થઈ રહેલા ગુજરાતી અખબાર ’મુંબઈ સમાચાર’ની ડોક્યુમેન્ટરી કાન ફિલ્મ ફેસ્ટિવલમાં પણ દર્શાવવામાં આવી હતી. આ ડોક્યુમેન્ટરીના પ્રોમોનું અનાવરણ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યુ હતું અને ડોક્યુમેન્ટરીનું અનાવરણ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કર્યું હતું. એશિયાના સૌથી જૂના અખબારના જાજરમાન ઈતિહાસની સફરની આ ડોક્યુમેન્ટરીનું સ્ક્રિનિંગ રાજકોટ ખાતે શનિવારે રાત્રે યોજવામાં આવ્યું હતું, જેનો લાભ પ્રતિષ્ઠિત અને પ્રબુદ્ધ નાગરિકોએ લીધો હતો.

વિશ્વવિખ્યાત હાસ્ય કલાકાર અને લોકસાહિત્યકાર સાંઈરામ દવે, હાસ્ય કલાકાર ગુણવંત ચુડાસમા, તરુણ કાટબામણા, હિરેન ત્રિવેદી, કાર્ટૂનિસ્ટ હેમંત વીરડા, હર્ષલ માંકડ, ઉપરાંત કેમેસ્ટર એસોસિયેશન અને ફાર્મસી કાઉન્સિલના અગ્રણી સત્યેન પટેલ, મોહિત બુચની હાજરીથી કાર્યક્રમ દીપી ઉઠ્યો હતો.

આ કાર્યક્રમમાં સર્વપક્ષીય બેઠક હોય તેવું વાતાવરણ સર્જાયું હતું. ભારતીય જનતા પક્ષ (ભાજપ)ના શહેર પ્રમુખ માધવ દવે, રાજકોટ કોર્પોરેશનના મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર, કોર્પોરેશનના દંડક મનીષ રાડીયા, પૂર્વ શહેર પ્રમુખ ભાજપ મુકેશ દોશી, સૌરાષ્ટ્રના પ્રવક્તા રાજુ ધ્રુવ, શહેર ભાજપના કારોબારી મેમ્બર, આમ આદમી પાર્ટી સૌરાષ્ટ્રના પ્રવક્તા શિવલાલ બારસિયા, આપ (આમ આદમી પાર્ટી)ના શહેર પ્રમુખ દિનેશ જોષી, શહેર કોંગ્રેસ પ્રમુખ ડોક્ટર રાજદીપસિંહ જાડેજા, પૂર્વ પ્રમુખ અતુલ રાજાણી, કોંગ્રેસી અગ્રણી જશવંત સિંહ ભટ્ટી સંજય લાખાણી, કૃષ્ણદત્ત રાવલ,એડવોકેટ અનિલ દેસાઈ, એડવોકેટ મહર્ષિ પંડ્યા, અરવિંદ મણિયાર જન કલ્યાણ ટ્રસ્ટના ચેરમેન કલ્પક મણિયાર, મહિલા અગ્રણી કાશ્મીરાબેન નથવાણી, સેવાભાવી સંસ્થા અરહમ ગ્રુપ પણ હાજર રહ્યા હતા.

સામાજિક આગેવાનો અજયભાઈ જોષી, અલકાબેન વોરા, મોટિવેશનલ સ્પીકર ભરત દુદકીયા, ફુલછાબના પુર્વ તંત્રી કૌશિક મહેતા, હેડલાઇનના તંત્રી જગદીશ મહેતા, હેડલાઈનના સંચાલક પાઠકજી, બ્રહ્મ સમાજ અગ્રણી સુધીર મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્રના બ્યુરો ચીફ મિલન ત્રિવેદીએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને મુંબઈ સમાચારના બાહોશ તંત્રી નીલેશ દવેએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ દીપ પ્રાગટ્યથી શરૂ થઈ અને મુંબઈ સમાચાર પરિવારમાં તાજેતરમાં જોડાયેલા જૈન અગ્રણી મિલન કોઠારીએ આભાર દર્શન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તેજસ સિસાંગિયાએ સુંદર રીતે કર્યું હતું. આગામી દિવસોમાં સૌરાષ્ટ્રના જુદા જુદા મુખ્ય શહેરોમાં મુંબઈ સમાચારનો ઇતિહાસ દર્શાવતી ફિલ્મનું સ્ક્રિનિંગ કરવામાં આવશે.

પોતપોતાના ક્ષેત્રમાં આગવી ભૂમિકા ભજવી સમાજને વિશેષ યોગદાન આપી રહેલા સેવાભાવીઓનું રાજકોટ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ટ્રોફી, સર્ટિફિકેટ અને મુંબઈ સમાચાર પ્રિન્ટવાળી ઘડિયાળથી સન્માન કરવામાં આવ્યું હતું અને તેમની યાદી આ પ્રમાણે છે.

(૧) રાજદીપસિંહ જાડેજા
(૨) તીર્થરાજસિંહ ગોહિલ
(૩) જયેશભાઇ ઉપાધ્યાય
(૪) કલ્પકભાઈ મણિયાર
(૫) મયુરસિંહ જાડેજા
(૬) હિરેનભાઈ ઘેલાણી
(૭) ડો. વસાવડા પરિવાર
(૮) વિજય વાંક
(૯) જયેશ શાહ સોનમ
(૧૦) અર્હમ ગ્રુપ
(૧૧) સ્વ. વિજય રૂપાણી

# સાબર ડેરી વિવાદ વચ્ચે આજે જીસીએમએમએફની ચૂંટણી યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના વર્તમાન ચેરમેન અને વાઈસ ચેરમેનનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો હોવાથી આજે મંગળવારે ચૂંટણી યોજાશે. હાલમાં ચેરમેન તરીકે સાબર ડેરીના શામળ પટેલ અને વાઈસ ચેરમેન તરીકે વલમજી હુંબલનો અઢી વર્ષનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો છે. જીસીએમએમએફ-અમૂલમાં ચેરમેન અને વાઇસ ચેરમેનના પદ માટે ઇલેકશનના બદલે સિલેકશનની પરંપરા ચાલતી આવી છે.

જીસીએમએમએફના ચેરમેન અને વાઈસ ચેરમેનની ૨૨ જુલાઈને મંગળવારના રોજ ૧૧ વાગ્ય મતદાન યોજાશે. જેમાં રાજ્યના ૧૮ દૂધ સંઘોના ચેરમેન મતદાન કરશે. સાબર ડેરીના ચેરમેન શામળ પટેલ, કચ્છની સરહદ ડેરીના ચેરમેન વલમજી હુંબલ, આણંદની અમૂલ ડેરીના ચેરમેન વિપુલ પટેલ, બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરી, મહેસાણાની દૂધસાગર ડેરીના ચેરમેન અશોક ચૌધરી, સુરતની સુમુલ ડેરીના ચેરમેન માનસિંહ પટેલ, વલસાડની વસુધા ડેરીના ચેરમેન ગમન પટેલ, વડોદરાની બરોડા ડેરીના ચેરમેન દિનેશ પટેલ, ગોધરાની પંચામૃત ડેરીના ચેરમેન જેઠા ભરવાડમાં મતદાન કરશે. આ ઉપરાંત આબાદ ડેરીના ચેરમેન મોહન ભરવાડ, ગાંધીનગર મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, રાજકોટની ગોપાલ ડેરીના ચેરમેન ગોરધન ધામેલિયા, ભરૂચની દૂધધારા ડેરીના ચેરમેન ઘનશ્યામ પટેલ, સુરેન્દ્રનગરની સુરસાગર ડેરીના ચેરમેન નરેશ મારૂ, અમરેલીની અમર ડેરીના ચેરમેન અશ્વિન સાવલિયા, ભાવનગરની સર્વોત્તમ ડેરીના ચેરમેન મહેન્દ્ર પનોત, જૂનાગઢની સોરઠ ડેરીના ચેરમેન દિનેશ ખટારિયા અને પોરબંદરની સુદામા ડેરીના ચેરમેન આકાશ રાજશાખ પણ મતદાન કરશે. ■

# ગુજરાતની કેસર કેરીએ આંતરરાષ્ટ્રીય બજારોમાં ધૂમ મચાવી, ૮૫૬ મેટ્રિક ટનથી વધુની નિકાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતની કેસર કેરીની માંગ માત્ર દેશમાં જ નહીં વિદેશમાં પણ ખૂબ છે. અનોખી સુગંધ અને સ્વાદ માટે જાણીતી કેસર કેરી આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ધૂમ મચાવી રહી છે. છેલ્લા કેટલાંક વર્ષોમાં ગુજરાતે કેરીની નિકાસમાં નવાં કીર્તિમાનો સ્થાપ્યાં છે.

ગુજરાતના કેરી ઉત્પાદક ખેડૂતો દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ ૮૫૬ મેટ્રિક ટનથી વધુ કેરીની નિકાસ કરવામાં આવી છે. એટલું જ નહીં, વર્ષ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૪-૨૫ સુધીના ગત પાંચ વર્ષના ગાળામાં રાજ્યમાંથી કુલ ૩,૦૦૦ મેટ્રિક ટનથી વધુ કેરીની અમેરિકા અને દક્ષિણ આફ્રિકા સહિતના વિવિધ દેશોમાં નિકાસ કરવામાં આવી છે. જેના પરથી અંદાજ લગાવી શકાય કે, ગુજરાતની કેરીની વૈશ્વિક સ્તરે બોલબાલા અને માંગ સતત વધી રહી છે.આ સંદર્ભે કૃષિ પ્રધાન રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની કેસર કેરીની લોકચાહના સતત વધી રહી છે. જેના પરિણામ સ્વરૂપે આજે ગુજરાતમાં બાગાયતી ફળ-ફૂલ પાકના કુલ ૪.૭૧ લાખ હેક્ટરથી વધુ વાવેતર વિસ્તાર પૈકી ૧.૭૭ લાખ હેક્ટરથી વધુ વિસ્તાર એટલે કે, ૩૭ ટકા વિસ્તારમાં માત્ર કેરીની ખેતી કરવામાં આવી રહી છે. રાજ્યમાં અનુકૂળ આબોહવા અને જમીનની વિવિધતાના પરિણામે કેસર કેરી ઉપરાંત હાફૂસ, રાજાપુરી, તોતાપુરી અને સોનપરી જેવી વિવિધ કેરીની જાતો ઉગાડવામાં આવે છે.

કૃષિ પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં કેરી માટેના આંબાનું સૌથી વધુ વાવેતર વલસાડ, નવસારી, ગીર-સોમનાથ, કચ્છ અને સુરત જિલ્લામાં થાય છે. વર્ષ ૨૦૨૪-૨૫ ગુજરાતના વલસાડ જિલ્લામાં સૌથી વધુ ૩૮,૦૦ હેક્ટર,નવસારી જિલ્લામાં ૩૪,૮૦૦ ગીર સોમનાથ જિલ્લામાં ૧૮,૪૦૦ કચ્છ જિલ્લામાં ૧૨,૦૦૦ તેમજ સુરત જિલ્લામાં ૧૦,૨૦૦ વધુ વિસ્તારમાં કેરીનું વાવેતર કરવામાં આવ્યું હતું. ગુજરાતની તાલાલાની કેસર કેરી સમગ્ર વિશ્વમાં સૌથી વધુ પ્રખ્યાત છે, જેની ગુણવત્તાના કારણે કેસર કેરીને જીઆઈ ટેગ એટલે કે, જીઓગ્રાફિકલ ઇન્ડિકેશન ટેગ પણ પ્રાપ્ત થયો છે. ગીર ઉપરાંત, કચ્છમાં પણ કેસર કેરીની ખેતીનું પ્રમાણ વધ્યું છે.

અમદાવાદ નજીક બાવળા ખાતે રાજ્ય સરકારે સ્થાપેલી ગુજરાત એગ્રો રેડિયેશન પ્રોસેસિંગ ફેસિલિટી યુનિટ દ્વારા આ વર્ષે આશરે ૨૨૪ મેટ્રિક ટન કેસર કેરીનું ઇરેડિયેશન કરીને તેની વિદેશમાં નિકાસ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ કેરી જેવાં ફળોની નિકાસ કરવા માટે ગુજરાતના ખેડૂતોએ મુંબઈ જઈ ફળોનું ગામા ઇ-રેડિયેશન કરાવવું પડતું હતું. જેના પરિણામે ફળોનો બગાડ અને પરિવહન ખર્ચમાં વધારો થતો હતો. બાવળા સ્થિત આ ગામા રેડિયેશન યુનિટ ગુજરાતનું સૌપ્રથમ અને દેશનું ચોથું યુએસડીએ-એપીએચઆઈએસ સર્ટિફાઇડ ઈ-રેડિયેશન યુનિટ છે. છેલ્લા પાંચ વર્ષમાં આ યુનિટ ખાતેથી આશરે ૮૦૫ મેટ્રિક ટન કેરીનું ઈરેડિયેશન કરીને તેની નિકાસ કરવામાં આવી હતી. ■

# ભાજપે માતરના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ સોલંકીને સસ્પેન્ડ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાજપ દ્વારા કેસરીસિંહને બહારનો રસ્તો બતાડવામાં આવ્યો હતો. માતરના પૂર્વ ધારાસભ્ય સામે પક્ષે પગલાં લઈને તમામ પદ પરથી સસ્પેન્ડ કર્યા હતા. જેને લઈ ખેડા ભાજપમાં સોંપો પડી ગયો હતો. ભારતીય જનતા પાર્ટી ખેડા જિલ્લાએ આજે પરિપત્ર જાહેર કર્યો હતો. કેસરીસિંહ સોલંકીએ અગાઉ વર્ષ ૨૦૧૨થી ૨૦૨૨ બે ટર્મ સુધી ધારાસભ્ય તરીકે ચૂંટાયા આવ્યા હતા. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં કેસરીસિંહ સોલંકીને ભાજપ તરફથી ટિકિટ ન મળતાં તેઓ ભાજપ છોડીને આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. જોકે,આપમાં જોડાયાના ગણતરીના કલાકોમાં જ તેઓ ફરીથી ભાજપમાં પાછા ફર્યા હતા. આ પક્ષપલટાને કારણે પણ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા થઈ હતી.

તાજેતરમાં પણ કેસરીસિંહ સોલંકી વિવાદમાં આવ્યા હતા. જુલાઈ ૨૦૨૫માં કેસરીસિંહ સોલંકીએ લીંબાસીમાં ચાલી રહેલા દારૂના અડ્ડાઓ પર રેડ પાડી હતી અને ત્યાંથી વિદેશી દારૂની બોટલો ઝડપી હતી. તેમણે લીંબાસી પોલીસને ફોન કરીને ઘટના સ્થળે બોલાવી હતી અને મહિલા પીએસઆઈને દારૂ મુદ્દે યોગ્ય કાર્યવાહી કરવા જણાવ્યું હતું. તેમણે પોલીસ પર સોશ્યલ મીડિયામાં પોસ્ટ મૂકી હોવા છતાં કોઈ જવાબ ન આપવાનો પણ આક્ષેપ કર્યો હતો. કેસરીસિંહ સોલંકીએ ખેડા જિલ્લાના ઇન્ચાર્જ પોલીસ વડા (તત્કાલીન) અર્પિતા પટેલ પર બુટલેગરો પાસેથી હપ્તા વસૂલ કરવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો. ■

# ગાંધીનગર નજીક નર્મદા મુખ્ય નહેરના બે મહત્ત્વપૂર્ણ બ્રિજ પર વાહનવ્યવહાર માટે પ્રતિબંધ મુકાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગર નજીક નર્મદા મુખ્ય નહેરના બે મહત્ત્વપૂર્ણ બ્રિજ પર વાહનવ્યવહાર પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. આ નિર્ણય બ્રિજની જાળવણી અને સલામતીને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. આ પ્રતિબંધ ૨૭ જુલાઈ, ૨૦૨૫ થી ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

ગાંધીનગર હેઠળની ઘોડાસર બ્રાંચ કેનાલ પરથી પસાર થતો બહીયલ-અમૃજીને જોડતો ગ્રામ્ય રોડ અને નર્મદા કેનાલની અમદાવાદ હસ્તકની વહેલાલ શાખા નહેર પરથી પસાર થતો હરસોલીમાં આવેલો કડાદરા-નાની મોરાલીને જોડતો ગ્રામ્ય રોડ એમ બંને બ્રિજને બંધ કરવામાં આવ્યા છે.

આ બંને બ્રિજ જર્જરિત હાલતમાં હોવાનું સાઇટ ઇન્સ્પેક્શન અને બ્રિજ ઇન્સ્પેક્શન કન્સલ્ટન્સીના રિપોર્ટમાં જાણવા મળ્યું છે. પરિણામે, કોઈ પણ દુર્ઘટનાને ટાળવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લા મેજિસ્ટ્રેટ એન.આર. શર્માએ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને આ જાહેરનામું બહાર પાડ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે જાહેર જનતાની સલામતી અને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે આ નિર્ણય લેવો જરૂરી હતો. આ પ્રતિબંધિત રૂટ પર વૈકલ્પિક માર્ગો ઉપલબ્ધ કરવામાં આવ્યા છે, જેનો ઉપયોગ વાહનચાલકો કરી શકે છે. આ નિર્ણયથી સ્થાનિક લોકોને હાલાકી ન પડે તે માટે વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા કરવામાં આવી છે. ■

# ૧૯ કરોડની ઉચાપતના કેસમાં સહકારી મંડળીના પ્રમુખ અલ્પેશ દોંગાની જામીન અરજી કોર્ટે ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં શ્રી મની પ્લસ શરાફી સહકારી મંડળીના બહાને ડિપોઝિટરોના રૂ.૧૯ કરોડની ઉચાપતના ગુનામાં પકડાયેલા પ્રમુખ અલ્પેશ ગોપાલભાઈ દોંગાની ચાર્જશીટ બાદની જામીન અરજી ખાસ અદાલત દ્વારા ફગાવી દેવામાં આવી હતી. અલ્પેશ દોંગા અને તેના સાગરીત નિલેષ ચંદુભાઈ લીંબાસીયાએ મની પ્લસ શરાફી સહકારી મંડળીની વર્ષ ૨૦૧૨માં સ્થાપના કરવા માટે ૯ લોકોની જાણ બહાર તેમને કારોબારી સભ્યો દર્શાવી કરોડો રૂપિયાની થાપણ મેળવી ઉચાપત કરી હતી. આ કેસમાં પ્રમુખ અને મેનેજરની પોલીસ તપાસ બાદની જામીન અરજી કોર્ટ દ્વારા રદ કરવામાં આવી હતી. આ કેસની વિગત એવી છે કે, અલ્પેશ દોંગા અને નિલેષ લીંબાસીયાએ મની પ્લસ શરાફી સહકારી મંડળી રજિસ્ટર કરાવી પોતાના સબંધીઓ અને મિત્રો પાસેથી શરૂઆતમાં રૂપિયા ૧૧ કરોડ માસિક ૧ ટકાના વ્યાજ દરે થાપણો મેળવી હતી. ત્યારબાદ સમય જતા કુલ ૭૨ થાપણદાર પાસેથી ૧૯ કરોડ રૂપિયાની થાપણો મેળવી હતી. સમય જતા વ્યાજવાળી થાપણો મુજબની રકમ થાપણદારોને પરત આપવા માટે આવકનું કોઈ જ માધ્યમ ન હોવાથી થાપણદારોને વ્યાજ આપવાનું બંધ કરવા લાગ્યા હતાં. આ રકમો સહકારી મંડળીના નામે ખેડૂતોને ઊંચા વ્યાજના દરે ધીરેલા અને બદલામાં તેમની જમીનોના દસ્તાવેજ કરાવી લેવામાં આવ્યા હતા.

કાયદાની જોગવાઈ મુજબ, આ વ્યવહારો જી.પી.આઈ.ડી. કાયદા હેઠળ તથા મની લેન્ડર્સ એકટ હેઠળના ગુનાઓ બનતા હોવાથી અલ્પેશ દોંગા, નિલેશ લીંબાસીયા અને મનસુખ કરમણભાઈ ગરસોડીયા વિરુદ્ધ ગુન્હો નોંધવામાં આવ્યો હતો. મનસુખ ગરસોડીયા નાસતા ફરતા હોવાથી તેમની ધરપકડ થઈ શકી નહોતી, પરંતુ અલ્પેશ દોંગા બીજા જ દિવસે પકડાઈ જતા તેના વિરુદ્ધ પોલીસ તપાસના અંતે ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. આરોપી તરફે અલ્પેશ દોંગાની રજૂઆત કરવામાં આવી હતી કે, તેમની સામેનો આ સમગ્ર કેસ દસ્તાવેજી પુરાવા ઉપર આધારિત છે. સુપ્રીમ કોર્ટના ઠરાવ્યા પ્રમાણે દસ્તાવેજી પુરાવા ઉપર આધારિત કેસમાં આરોપીને જામીન મુકત કરવા જરૂરી છે. ચાર્જશીટ બાદની જામીન અરજીમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ એસ. કે. વોરાએ રજૂઆત કરતા જણાવ્યું હતું કે, હાલનો કેસ દસ્તાવેજી પુરાવા ઉપર આધારિત કહીં શકાય નહીં. કારણ કે વિશ્વાસઘાત, છેતરપિંડી અને નાણાકીય ઉચાપતનો કેસ દસ્તાવેજ ન બનાવવામાં આવ્યો હોય તો પણ સાબિત થતો હોય છે.

આ કેસમાં પ્રમુખ અલ્પેશ દોંગાએ કાયદા મુજબની કોઈ મંજૂરી મેળવ્યા વિના નાણાંનું ધીરાણ કર્યું છે તથા ૯ વ્યક્તિની ખોટી સહીઓ કરી સહકારી મંડળી રજિસ્ટર કરાવી છે. આ ઉપરાંત ૧૯ કરોડ જેવી માતબર રકમ થાપણદારોને પરત ચુકવવા ઈરાદાપૂર્વક ગફલત કરી પોતાને ગેરકાનૂની રીતે સમૃદ્ધ બનાવેલ છે. આરોપી અલ્પેશ દોંગાએ જાણી જોઈને, સમજી-વિચારી ગુનો આચર્યો છે. પોલીસ તપાસના અંતે અલ્પેશ દોંગા કે નિલેશ લીંબાસીયા પાસેથી કોઈપણ રકમ રીકવર થયેલ નથી, તેથી આરોપી અલ્પેશ દોંગાને જામીન ઉપર મુકત કરાવાથી થાપણદારોની કોઈ રકમ વસૂલ થવા પાત્ર રહેશે નહીં. ફોર્જરી જેવા ગંભીર ગુનામાં આજીવન કેદ સુધીની સજાની જોગવાઈ હોવાથી આ આરોપીને જામીન મુક્ત કરવાથી ફરાર થઈ જાય તેવી ચોક્કસ પ્રકારે શક્યતા જણાઈ આવે છે. આ તમામ રજૂઆતોના અંતે જી.પી.આઈ.ડી. કાયદા હેઠળની ખાસ અદાલતના જજ જે.આર.શાહ દ્વારા આરોપી અલ્પેશ ગોપાલભાઈ દોંગાની ચાર્જશીટ બાદની જામીન અરજી રદ કરી હતી. ■

# નેશનલ મેડિકલ કમિશનનો સપાટો, ગુજરાતમાં ૨૫૦ મેડિકલ બેઠકો ઘટાડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નેશનલ મેડિકલ કમિશન (એનએમસી) એ ગુજરાતની વિવિધ સંસ્થાઓમાં ૨૫૦ મેડિકલ કોલેજની બેઠકોમાં કાપ મૂકવાની જાહેરાત કરી હતી. એનએમસીનું આ પગલું દેશવ્યાપી ૬,૦૦૦ થી વધુ બેઠકોમાં કાપ મૂકવાનો એક ભાગ છે, જે લગભગ ૭૫૦ કોલેજોને અસર કરશે. તાજેતરમાં વિવિધ રાજ્યોમાં હાથ ધરવામાં આવેલા વ્યાપક નિરીક્ષણો પછી એનએમસી દ્વારા આ પગલું લેવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં મેડિકલ સીટોની કુલ સંખ્યા પહેલા ૬,૯૦૦ હતી, હવે તેમાં ૨૫૦નો ઘટાડો કરવામાં આવતા વિદ્યાર્થીઓના મેડિકલ પ્રવેશમાં પણ ઘટાડો થશે. કલોલ સ્થિત સ્વામિનારાયણ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ એન્ડ રિસર્ચમાં વ્યાપક ગેરરીતિઓ અને મોટા પ્રમાણમાં અનિયમિતતાઓ જોવા મળી હોવાથી તેની સામે આકરી કાર્યવાહી કરવામાં આવી હતી. જેથી આ સંસ્થાએ તેની બધી મેડિકલ સીટો ગુમાવવી પડી છે. આ ઉપરાંત, અમરેલી મેડિકલ કોલેજની બેઠકો ૨૦૦ થી ઘટાડીને ૧૫૦ કરવામાં આવી હતી અને ડો. કિરણ સી. પટેલ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, સુરતની બેઠકો ૫૦ ઘટાડીને ૧૫૦ કરાઈ હતી. એનએમસીએ કેટલીક સામાન્ય ખામીઓનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં ફેકલ્ટીનો અભાવ, અપૂરતી માળખાકીય સુવિધાઓ, ખોટી માહિતી સબમિટ કરવી અને અપૂરતી હોસ્પિટલ સુવિધાઓનો સમાવેશ થાય છે. ■

# રાજ્યમાં ૨૭ જુલાઈ સુધી હળવાથી ભારે વરસાદની આગાહી વચ્ચે ૧૧૪ તાલુકામાં મેઘમેહર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ વરસી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૨૭ જુલાઈ સુધી હળવાથી ભારે વરસાદની આગાહી કરી હતી. આગામી ૪ દિવસ એટલે કે પચીસ જુલાઈ સુધી રાજ્યભરમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદી માહોલ રહેશે. જ્યારે ૨૬-૨૭ જુલાઈના રોજ ૧૫ થી વધુ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યુ હતું.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા પ્રમાણે, સવારે ૬ થી સાંજે ૬ કલાક સુધીમાં રાજ્યમાં ૧૧૪ તાલુકામાં મેઘમહેર થઈ હતી. ખેડાના કપડવંજમાં સૌથી ૪.૭૬ ઇંચ વરસાદ વરસ્યો હતો. તળાજામાં ૨.૯૫ ઇંચ, તલોદમાં ૨.૬૮ ઇંચ, વિસનગરમાં ૧.૯૩ ઇંચ, બાલાસિનોરમાં ૧.૩૦ ઇંચ, ઘોઘામાં ૧.૨૬ ઇંચ વરસાદ વરસ્યો હતો.

રાજ્યમાં એક તાલુકામાં ચાર ઇંચથી વધારે, બે તાલુકામાં બે ઇંચથી વધારે, નવ તાલુકામાં એક ઇંચથી વધારે અને ૧૦૨ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ વરસ્યો હતો.

ગુજરાતમાં અત્યાર સુધીમાં ચાલુ વર્ષે મોસમનો કુલ સરેરાશ વરસાદ ૫૩.૩૯ ટકા નોંધાયો છે. જેમાં સૌથી વધુ કચ્છ રિઝિયનમાં ૬૩.૩૫ ટકા ત્યારબાદ દક્ષિણ ગુજરાત રિઝિયનમાં ૫૬.૩૨ ટકા, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં ૫૨ ટકાથી વધુ અને પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૫૦.૦૬ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.

ચોમાસાની કોઇપણ સંભવિત કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે આગોતરા આયોજનના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા એનડીઆરએફની ૧૨ ટુકડીઓ અને એસડીઆરએફની ૨૦ ટુકડીઓ વિવિધ જિલ્લાઓમાં ડીપ્લોય કરવામાં આવી છે. જ્યારે એનડીઆરએફની વધુ ૩ ટુકડીઓને રિઝર્વ રાખવામાં આવી છે. આ ઉપરાંત એસડીઆરએફની ૨૦ ટીમ સિવાય ૧૩ ટીમને હેડ ક્વાર્ટર ખાતે રિઝર્વ મૂકવામાં આવી છે. ■

# સુરતમાંના મસમોટા ખાડા બન્યા છે મુસીબત: એક કિ.મી. લાંબો જેમ, એમ્બ્યુલન્સ અટવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં પડેલા સારા વરસાદના કારણે અનેક શહેરોના રોડ રસ્તા પર ખાડા પડી ગયા છે. ખાડાના કારણે અકસ્માતની સંખ્યા પણ વધી છે અને શારીરિક તકલીફોમાં પણ વધારો થયો છે. આ દરમિયાન સુરતમાં સહારા દરવાજા ગરનાળામાં સામાન્ય વરસાદમાં પાણી ભરાઈ ગયાં હતાં. ગરનાળામાં પડેલા ખાડા અને વરસાદી પાણીના કારણે એક કિલોમીટરનો ટ્રાફિક જામ સર્જાયો હતો. જેમાં એમ્બ્યુલન્સ પણ અટવાઈ હતી.

મળતી વિગત પ્રમાણે, સુરતમાં વરસાદ બાદ શહેરમાં અનેક જગ્યાએ ખાડા પડી ગયા છે. જેના કારણે વિવિધ વિસ્તારોમાં લાંબો ટ્રાફિકજામ સર્જાઈ રહ્યો છે. આ ઉપરાંત જે જગ્યાએ મેટ્રોનું કામ ચાલે છે ત્યાં હાલત વધુ ખરાબ છે. ખાડા અને પાણી ભરાવાના કારણે વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. આ ઉપરાંત ટ્રાફિકજામના કારણે સ્મીમેર હોસ્પિટલની સામે વાહન ચાલકો રોંગ સાઈડ આવી રહ્યા હતા. ટ્રાફિક જામ હોવાના કારણે વાહનચાલકો રોંગ સાઈડમાં મોટી સંખ્યામાં આવી ગયા હતા. જેના પગલે ગરનાળાની બંને સાઈડથી આવતી ૧૦૮ એમ્બ્યુલન્સોને આ ટ્રાફિકજામમાં અટવાવાનો વારો આવ્યો હતો. જેના પગલે સ્મીમેર હોસ્પિટલની ઇમરજન્સી વિભાગ સામે પણ ૧૦૮ એમ્બ્યુલન્સનો ખડકલો થઈ ગયો હતો.

રાજ્યમાં ચોમાસામાં વરસેલા ભારે વરસાદને કારણે ગુજરાતના અનેક વિસ્તારોના રોડ-રસ્તાઓને વ્યાપક નુકસાન થયું હતું. નાગરિકોને ખરાબ રસ્તાઓના કારણે કોઈ મુશ્કેલી ન પડે તે સુનિશ્ચિત કરવા માટે, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની સૂચના મુજબ માર્ગ અને મકાન વિભાગ દ્વારારસ્તાઓનું સમારકામ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. ■

# રાજ્યના ૧૮૦૦ બ્રિજની ગુણવત્તા તપાસવા ૧૦૦ ટીમ ઉતારાઈ છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ નજીક બનેલી ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ ગુજરાત રાજ્યનો માર્ગ અને મકાન વિભાગ હવે સંપૂર્ણપણે એક્શન મોડમાં આવી ગયો છે. રાજ્યના અંદાજે ૧૮૦૦ જેટલા બ્રિજની ગુણવત્તા અને સુરક્ષાની સઘન ચકાસણી કરવા માટે સરકારે ૧૦૦ જેટલી ટીમોને મેદાનમાં ઉતારી છે. આ ટીમો ચીફ એન્જિનિયરની આગેવાની હેઠળ રાજ્યભરના તમામ બ્રિજનું ઇન્સ્પેક્શન કરી રહી છે. જર્જરિત બ્રિજની સ્થિતિ અને પ્રતિબંધો પ્રાથમિક અહેવાલ મુજબ, રાજ્યમાં હાલ ૧૮૦૦ પૈકી ૧૩૩ બ્રિજની હાલત ખરાબ હોવાનું બહાર આવ્યું છે. આ ૧૩૩ બ્રિજ પર ભારે વાહન વ્યવહાર પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે, જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને. આ ઉપરાંત, આ ૧૩૩ બ્રિજ પૈકી કુલ ૨૦ જેટલા બ્રિજ પર વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે, જે દર્શાવે છે કે આ બ્રિજ અત્યંત જોખમી હાલતમાં છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મુંબઈમાં વરસાદ

## આ વર્ષે જુલાઈમાં પહેલી વખત ૧૦૦ મિ.મી.થી વધુ વરસાદ

## મુંબઈ, થાણે સહિત કોંકણપટ્ટીમાં ઓરેન્જ અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લાંબા સમય બાદ મુંબઈમાં સોમવારે ફરી એક વખત ધોધમાર વરસાદ પડ્યો હતો. વહેલી સવારના ઉપનગરમાં પડેલા ભારે વરસાદને પગલે અનેક નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. રસ્તા પર ઠેર-ઠેર ટ્રાફિક જૅમની સમસ્યા સર્જાઈ હતી. હવામાન વિભાગે આજ સવાર સુધી માટે મુંબઈ, થાણે, રાયગઢ સહિત કોંકણપટ્ટી માટે ઓરેન્જ અલર્ટની ચેતવણી આપી છે. સોમવારે સવારના ૮.૩૦ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં સાંતાક્રુઝમાં ૧૧૪.૬ મિ.મી. વરસાદ નોંધાયો હતો, જે જુલાઈ મહિનામાં પહેલી વખત ત્રણ આંકડામાં નોંધાયો છે.મુંબઈમાં જુલાઈ મહિનો સામાન્ય રીતે અત્યંત ભીનો રહેતો હોય છે પણ જુલાઈ લગભગ પૂરો થવા આવ્યો હોવા છતાં મુંબઈમાં છૂટોછવાયો વરસાદ પડી રહ્યો હોવાને કારણે ગરમી અને ઉકળાટ પણ વધી ગયો હતા. હવામાન વિભાગે પણ મુંબઈ સહિત થાણે

વિસ્તાર માટે આ અઠવાડિયા માટે કોઈ ચેતવણી જાહેર કરી નહોતી, માત્ર રવિવાર માટે ગ્રીન અલર્ટ આપીને છૂટા છવાયા ઝાપટા પડવાની જ ચેતવણી આપી હતી. છતાં સોમવાર વહેલી સવારથી મુંબઈમાં કાળુ ડિબાંગ આકાશ થઈ ગયું હતું અને ઉપનગરમાં ભારે વરસાદ પડ્યો હતો. સોમવારના સવારના લગભગ ૬.૩૦ વાગ્યાથી ૮.૯૦ વાગ્યા સુધીના સમયમાં ઉપનગરના મોટાભાગના વિસ્તારમાં ભારે વરસાદ પડી ગયો હતો. મુશળધાર વરસાદને પગલે હવામાન વિભાગે સવારના ૯.૨૦ વાગે મુંબઈ સહિત થાણે માટે મંગળવાર સવાર સુધીના સમય માટે ઓરેન્જ અલર્ટ જાહેર કરીને ભારેથી અતિભારે વરસાદની ચેતવણી આપી હતી. હવામાન ખાતાના જણાવ્યા મુજબ ઉપનગરમાં સરેરાશ ૧૦૦ મિ.મી. કરતા વધુ વરસાદ પડી ગયો હતો.

વહેલી સવારના મુંબઈગરાના ઓફિસે જવાના સમયે જ ભારે વરસાદ પડવાને કારણે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. વરસાદની અસર લોકલ ટ્રેનોની સાથે જ રસ્તા પરના ટ્રાફિકને પણ થઈ હતી. ઈસ્ટર્ન અને વેસ્ટર્ન એક્સપ્રેસ પર વરસાદને કારણે સવારના સમયમાં ટ્રાફિક જૅમ થઈ ગયો હતો. અંધેરી સબ-વેમાં પણ સવારના ભારે વરસાદને પગલે પાણી ભરાઈ જતા વાહનવ્યવહાર માટે તેને બંધ કરવામાં આવ્યો હતો.

રવિવારે આખો દિવસ મુંબઈમાં હળવા વરસાદના ઝાપટાં રહ્યા હતા પણ મોડી રાતના વરસાદના ભારે ઝાપટા પડી ગયા હતા અને ત્યારબાદ સોમવાર વહેલી સવારથી જોરદાર વરસાદ ચાલુ થઈ ગયો હતો. હવામાન વિભાગના આંકડા મુજબ રવિવાર સવારના ૮.૩૦ વાગ્યાથી સોમવાર સવારના ૮.૩૦ વાગ્યા સુધીમાં સાંતાક્રુઝમાં૧૧૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો. તેની સામે જોકે કોલાબામાં આ સમયગાળામાં માત્ર ૧૧ મિ.મી. વરસાદ નોંધાયો હતો. મુંબઈ મહાનગરપાલિકાના ઓટોમેટિક વેધર સ્ટેશનના ડેટા મુજબ સવારના સમયમાં પશ્ચિમી ઉપનગરમાં સરેરાશ ૫૦ મિ.મી. વરસાદ નોંધાયો હતો અને પૂર્વીય ઉપનગરમાં ૩૬ મિ.મી. વરસાદ નોંધાયો હતો. વરસાદ બપોરે પણ સતત ચાલુ રહેતા હવામાન વિભાગે સોમવારે બપોરના તેની આગાહીમાં સુધારો કરીને મુંબઈ, થાણે અને રાયગઢ જિલ્લામાં ઓરેન્જ અલર્ટ જાહેર કર્યું હતું. ભારેથી અતિ ભારે વરસાદ અને તેજ પવનની શક્યતાને કારણે મુંબઈમાં મંગળવાર સવાર સુધીમાં ઓરેન્જ અલર્ટ રહેશે.

### ઉપનગરમાં વરસાદનું જોર રહ્યું

સોમવારના મોટાભાગના વરસાદ સવારના ૮.૩૦ વાગ્યાથી બપોરના ૨.૩૦ વાગ્યા દરમ્યાનના સમયગાળામાં પડી ગયો હતો, જેમાં ખાસ કરીને પશ્ચિમ ઉપનગરમાં બાન્દ્રા, જુહુ અને સાંતાક્રુઝ જેવા વિસ્તારોમાં ૫૦ મિ.મી.થી વધુ વરસાદ નોંધાયો હતો. બાન્દ્રામાં ૫૮.૦ મિ.મી., રામ મંદિરમાં ૫૩.૫ મિ.મી., દહિસરમાં ૧૬.૫ મિમી., સાયનમાં ૪૮.૦ મિ.મી., વિક્રોલીમાં ૨૯.૦ મિ.મી.ચેંબુર ટાટા પાવર સ્ટેશન વિસ્તારમાં ૪૩.૦ મિ.મી. અને કોલાબામાં ૮.૪ મિ.મી. વરસાદ નોંધાયો હતો. તો સવારના ૮.૩૦ વાગ્યાથી સાંજના ૫.૩૦ વાગ્યા સુધીમાં સાંતાક્રુઝમાં સૌથી વધુ ૮૬.૬ મિ.મી. , જુહુ અરપોર્ટ વિસ્તારમાં ૭૬.૦ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

### ૨૧થી ૨૭ જુલાઈ વરસાદનું જોર રહેશે

હવામાન વિભાગે જણાવ્યું હતું કે દક્ષિણ ઓરિસ્સા અને આસપાસના વિસ્તારમાં અપર ઍર સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે, જે સરેરાશ સમુદ્રની સપાટીથી ૫.૮ કિલોમીટર ઉપર અને દક્ષિણ પૂર્વ તરફ ઝુકેલું છે. તેમ જ ઉત્તર-મધ્ય કર્ણાટકથી દક્ષિણ તરફ એક પૂર્વીય-પશ્ચિમી ટર્ફ ફેલાયેલો છે. એ સિવાય ૨૪ જુલાઈની આસપાસ બંગાળના ઉપસાગર પર સંભવિત લો પ્રેશર સર્જાવાની શક્યતા સહિત બદલાતી વેધર સિસ્ટમને કારણે રાજ્યમાં ૨૧થી ૨૭ જુલાઈ, ૨૦૨૫ સુધી વરસાદનું જોર રહેશે. આ સમય દરમ્યાન ઘાટ વિસ્તાર સહિત કોંકણ (મુંબઈ-થાણે)માં ભારેથી અતિભારે વરસાદ, મરાઠવાડામાં વીજળીના કડાકા સાથે છૂટોછવાયો વરસાદ પડવાની શક્યતા છે. ૨૧થી ૨૫ જુલાઈ, ૨૦૨૫ દરમ્યાન ઉત્તર મહારાષ્ટ્રના દરિયાકાંઠે અને તેની બહારના વિસ્તારમાં ૪૦થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. માછીમારોને આ સમય દરમ્યાન દરિયામાં નહીં જવાની ચેતવણી પણ આપવામાં આવી છે.

# એસી લોકલના કોચમાં લીકેજ

મુંબઈઃ આ વર્ષે મુંબઈમાં વરસાદની વહેલી પધરામણી થઇ હતી, પણ થોડા દિવસોથી વરસાદે વિરામ લીધો હતો.હવે, રવિવારે વરસાદે શરૂ કરેલી ધમાકેદાર બીજી ઇનિંગ્સ સોમવારે પણ ચાલુ રહી હતી. સોમવારે સવારથી શહેરમાં ભારે વરસાદ ચાલુ હતો, જે આ લખાય છે ત્યારે પણ એકધારો ચાલુ છે. ભારે વરસાદ વચ્ચે એક વીડિયો વાયરલ થયો હતો જેમાં એક એસી લોકલ ટ્રેનના કોચમાં વરસાદી પાણી ટપકતું જોવા મળ્યું હતું, જેનાથી મુસાફરો અને નાગરિકોમાં રોષ ફેલાયો હતો.

સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ X પર ઝડપથી વાયરલ થયેલી આ ક્લિપમાં સવારના પીક અવર્સ દરમિયાન મુસાફરોથી ખીચોખીચ ભરેલા કોચમાં છતમાંથી પાણી ટપકવાથી મુસાફરો પરેશાન દેખાઈ રહ્યા હતા. આ વીડિયો 'જય હો' નામના યુઝરે શેર કર્યો હતો, જેમાં કેપ્શન હતુંઃ ''આ મુંબઈની એસી લોકલ છે. વરસાદી પાણી અંદર આવી રહ્યા છે. આ માટે અમે આટલા પૈસા ચૂકવીએ છીએ '' યુઝરે રેલવે મંત્રાલય, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ અને મધ્ય અને પશ્ચિમ રેલવે સહિતના મુખ્ય અધિકારીઓને ટેગ કર્યા હતા.

પોસ્ટનો જવાબ આપતા, રેલવે સેવાએ ફરિયાદ સ્વીકારી અને જરૂરી કાર્યવાહી માટે તેને મધ્ય રેલ્વેના મુંબઈ ડિવિઝનમાં મોકલી દીધી. રેલ વપરાશકર્તાઓ માટેનું એક સત્તાવાર ટ્વિટર એકાઉન્ટ, રેલવે સેવાએ વાયરલ વિડિઓનો જવાબ મુંબઈ ડિવિઝન મધ્ય રેલ્વેના સત્તાવાર X એકાઉન્ટને ટેગ કરીને એક ટિપ્પણી દ્વારા આપ્યો, જેમાં લખ્યું હતું કે, ''જરૂરી કાર્યવાહી સંબંધિત અધિકારીને સોંપવામાં આવી છે.''

આ ઘટનાએ ચોમાસા દરમિયાન મુંબઈની ઉપનગરીય રેલ વ્યવસ્થાની જાળવણી અને તૈયારીઓ પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. આરામદાયક મુસાફરી માટે શરૂ થયેલી એસી લોકલ ટ્રેનોની જાળવણીમાં રહેલી ત્રુટીઓ હવામાન સંબંધિત પરિસ્થિતિઓમાં ઉઘાડી પડી છે અને રેલવે લોકોની ટીકાનો સામનો કરી રહી છે. ■

# છાવા સંગઠનના કાર્યકર્તાની મારપીટ કરનારા યુવા નેતાનું રાજીનામુ લેવાયું

મુંબઈઃ એનસીપીના કાર્યકરો દ્વારા છાવા સંગઠનના કાર્યકરોને માર મારવાની ઘટનાની ગંભીર નોંધ લેતા મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે સોમવારે તેમના પક્ષના યુવા પાંખના વડા સૂરજ ચવ્હાણને તેમના પદ પરથી રાજીનામું આપવા જણાવ્યું હતું.

પ્રધાનનું વર્તન પક્ષના મૂલ્યોની વિરુદ્ધમાં હોવાથી સાંખી નહીં લેવામાં આવે અને એટલે જ આ આકરો નિર્ણય લેવામાં આવ્યો છે એમ ચવ્હાણને મળવા માટે સમન્સ પાઠવનારા પવારે રવિવારે બનેલી આ ઘટનાને નિંદનીય ગણાવી એક નિવેદનમાં જણાવ્યું હતું.અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી)ના કાર્યકરોએ રવિવારે છાવા સંગઠનના કાર્યકરોની મારપીટ કરી હતી કારણ કે તેમણે લાતુરમાં પત્રકાર પરિષદ દરમિયાન મહારાષ્ટ્ર એકમના પ્રમુખ સુનિલ તટકરે સમક્ષ દેખાવો કરી તેમની સામે ગંજીફાનાં પાનાં ફેંક્યાં હતાં.

રાજ્ય વિધાનસભાના તાજેતરમાં પૂર્ણ થયેલા ચોમાસુ સત્ર દરમિયાન રાજ્યના કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટે તેમના મોબાઈલ ફોન પર કથિત રીતે રમી ગેમ રમતા હોવાનો એક વીડિયો વાયરલ થયા બાદ તેમની વિરુદ્ધ છાવા સંગઠનના કાર્યકર્તા વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા.

એનસીપી (એસપી)ના વિધાન સભ્ય રોહિત પવારે કોકાટેની વીડિયો ક્લિપ શેર કર્યા બાદ કોકાટેએ સ્પષ્ટતા કરી હતી કે તેમણે માત્ર એક ગેમ ડાઉનલોડ કરી હતી જે વિધાન પરિષદમાં તેમના મોબાઇલ ફોનની સ્ક્રીન પર ફ્લેશ થયેલી નજરે પડી હતી.

ટેલિવિઝન ચેનલોએ છાવા સંગઠનના નેતા વિજય ઘાટગેને તટકરે સાથે દલીલ કરતા બતાવ્યા હતા અને કોકાટેના રાજીનામાની માગ કરતી વખતે તેમના ટેબલ પર પત્તાનો ગંજીફો ફેંક્યો હતો. થોડા સમય બાદ એનસીપીના કાર્યકરોએ ઘાટગે અને અન્યો પર મારામારી અને લાતમલાતી થયા બાદ પોલીસે દરમિયાનગીરી કરી તેમને અલગ કરી દીધા હતા. (પીટીઆઈ) ■

## કોકાટે વિરુદ્ધ અજિત પવાર પગલાં લેશે

છત્રપતિ સંભાજી નગરઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ - એનસીપીના વરિષ્ઠ નેતા સુનીલ તટકરેએ સોમવારે કહ્યું કે પક્ષના અધ્યક્ષ અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર વિધાનસભાના ચાલુ સત્ર દરમિયાન કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટેના મોબાઇલ ફોન પર ગેમ રમતા વીડિયોની ગંભીર નોંધ લેશે અને તેમની સાથે આ અંગે વાત કરશે. સત્ર દરમિયાન કોકાટે મોબાઇલ ફોન પર રમી રમતા હોવાના એક કથિત વીડિયો સંદર્ભે વિવાદમાં સપડાયા છે. તુળજાપુરમાં એનસીપીના રાજ્ય એકમના પ્રમુખ તટકરેએ જણાવ્યું હતું કે 'ભૂતકાળમાં કૃષિ પ્રધાને જે નિવેદનો આપ્યા હતા તે યોગ્ય ન હતા. પક્ષના અધ્યક્ષ અજિત પવારે આ પહેલા તેમની સાથે નિવેદનો વિશે ચર્ચા કરી હતી. આ વીડિયો મુદ્દે પણ પવાર ગંભીર નોંધ લેશે અને તે મુજબ કોકાટેને સૂચનાઓ આપવામાં આવશે.' (પીટીઆઈ)■

## મોટી લાડકી માછલીને બચાવવા નાની માછલીનું બલિદાનઃ રોહિણી ખડસે

જલગાંવઃ કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટે વિધાનસભામાં મોબાઇલ ફોન પર ગેમ રમતા હોવાનો એક વીડિયો એનસીપી (એસપી) ના ધારાસભ્ય રોહિત પવાર દ્વારા શેર કરવામાં આવ્યો હતો. રવિવારે, અખિલ ભારતીય છાવા સંગઠને લાતુરમાં એનસીપી પ્રદેશ પ્રમુખ સુનીલ તટકરે સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો અને પ્રતીકાત્મક વિરોધ તરીકે સુનીલ તટકરે સામે કાર્ડ ફેંક્યા હતા. આ પછી, એનસીપી પ્રદેશ પ્રમુખ સૂરજ ચવ્હાણે 'છાવા'ના કાર્યકરો સાથે મારપીટ કરી હતી. આ મારપીટનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ, વિપક્ષે એનસીપી પર જોરદાર હુમલો કર્યો હતો.

આ મામલે, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે સૂરજ ચવ્હાણને રાજીનામું આપવાનો નિર્દેશ આપ્યો છે. હવે, સૂરજ ચવ્હાણના રાજીનામા બાદ, એનસીપી (એસપી)ના મહિલા પ્રદેશ પ્રમુખ રોહિણી ખડસેએ જોરદાર હુમલો કર્યો છે. રોહિણી ખડસેએ સોશ્યલ મીડિયા પર પોસ્ટ કર્યુ છે કે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે તેમના બેકાબૂ યુવા પ્રદેશ અધ્યક્ષનું રાજીનામું લીધુ એ આવકાર્ય છે. પરંતુ તેમણે દૂધની ભૂખ છાશથી સંતોષવા જેવું કંઈ ન કરવું જોઈએ.

મોટી લાડકી માછલીને બચાવવા નાની માછલીનું બલિદાન ચાલશે નહીં. અજિતદાદાએ ભૂતપૂર્વ કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટેનું રાજીનામું પણ લેવું જોઈએ. ઉપરાંત જે મંત્રીઓ બેજવાબદાર છે, ગૃહ અને ખેડૂતોનું અપમાન કરે છે તેમણે પણ રાજીનામું આપવું જોઈએ એવી તેમણે માગ કરી છે. દરમિયાન, શિવસેના શિંદે જૂથના પ્રવક્તા યોગેશ કેદારે પોતાના ફેસબુક એકાઉન્ટ પર સૂરજ ચવ્હાણને સીધી ચેતવણી આપતા પોસ્ટ કર્યું કે સૂરજ ચવ્હાણે પોતાનો અફસોસ વ્યક્ત કર્યો છે. પરંતુ, હત્યા કરીને પછી માફી માગવાની અને છુપાવવાની અનૈતિક પ્રથા શરૂ થઈ છે. જો આજે સૂરજ ચવ્હાણને પાઠ ભણાવવામાં નહીં આવે, તો કાલે કોઈ ઊભું થઇ મરાઠા કાર્યકરોને મારી નાખશે.

## જાલનામાં એનસીપી કાર્યાલયને આગ લગાડવાનો પ્રયાસ

જાલનાઃ છાવા સંગઠનના કાર્યકરોના એક જૂથે મહારાષ્ટ્રના જાલનામાં રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીના કાર્યાલયમાં આગ લગાવવાનો પ્રયાસ કર્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. લાતુરમાં એનસીપી કાર્યકરો અને છાવા સંગઠનના કાર્યકરો વચ્ચે થયેલી અથડામણના કલાકો પછી આ ઘટના બની હતી.

રવિવારે મોડી રાત્રે આગ લગાડવાના પ્રયાસ બદલ છાવા સંગઠનના પાંચ કાર્યકરો સામે કેસ નોંધવામાં આવ્યો હતો. ફરિયાદનો ઉલ્લેખ કરતા અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીઓ રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ એનસીપીની ઓફિસમાં પેટ્રોલની બોટલ લઈને પહોંચ્યા હતા, જે તેમણે ઓફિસના શટર પર છાંટીને તેને આગ લગાવી દીધી હતી.

જોકે, સ્થળ પર હાજર સ્ટાફના સમયસર હસ્તક્ષેપથી આગ કાબૂમાં આવી ગઈ હતી. આરોપીઓએ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર, એનસીપીના પ્રદેશ પ્રમુખ સુનીલ તટકરે વિરુદ્ધ પણ સૂત્રોચ્ચાર કર્યા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

એનસીપીના જાલના એકમના પ્રમુખ અરવિંદ ચવ્હાણે આગ લગાડવાના પ્રયાસની નિંદા કરી હતી અને જિલ્લા પોલીસ અધિક્ષકને એક આવેદનપત્ર સુપરત કરીને જવાબદારોની ધરપકડ કરવાની માગ કરી હતી. ■

# મતોનું રાજકારણઃ મહાનગરપાલિકા ચૂંટણીમાં મત મેળવવા રાજકીય પક્ષો વચ્ચે હોડ

## ગણેશોત્સવ નિમિત્તે મફત પ્રવાસની સુવિધા

મુંબઈઃ આગામી સમયમાં મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી આવી રહી હોવાથી રાજકીય પાર્ટીઓમાં મતો પોતાની તરફ વાળવા તહેવારોનો ભરપૂર ફાયદો ઉઠાવવાની કવાયત ચાલી રહી છે. ગણેશોત્સવમાં મુંબઈથી કોંકણ જનારા મુંબઈગરાના મત મેળવવા માટે તેમની માટે મફતમાં બસની સુવિધા ઉપલબ્ધ કરી આપવાથી લઈને વધારાની સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસની વ્યવસ્થા કરવા જેવા અનેક પ્રયાસ રાજકીય પક્ષોના કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવી રહ્યા છે.

કોંકણવાસીઓના મત મેળવવા માટે શિવસેના સહિત ભાજપ બંને પક્ષોએ કવાયત હાથ ધરી છે. ભાજપે ૫૦૦ બસને કોંકણ માટે રિઝર્વ કરી નાખી છે. તો શિવસેના તરફથી ખાનગી બસોને રિઝર્વ કરવાની તૈયારી અંતિમ તબક્કામાં છે. આ વર્ષે ૨૭ ઑગસ્ટથી ગણેશોત્સવનો આરંભ થવાનો છે. તે અગાઉના શનિવાર અને રવિવાર એ કોંકણવાસીઓ માટે મહત્ત્વનો રહેશે. એક અંદાજ મુબ ૨૩થઈ ૨૫ ઑગસ્ટ દરમ્યાન મુંબઈ સહિત મુંબઈ મેટ્રોપોલિટન રિજનના નોકરિયાત વર્ગ કોંકણ માટે નીકળી પડશે. રાજકીય પક્ષો આ મુહૂર્ત પર વધારાની બસ દોડાવવાનું આયોજન કરી રહ્યા છે. નિયમિત રેલવે ગાડીઓ આરક્ષણ પૂરા થઈ ગયા હોવાથી સ્પેશિયલ ટ્રેનો માટેના રિઝર્વેશન જલદી ચાલુ થવાના છે. ગયા વર્ષની સરખાણીમાં આ વર્ષે ગણેશોત્સવ માટે સ્ટેટ ટ્રાન્સપોર્ટની ઓછી બસ દોડવાની છે.

પાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને મુંબઈથી કોંકણ જનારા અને ત્યાંથી પાછા મુંબઈ આવનારા માટે ભાજપ સહિત શિવસેનાએ પોતાની રીતે તૈયારીઓ કરી લીધી છે. મુંબઈના દરેક વોર્ડમાંથી બસ માટે રિઝર્વેશન લેવામાં આવી રહ્યા છે. વોર્ડ, મંડળ, જિલ્લા એ પદ્ધતિએ પ્રવાસીઓની અંતિમ યાદી તૈયાર કરવામાં આવી રહી છે એ તે મુજબ કોંકણ માટે ગાડીઓ દોડાવવામાં આવશે. ગયા વર્ષે બાન્દ્રા-કુર્લા-કૉમ્પ્લેક્સ (બીકેસી)થી બસ દોડાવવામાં આવી હતી. આ વર્ષે પણ બીકેસી સહિત અન્ય વિસ્તારમાંથી બસો દોડાવવામાં આવવાની હોવાનું ભાજપના કોંકણ વિકાસ આઘાડીના પદાધિકારીએ જણાવ્યું હતું.

મધ્ય રેલવે દ્વારા ૨૫૦ સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવવાની છે, તેના રિઝર્વેશન ગુરુવાર ૨૪ જુલાઈથી ચાલુ થશે. પશ્ચિમ રેલવે ૪૪ સ્પેશિયલ ટ્રે દોડાવવાની છે અને તેના રિઝર્વેશન બુધવાર ૨૩ જુલાઈથી ચાલુ થશે. સ્ટેટ ટ્રાન્સપોર્ટ ૫,૦૦૦ બસ દોડાવવાની છે.

રાજકીય પક્ષ સાથે સંકળાયેલા પદાધિકારીના જણાવ્યા મુજબ બોરિવલી, ભાંડુપ, જોગેશ્વરી, ગોરેગામ, વિક્રોલી, ઘાટકોપર, દાદર, વિલેપાર્લે જેવા વિસ્તારમાંથી કોંકણ માટે બસ દોડાવવામાં આવશે. થાણે, ડોંબિવલી પટ્ટામાંથી પણ પ્રવાસીઓ માટે બસ દોડાવવામાં આવવાની છે. ■

# મહારાષ્ટ્રના ચાર પ્રધાનો 'હની ટ્રેપ' થયા હોવાનો રાઉતનો દાવો

## પુરાવા આપોઃ ભાજપ

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના સંસદસભ્ય સંજય રાઉતે સોમવારે આરોપ મૂક્યો હતો કે મહારાષ્ટ્રના ચાર પ્રધાન અને ઘણા સરકારી અધિકારીઓને 'હની ટ્રેપ' કરવામાં આવ્યા છે. જોકે, આ દાવાનો મહારાષ્ટ્ર પ્રધાનમંડળના સભ્ય ચંદ્રશેખર બાવનકુળેએ વિરોધ કરી પુરાવા જનતા સમક્ષ જાહેર કરવા જણાવ્યું હતું. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં રાઉતે દાવો કર્યો હતો કે તત્કાલીન અવિભાજિત શિવસેનાના ચાર યુવા સંસદ સભ્યો હની ટ્રેપમાં ફસાયા બાદ પક્ષ પલટો કરીને એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેનામાં જોડાયા હતા.

જોકે, તેમણે કોઈનું નામ નહોતું લીધું. રાઉતે કોઈનું પણ નામ લીધા વિના ઉમેર્યું હતું કે 'ચાર પ્રધાનો અને ઘણા અધિકારીઓને હની ટ્રેપમાં ફસાવવામાં આવ્યા છે.' ગયા અઠવાડિયે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વિધાનસભામાં જણાવ્યું હતું કે રાજ્યમાં હનીટ્રેપ દ્વારા બ્લેકમેઇલિંગનો કોઈ કિસ્સો પ્રકાશમાં

આવ્યો નથી. સોમવારે, રાઉતે આરોપ કર્યો હતો કે ફડણવીસ ગૃહમાં જૂઠું બોલ્યા હતા અને તેઓ જાણે છે કે ચાર પ્રધાનો 'હની ટ્રેપ' થયા હતા.

રાઉતે નવી દિલ્હીમાં સંવાદદાતાઓ સાથે વાત કરતા દાવો કર્યો હતો કે 'જે સંસદ સભ્યોએ (અવિભાજિત શિવસેના) છોડી દીધી હતી તેમાંથી ચારને હની ટ્રેપ કરવામાં આવ્યા હતા અને ભાજપ સાથે હાથ મિલાવવા તેમની પર દબાણ લાવી તેમને ક્લીન ચિટ આપવામાં આવી હતી.' (પીટીઆઈ)■

# સગીરાઓના વિનયભંગ અને મહિલા સાથે દુષ્કર્મના કેસમાં ભાજપના પ્રધાનના નિકટવર્તીની ધરપકડ

મુંબઈઃ નોકરી અપાવવાની લાલચે ૧૬ વર્ષની બે છોકરીનો વિનયભંગ અને એક મહિલા સાથે કથિત દુષ્કર્મ કરવા પ્રકરણે પોલીસે ભાજપના પ્રધાનના નિકટવર્તીની ધરપકડ કરી હતી.વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ આરોપી પ્રફુલ લોઢા (૬૨) વિરુદ્ધ સાકીનાકા અને એમઆઈડીસી પોલીસ સ્ટેશનમાં બે કેસ નોંધવામાં આવ્યા હતા. અંધેરીના ચકાલા પરિસરમાંથી પાંચમી જુલાઈએ ધરપકડ કરવામાં આવેલો લોઢા ભાજપના પ્રધાનનો નિકટવર્તી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર આરોપીએ નોકરીની લાલચે ૧૬ વર્ષની છોકરી અને તેની બહેનપણી સાથે કથિત શરમજનક કૃત્ય કર્યું હતું. (પીટીઆઈ)■

# જૈન મરણ

**ઘોઘારી વિશાશ્રી માળી જૈન**

મહુવા નિવાસી હાલ ડોમ્બિવલી, સ્વ.ભીખાલાલ છગનલાલનાં સુપુત્ર કનૈયાલાલ(કનુભાઈ) (ઉં. વ. ૭૮) તે મુદુલાબેનના પતિ ૨૦.૭.૨૫નાં સ્વર્ગવાસ થયેલ છે. તે વિજયભાઈ, જેનીસભાઈ, ફાલ્ગુની બેનનાં પપ્પા. સેજલબેન, ઉર્વીબેન, નીલેશકુમારનાં સસરા. સ્વ.પ્રવીણભાઈ, અરવિંદભાઈ, હસુમતીબેન ભૂપતરાઈ શેઠનાં ભાઈ, સ્વસુરપક્ષે ઉત્તમચંદ છગનલાલ મહેતા (રાજપરા)હાલ મુલુંડનાં જમાઈ. લૌકિક વ્યવહાર રાખેલ નથી. ૩૦૧. નવ દત્ત ગુરુ એપાર્ટમેન્ટ, તિલક રોડ. કારવા હોસ્પિટલ પાસે, ડોંબિવલી (ઈસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કપાયાના શીલાબેન મામણીયા (ઉં. વ. ૬૩) ૧૮-૭-૨૫ના અવસાન પામેલ છે. જેન્તીલાલના ધર્મપત્ની. મા. રતનબેન જેઠાલાલ ખીમજીના પુત્રવધૂ. પિયુષના માતૃશ્રી. પ્રભાબેન મેઘજી કુંવરજી શેઠીયાના સુપુત્રી. રાજેશ, ના. ભાડીયા અરૂણા સુરેશ, કપાયા દિના કિશોર, લાખાપર જ્યોતિ રશ્મીન, લાયજા પ્રીતી સુધીરના બેન. પ્રા. શ્રી વ.સ્થા જૈન શ્રા. સંઘ કરસન લધુ નિસર હોલ, દાદર (વેસ્ટ), ટા. ૨ થી ૩.૩૦.

કોડાયના નવીનભાઈ ગડા (ઉં. વ. ૬૫) તા. ૨૦-૭-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. માતુશ્રી વનીતા અમૃતલાલ ગડાના પુત્ર. મીનાબેનના પતિ. ફાલ્ગુની, પાયલના પિતા. મોખા લક્ષ્મીબેન ખીમજી સતરાના જમાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે. નવીન શાહ, એફ/૪, મંગલકુંજ, જામલી ગલી, બોરીવલી (વે), મું. ૯૨.

કોટડી મહા.ના વિનોદ શીવજી સાવલા (ઉં. વ. ૭૪) તા. ૨૦-૭-૨૫ના અવસાન પામ્યા છે. ખેતબાઇ શીવજી ગોવિંદજીના પુત્ર. રસીલાના પતિ. ભાવેશ, રાજેશના પિતા. મોહન, હેમચંદ, જગદીશ, ચંદ્રકાંત, વિઢ રશ્મી/પ્રવિણા જયંતીલાલ, ના. ખાખર પુષ્પા હસમુખના ભાઇ. હાલાપર મીઠીબાઇ નેણશી વેરશીના જમાઇ. પ્રા. મામણીયા નંદુ અચલગચ્છ ભવન, ગેટ નં. ૩, હરદેવી સો., જોગેશ્વરી (ઇ.), મું. ૬૦. ટા. ૩ થી ૪.૩૦.

રાયણના ચંદ્રકાંત લીલાધર ટોકરશી ગાલા (ઉં. વ. ૮૦) તા. ૨૦-૭-૨૫ના અરિહંત શરણ પામેલ છે. હીરાકુંવર લીલાધરના પુત્ર. જયાબેનના પતિ. ભક્તિ, પ્રીતીના પિતા. પ્રભા, વિણા, નલીનીના ભાઇ. સાકરબેન દામજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ચંદ્રકાંત ગાલા, ૪એ, સીઝર વિલા, વીરા દેસાઇ રોડ, અંધેરી (વે.), મું. ૫૮.

બિદડાના હાલે પૂના (દ.ફ.) ડો. ગિરીશ વશનજી પોલડીયા (ઉં. વ. ૬૮) તા. ૧૯/૭/૨૫ના અવસાન પામેલ છે. ભાણબાઇ વશનજીના પુત્ર. ડો. ગીતાના પતિ. પ્રાચી, નેહા, અમોલના પિતા. પુણેના વસુંધરા પાડુરંગ આરોળેના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ગિરીશ પોલડીયા, વિશ્વલક્ષ્મી હા.સો. બંગલો નં.૧૭ જ્ઞાનયોગ મયુર કોલોની કોથરૂડ, પૂના-૩૮.

લુણીના રસીક તેજશી ગાલા (ઉં. વ. ૮૦) તા. ૧૮-૭-૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. માતુશ્રી ભચીબાઇ તેજશીના પુત્ર. અમૃતબેન (સુશીલાબેન)ના પતિ. કેશવજી ચુનીલાલ, ઇશ્વરના ભાઇ. રતાડીયા (ગ.) માતુશ્રી લીલબાઇ લાલજી પાલણ છેડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. અમૃતબેન ગાલા, પંડીત નિવાસ, એસ.કે. બોલે રોડ, દાદર (વે.), મુંબઇ-૨૮.

નાની તુંબડીના મણીલાલ લાલજી સાવલા (ઉં. વ. ૮૭) તા. ૨૦/૭/૨૫ ના અવસાન પામેલ છે. સ્વ. ગાંગબાઇ રતનબેન લાલજી ભારાના પુત્ર. કસ્તુરબેનના પતિ. શિલા કેતન હેમલના પિતા. કાંડાગરાના ભચીબાઇ કેશવજી ગણપતના જમાઇ. લક્ષ્મીચંદ લીલાધર દામજી શાંતી, મણીબાઇ નાગજી હરીવસંત મહેન્દ્રના ભાઇ. પ્રા.શ્રી વ.સ્થા. જૈન શ્રી સંઘ કરસન લઘુ નિસર હોલ, દાદર. ટા. ૪ થી ૫.૩૦.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ખોપાળા નિવાસી હાલ અમદાવાદ, ભોગીલાલ બાબુલાલ શાહના ધર્મપત્ની શોભનાબેન (ઉં. વ. ૭૩) ૨૦/૭/૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. તે અરવિંદભાઈ, જયસુખભાઇ, કિશોરભાઈ, સ્વ. મધુબેન, વિલાસબેન, માયાબેન, વર્ષાબેનના ભાભી. પાયલ ભાવેશકુમાર વાસા, કિંજલબેન ચિરાગકુમાર મહેતા, મેઘનાબેન ધવલકુમાર શાહ, હેતાબેન પ્રેતકકુમાર ગાંધીના માતુશ્રી. પિયરપક્ષે ધરમપુર બાલુભાઇ રૂગનાથભાઈ શાહના દીકરી. સાદડી રાખેલ નથી. અરવિંદભાઈ શાહ, ૧૬૦૨, પુષ્પાંજલિ બિલ્ડીંગ, જાંબલી ગલ્લી, બોરીવલી વેસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી જૈન**

ભૃગુપુર નિવાસી હાલ કાંદિવલી મુંબઇ સ્વ. શારદાબેન રમણીકલાલ નાનચંદ શાહના સુપુત્ર નિલેશ શાહ (ઉં. વ. ૬૩) સોમવાર, તા. ૨૧-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે લીનાબેનના પતિ. આલોક અને ઇશાના પિતાશ્રી. તન્વી અને પિનાંક કેતનભાઇ ડગલીના સસરા. પન્નાબેન ધનેશભાઇ ગાલા, સ્વ. રાજેશભાઇ, સ્મિતાબેન નીતિનભાઇ શાહ તથા ચેતનભાઇના ભાઇ. ઝીંઝુવાડા નિવાસી મહેન્દ્રભાઇ વૃજલાલ શાહના જમાઇ. પ્રાર્થનાસભા મંગળવાર તા. ૨૨-૭-૨૫ના બપોરે ૩થી ૪.૩૦. ઠે. પાવનધામ, એમ. સી. એ. ગ્રાઉન્ડની બાજુમાં, સત્યનગર, કાંદિવલી (વેસ્ટ).

**વેરાવળ વિસા ઓસવાળ જૈન**

નરેન્દ્ર જેચંદ (ઉં. વ. ૮૨) તા. ૨૦-૭-૨૫ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નવલબેન બાબુલાલ જેચંદ શાહના સુપુત્ર. સરોજબેન નરેન્દ્રભાઇના પતિ. હેમલતા, સ્વ. ભૂપેન્દ્ર, શશીકાંત અને નલિનના ભાઇ. પારુલ મનીષ ઝવેરી અને પ્રીતિ બિરેન ગાંધીના પિતા. ગં. સ્વ. ધીરજબેન રસિકલાલ શાહ (પ્રભાસ પાટણ)ના જમાઇ. કિરીટભાઇ અને અશ્વિનભાઇના બનેવી. ઠે. ફ્લેટ નં.૩, શંકર મહાલ, દાદાભાઇ રોડ, વિલેપાર્લે (વે), લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# હિન્દુ મરણ

**બ્રહ્મક્ષત્રિય**

સાયલાવાળા હાલ બોરીવલી વેસ્ટ, સૌ. શકુન્તલાબેન દુબલ (ઉં. વ. ૭૨) તે ગજાનંદ સુંદરજી દુબલના ધર્મપત્ની, નરેન્દ્રભાઈ અને અ.સૌ. ભાનુબેન અને કાન્તીલાલ, સ્વ. હંસાબેનના ભાભી. મંજુલાબેન સોનેજી, ભારતીબેન સોનેજીના ભાભી. અમિતાભ, પ્રિતી, સીમાના માતુશ્રી. અ.સૌ. જયશ્રી દુબલ, તુષારકુમાર શાહ, જતિનકુમાર કીરીના સાસુ. યોગેશ મોહનલાલ પડીયાના બહેન. તા. ૧૫.૦૭.૨૫ને મંગળવાર શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૪.૦૭.૨૫ના ૪ થી ૫. ૩૦. પાવનધામ, ૧લે માળે, મહાવીર નગર, પાવનધામ માર્ગ, બી.સી.સી.આઈ મેદાન પાછળ, કાંદીવલી વેસ્ટ.

**ભટ્ટ મેવાડા બ્રાહ્મણ**

હિરપર નિવાસી, સ્વ.મનુપ્રસાદ અમથાલાલ જોષીના ધર્મપત્ની ગં.સ્વ.મૃદુલાબેન (ઉં. વ. ૯૦) તા. ૨૧.૭.૨૫ના સોમવારે એકલિંગજીશરણ પામેલ છે. તે નરેન્દ્ર જોશીના ભાભી. સ્વામી અનંત તીર્થ, ડો.અરુણ તથા કલ્પનાબેનના માતૃશ્રી. દીપિકા, સ્વ.મુકેશકુમારના સાસુ. પર્વ પૂર્ણના દાદી. પિયરપક્ષના સ્વ. સોમનાથ પંડ્યા (પ્રંતીજ) બંને પક્ષનું બેસણું તા.૨૨.૭.૨૫ને મંગળવારે ૪ થી ૬. માતૃશ્રી શ્યામભાઈ લોહાણા મહાજનવાડી ,સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, કલ્યાણ પશ્ચિમ. લૌકિક ક્રિયા બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ વાયોર હાલે પુના, સ્વ. કસ્તુરબેન લીલાધર દાવડાના પુત્ર જ્યોતિબેનના પતિ નરેન્દ્રભાઈ (ઉં. વ. ૭૪) રવિવાર તા. ૨૦/૭/૨૫ના પુના રામશરણ પામેલ છે. મિતેશના પિતાશ્રી. તે આદિતિના સસરા. રાજેન્દ્ર, વિરેન્દ્ર તથા માલતીબેન ઘનશ્યામભાઈ જોબનપુત્રાના ભાઈ. સ્વ. લક્ષ્મીબેન મોરારજી વાઘજી કારીયાના જમાઈ. પ્રાર્થનાસભા મંગળવાર તા. ૨૨/૭/૨૦૨૫ના ૪-૫ાળ શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી ૧૭૨ ભવાની પેઠ કિરાડ ગલી, પુણે ૪૧૧૦૪૨.

**ઘોઘારી મોઢ વણિક**

અમદાવાદ નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. કુંદનબેન બળવંતરાય દોશીના પુત્ર બિપીનભાઈ. (ઉં. વ. ૬૮) તે બીનાબેનના પતિ. દિગ્નાના પિતા. દીપિકા નીતિન મેહતા તથા નીતા જનક દોશીના ભાઈ, જયશ્રી દિનેશભાઇ પરીખના જમાઈ. તા. ૨૦/૭/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

ગં. સ્વ. મોતીબેન (ઉં. વ. ૯૨), મૂળ ગામ જામ ખંભાળિયા, હાલ કાંદિવલી સોમવાર તા. ૨૧/૭/૨૦૨૫ શ્રીજી ચરણ પામ્યા છે. તે ગૌ.વા. રમણદાસ વિશ્રામ મજીઠીયાના ધર્મપત્ની, ગૌ. વા. જેઠાલાલ મથુરાદાસ ગોકાણીના પુત્રી, તે લલિતાબેન જયસુખલાલ સાદરાણી, પંકજભાઈ ગુલાબભાઈ, સુધાબેન પંકજકુમાર ઠક્કર, તથા ભાવેશના માતુશ્રી, ગૌ. વા. મંગલદાસ, ગૌ. વા. ગોકુલદાસ, ગૌ. વા. ગોપાલદાસ (ચંદુભાઈ). ગૌ. વા. મોહનદાસ, ગૌ. વા રમણદાસ ગોકાણી, ગૌ. વા. હીરાબેન દેવજીભાઈ લાલ, ગૌ. વા. પાર્વતીબેન ચંપકલાલ ચોટાઈ, તથા ગીધુભાઈ ગોકાણીના બેન, તેઓ નીલ, માલવિક, નિકુંજ, પાર્થ, રીધી, નિધિ, હિના, નિખિલ, વિપુલ, સાગર અને જીગરના દાદી/નાની. પ્રાર્થનાસભા તા.૨૨ જુલાઈ મંગળવાર સાંજે ૫.૩૦ થી ૭.૦૦ના હાલાઈ લોહાણા મહાજન વાડી, એસ.વી. રોડ કાંદીવલી વેસ્ટ.

**કપોળ**

ડેડાણવાળા હાલ ભાયંદર સ્વ. પરશોતમદાસ નારણદાસ મહેતાના પુત્ર પ્રતાપભાઇ (પતુભાઇ) (ઉં. વ. ૮૭) તે પ્રવીણાબેનના પતિ. સ્વ. ત્રંબકભાઇ, સ્વ. હરકીશનભાઇ, સ્વ. નાગરભાઇ, સ્વ. પુષ્પાબેન પ્રતાપરાય વોરાના ભાઇ. ભાવના, મનીષા, છાયા, રૂપા, રશ્મિના પિતાશ્રી. તે જયેશ એ. મહેતા, જયેશ એન. મહેતા, લલિત પારેખ, જીતેશ મહેતા, દક્ષેશ શેઠના સસરાજી. સસુર પક્ષે મુળજીભાઇ હરગોવિંદદાસ મહેતાના જમાઇ શનિવાર, તા. ૧૯-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વ લૌકિક પ્રથા તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

## તન-મન-ધનથી રહો તરોતાજા

# MY BUDGET હોવું કેમ જરૂરી છે?



મારું પોતાનું અર્થતંત્ર

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

'આપણે કોઈ રેસ્ટોરાંમાં જમવા ગયા, સારું ટેબલ પકડીને આજુબાજુ જોયું. થોડી વારમાં વેઇટર અમુક પ્રમાણમાં અમુક વાનગીઓ લઈને આપણા ટેબલ પર મૂકી ગયો. આપણે એ ખાઈ લીધું અને તેના પૈસા ચૂકવીને બહાર નીકળી ગયા.'

'આપણે કોઈ રેસ્ટોરાંમાં જમવા ગયા, રેસ્ટોરાંમાં ટેબલ પર બેસીને પહેલાં મેનુ કાર્ડ હાથમાં લીધું, આપણી પસંદગીની વાનગીઓનો જોઈએ એટલા પ્રમાણમાં ઓર્ડર આપ્યો અને જમી લીધા બાદ બિલ ભરીને રવાના થયા.'

સામાન્ય સંજોગોમાં ઉપરોક્ત બે સ્થિતિમાંથી આપણા માટે કઈ સ્થિતિ વધારે વાજબી અને વ્યવહારુ ગણાય?

તમે કહેશો કે પ્રથમ સ્થિતિ અવ્યવહારુ અને અતિશયોક્તિભરી છે. કમનસીબે, આપણા પરિવારની નાણાકીય વાતનો સવાલ હોય છે ત્યારે મોટાભાગે આપણા બધાનું વર્તન આવું જ હોય છે. આપણે અલગ અલગ પ્રકારના કેટલા ખર્ચ કર્યા છે તેની કોઈ જાણકારી જ આપણી પાસે હોતી નથી.

ચાલો, તો તમને જ પૂછી જોઉં. તમે છેલ્લાં ત્રણ મહિનામાં રેસ્ટોરાંમાં જમવા પાછળ, કોફી શોપમાં અને ફિલ્મો જોવામાં કેટલા પૈસા ખર્ચી નાખ્યા? જવા દો, થોડો સહેલો સવાલ પૂછી લઉં. તમે છેલ્લાં એક વર્ષમાં કપડાં-લત્તાં પાછળ કેટલો ખર્ચ કર્યો?

નોંધનીય છે કે દેશના નાણાપ્રધાન સંસદમાં બજેટ રજૂ કરે ત્યારે તે સાંભળવામાં અને પછી તેની ચર્ચા કરવામાં આપણે કલાકોના કલાકો ગાળી નાખીએ છીએ. આપણે જે કંપનીમાં કે ડિપાર્ટમેન્ટમાં કામ કરીએ છીએ તેના બજેટની પણ આપણને ખબર હોય છે. આપણે તેને ધ્યાનમાં રાખીને તેને અનુરૂપ વર્તન કરવું પડે છે, પરંતુ આશ્ચર્યની વાત તો છે કે પોતાના પરિવારના બજેટની વાત આવે ત્યારે આપણે શૂન્યમનસ્ક બની જઈએ છીએ.

હકીકતમાં પરિવારનું બજેટ બનાવવું એ મેનુ કાર્ડ જોઈને વાનગી ઓર્ડર કરવા જેવી વાત છે. જ્યારે આપણે રેસ્ટોરાંમાં જઈએ છીએ ત્યારે મેનુ કાર્ડ જોવાથી ઉપલબ્ધ વિવિધ વાનગીઓની જાણ થાય છે અને પછી આપણે ખપ પૂરતો ઓર્ડર આપીએ છીએ. પરિવારનું બજેટ બનાવવાનું કામ પણ આના જેવું જ છે. આપણી મહેનતની કમાણી વપરાય જાય એવા વિવિધ પ્રકારના ખર્ચ હોય છે. તેમાંથી આપણે એ નક્કી કરવાનું છે કે કઈ વસ્તુ પાછળ કેટલો ખર્ચ કરવો. તેના માટે આપણે My Budget શબ્દ વાપરી શકીએ છીએ.

સામાન્યપણે પરિવારના બજેટની બે મુખ્ય શ્રેણી હોય છે. 'ફરજિયાત ખર્ચ' અને 'સ્વૈચ્છિક ખર્ચ'. આ બન્ને શ્રેણીમાંથી દરેકમાં 'નિશ્ચિત ખર્ચ' અને 'બદલાતા ખર્ચ' એવી બે શ્રેણીઓ આવે છે.

ફરજિયાત નિશ્ચિત ખર્ચમાં ઘરભાડું, સ્કૂલની ફી, EMI (ઈક્વેટેડ મંથલી ઇન્સ્ટોલમેન્ટ્સ), વગેરેનો સમાવેશ થાય છે. બદલાતા ફરજિયાત ખર્ચમાં કરિયાણું, દવા, વગેરે સામેલ હોય છે. સ્વૈચ્છિક નિશ્ચિત ખર્ચમાં ક્લબની મેમ્બરશિપ ફી, સામયિકો માટેનું સબસ્ક્રિપ્શન, વગેરે હોય છે. બદલાતા સ્વૈચ્છિક ખર્ચમાં બહાર ખાવા જવું, વેકેશન પર જવું, વગેરે પાછળનો ખર્ચ સામેલ હોય છે.

My Budget બનાવવા માટે સૌથી પહેલાં તો ખર્ચ પર નજર રાખવાની હોય છે. સર્વપ્રથમ ઘરભાડું, સ્કૂલ ફી, વગેરે જેવા ફરજિયાત નિશ્ચિત ખર્ચની નોંધ કરવી. ત્યાર પછી ક્લબ ફી, વગેરે જેવા સ્વૈચ્છિક નિશ્ચિત ખર્ચ નોંધી લેવા. જો કે, આ ખર્ચ નિશ્ચિત હોવાથી તેના પર નજર રાખવાની જરૂર હોતી નથી.

નિશ્ચિત ખર્ચની નોંધ કરી લીધા બાદ બદલાતા ખર્ચની નોંધ કરો. આ કામ થોડું મુશ્કેલ છે, પણ એક વખત આદત થઈ જાય પછી એ મુશ્કેલ રહેતું નથી. બદલાતા ખર્ચની શ્રેણીમાં સૌથી પહેલાં બદલાતા સ્વૈચ્છિક ખર્ચની યાદી બનાવવી. તેનું કારણ એ કે બહાર જમવા જવું, ફિલ્મ જોવા જવું, વગેરે ખર્ચ બદલાતા ફરજિયાત ખર્ચ કરતાં ઓછી વાર થતા હોય છે. વળી, એ ખર્ચ ક્રેડિટ કાર્ડ દ્વારા કે રોકડેથી થાય છે. જો ક્રેડિટ કાર્ડથી ખર્ચ કર્યા હોય તો તેના પર નજર રાખવાનું સહેલું બની જાય છે.

જો બદલાતા ખર્ચ પર નજર રાખવાની આદત ન હોય તો શરૂઆતમાં દિવસમાં માત્ર એક કે બે જ ખર્ચની નોંધ કરવી અને તેના પર નજર રાખવી. ખર્ચ થયાના ૨૪ કલાકની અંદર જ તેની નોંધ થઈ જવી જોઈએ. આદત પાકી થઈ જાય પછી જ વધુ પ્રકારના ખર્ચ ઉમેરવા.

એકાદ-બે વર્ષ પછી બદલાતા ફરજિયાત ખર્ચ પર નજર રાખવાનું શરૂ કરવું. ત્રીજા વર્ષથી બજેટ બનાવવાનું એટલે કે કઈ શ્રેણીના કયા પ્રકાર પર કેટલો ખર્ચ કરવો એ નક્કી કરવું.


યાદ રહે, આપણા જીવનમાં દેશના બજેટ કરતાં My Budget એ સૌથી વધુ મહત્ત્વપૂર્ણ બજેટ છે. એ બજેટ બનાવેલું ન હોય તો બીજાં બધાં બજેટ સાવ નકામાં બની જાય છે. ■

---

ફાઈનાન્સના ફંડા

મિતાલી મહેતા
feedback@bombaysamachar.com

### આવકવેરાનું રિટર્ન ભરતી વખતે
# કઈ કઈ ભૂલ કેવી રીતે ટાળશો?




જેમણે ટૅક્સ ઑડિટ કરાવવું પડતું નથી એવા વ્યક્તિગત કરદાતાઓ માટે કરવેરાનું રિટર્ન ભરવાની છેલ્લી તારીખ સામાન્ય રીતે ૩૧મી જુલાઈ હોય છે (જે આ વર્ષ માટે ૧૫ સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી છે). જેમણે ટૅક્સ ઑડિટ કરાવવું પડતું હોય છે એમના માટેની છેલ્લી તારીખ ૩૧મી ઑક્ટોબર છે. આ તારીખો દર વર્ષે લગભગ સમાન હોવા છતાં લોકો પહેલેથી તૈયારીઓ કરતા નથી અને છેલ્લી ઘડીએ રિટર્ન ફાઇલ કરાવવા માટે દોડાદોડ કરતા હોય છે.

આવા સમયે આવક વેરાનું રિટર્ન ભરવામાં કોઈ ભૂલ થઈ જાય તો તેને પગલે આવક વેરા ખાતું દંડ કરી શકે છે અથવા તો ટૅક્સ નોટિસ મોકલી શકે છે. સામાન્ય રીતે જોવા મળતી ભૂલ તરફ વાંચકોનું ધ્યાન દોરવા માટે આ લેખ વિશેષ રીતે તૈયાર કરવામાં આવ્યો છે.

### એસેસમેન્ટ વર્ષની પસંદગીમાં ભૂલઃ

આવક વેરાનું રિટર્ન ભરતી વખતે અથવા કરવેરા કે વ્યાજ કે દંડ ભરતી વખતે લોકો એસેસમેન્ટ વર્ષ ખોટું પસંદ કરી લેતા હોય છે. આવક જે વર્ષની હોય એને નાણાકીય વર્ષ કહેવાય અને જે વર્ષે એ આવક પરના કરવેરાની આકારણી થાય એને એસેસમેન્ટ વર્ષ કહેવાય છે. ૩૧ જુલાઈ, ૨૦૨૫ (હવે ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫) સુધીમાં રિટર્ન ભરવા માટેનું નાણાકીય વર્ષ ૧ એપ્રિલ, ૨૦૨૪થી ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીનું છે અને એસેસમેન્ટ વર્ષ ૧ એપ્રિલ, ૨૦૨૫થી ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીનું છે. અહીં ઘણા લોકો ભૂલ કરી બેસે છે માટે એસેસમેન્ટ વર્ષની પસંદગી કરવામાં ધ્યાન રાખવું આવશ્યક છે.

### આવકવેરાના રિટર્નના ફોર્મની પસંદગીમાં ભૂલઃ

આવક વેરાના રિટર્નનાં અલગ અલગ ફોર્મ અલગ અલગ પ્રકારની આવક ધરાવતા લોકો માટે હોય છે. દાખલા તરીકે જે રહેવાસી ભારતીય નાગરિકોની કુલ આવક ૫૦ લાખ રૂપિયા સુધીની હોય અને આવકમાં પગારની આવક, એક ઘર દ્વારા થતી આવક, અન્ય સ્રોતોમાંથી થતી આવક તથા કૃષિની આવક સામેલ હોય એમણે 'આઇટીઆર ૧' નામનું રિટર્ન ભરવાનું હોય છે. ઉપરોક્ત જણાવ્યું એ આવક ઉપરાંત કેપિટલ ગેનની આવક પણ હોય તો 'આઇટીઆર ૧'ને બદલે 'આઇટીઆર ૨' નામનું ફોર્મ ભરવું પડે છે.

જે વ્યક્તિઓ અને એચયુએફ (હિન્દુ અનડિવાઇડેડ ફેમિલી)ને બિઝનેસ કે પ્રોફેશનના નફા કે લાભની આવક થતી હોય એમણે 'આઇટીઆર ૩' ફોર્મ ભરવાનું હોય છે.

જો તમે ખોટું ફોર્મ ભર્યું હોય તો આવક વેરા અધિકારી એ રિટર્નને ડિફેક્ટિવ (ખામીભર્યું) ગણાવે છે. આ સ્થિતિમાં કરદાતાએ આવક વેરા ખાતા પાસેથી મળેલી નોટિસમાં જણાવાયેલી સમયમર્યાદામાં સુધારેલું રિટર્ન ભરવું પડે છે.

### વ્યક્તિગત માહિતી આપવામાં થતી ભૂલઃ

આવક વેરાનું રિટર્ન ભરતી વખતે વ્યક્તિગત માહિતી પણ સાચેસાચી આપવાની હોય છે. રિટર્નમાં પેન નંબર, ઈ-મેઇલ આઇડી, વ્યક્તિગત કરદાતા હોય તો જન્મતારીખ અને બિઝનેસ હોય તો બિઝનેસ સ્થાપ્યાની તારીખ, બૅન્ક અકાઉન્ટની વિગતો, આઇએફએસસી, એ બધી માહિતી સાચી હોવી જરૂરી છે. પ્રથમ દૃષ્ટિએ ગંભીર નહીં લાગતી આ ભૂલોને લીધે રિફંડ મળવામાં વિલંબ થઈ શકે છે- કરવેરાના સત્તાવાળાઓ રિટર્નને અમાન્ય કરી શકે છે અને દંડ કે વ્યાજ પણ લાગુ પડી શકે છે. દાખલા તરીકે બેન્ક અકાઉન્ટની માહિતીમાં ભૂલ હોય તો રિફંડ એમાં જમા થઈ શકતું નથી.

### બધા જ પ્રકારની આવક જાહેર નહીં કરવાની ભૂલઃ

રિટર્નમાં બધા જ પ્રકારની એટલે કે બધા જ સ્રોતમાંથી મળેલી આવકની માહિતી જણાવવી જરૂરી છે. પગારદાર વ્યક્તિને જો પ્રોપર્ટીની ભાડાની આવક આવતી હોય, ફિક્સ્ડ ડિપોઝિટ પર વ્યાજ મળતું હોય કે ઈક્વિટી શેર પર ડિવિડંડ મળ્યું હોય તો એ બધાની નોંધ રિટર્નમાં કરવાની હોય છે. ઘણા કરદાતાઓ એવું ધારી લે છે કે એક્ઝેમ્પ્ટ આવકની નોંધ રિટર્નમાં કરવાની ન હોય, પરંતુ હકીકતમાં દરેક આવકની નોંધ રિટર્નમાં કરવાની હોય છે.

### ફોર્મ ૨૬એએસમાં દેખાતી વિગતોની ચકાસણી નહીં કરવાની ભૂલ :

આવક વેરાનું રિટર્ન ભરતાં પહેલાં કરદાતાએ પોતાનું ફોર્મ ૨૬એએસ ડાઉનલોડ કરી લેવું જોઈએ. આ ફોર્મમાં કરદાતાની આવક, તેના પર કપાયેલો ટીડીએસ, ઍડવાન્સ ટૅક્સ અને/અથવા સેલ્ફ એસેસમેન્ટ ટૅક્સ એ બધાની નોંધ હોય છે. પગારદાર કરદાતાએ માલિક પાસેથી મળેલા ફોર્મ ૧૬ અને ફોર્મ ૨૬એએસમાં દેખાતી માહિતી એ બન્નેને સરખાવીને ક્યાંય કોઈ ભૂલ હોય તો આવશ્યક ફેરફાર કરાવી લેવો જોઈએ.

### રિટર્ન ભરી લીધા બાદ એનું વેરિફિકેશન નહીં કરાવવાની ભૂલઃ

અહીં ખાસ જણાવવાનું કે આવક વેરા રિટર્ન ભરી લેવાથી કામ પતી જતું નથી. એનું વેરિફિકેશન કરાવવાનું હોય છે. કરદાતાને રિટર્ન વેરિફાય કરાવવા માટે રિટર્ન ફાઇલ કર્યા બાદના ૧૨૦ દિવસનો સમય આપવામાં આવે છે. વેરિફિકેશન કરાવવાના વિકલ્પ આ પ્રમાણે છેઃ

૧) આધાર ઓટીપી મારફતે ઈ-વેરિફિકેશન

૨) ઇન્ટરનેટ બૅન્કિંગ સર્વિસીસ મારફતે ઈ-વેરિફિકેશન

૩) ડિજિટલ સિગ્નેચર સર્ટિફિકેટ મારફતે ઈ-વેરિફિકેશન

૪) આવક વેરા રિટર્નનું જે એક્નોલેજમેન્ટ મળ્યું હોય એની ફિઝિકલ કોપી બેંગલૂરુના સેન્ટ્રલ પ્રોસેસિંગ સેન્ટરમાં મોકલવી.

આશા છે કે આ સાથેની માહિતી આ વખતનું તથા હવે પછીનાં વર્ષનાં રિટર્ન ભરતી વખતે તમને ઉપયોગી નીવડશે..... ■


---

feedback@bombaysamachar.com

આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક

# છુપા રુસ્તમ જેવો આ એડિસન રોગ શું છે?




*એડિસન નામ સાંભળવા મળે એટલે તમને તરત જ ઇલેક્ટ્રિક બલ્બ યાદ આવી જાય, ખરું ને? આનું કારણ એ કે આપણે એમના વિશે અને એમની અનેક શોધ વિશે ભણ્યા છીએ. એમનું નામ હતું થોમસ આલ્વા એડિસન, પરંતુ એક બીજા થોમસ એડિસન પણ છે, જેનું વિજ્ઞાનની દુનિયામાં બહુ મોટું નામ છે. આમ છતાં એમના વિશે આપણે ભાગ્યેજ જાણીએ છીએ.*

*અહીં આપણે એમના વિશે નહિં, પરંતુ એડિસન રોગ વિશે વાત કરીશું.*

**શરીરની અનેક સમસ્યા માટે જવાબદાર આ રોગને ઓળખી લેવો જરૂરી છે...**

### સૌથી પહેલાં તો જાણીએ કે આ એડિસન રોગ છે શું?

એડિસન રોગ એ એક દુર્લભ સ્થિતિ છે, જેમાં શરીર પૂરતા પ્રમાણમાં કેટલાક હોર્મોન્સ બનાવતું નથી. એડિસન રોગનું બીજું પરિણામ એડ્રેનલ ગ્રંથિઓ કોર્ટિસોલ હોર્મોનનું ખૂબ ઓછું ઉત્પાદન કરે છે. ઘણીવાર એ એલ્ડોસ્ટેરોન નામના બીજા હોર્મોનનું પણ ખૂબ ઓછું ઉત્પાદન કરે છે.

તમારી એડ્રેનલ (મૂત્રપિંડ) ગ્રંથિઓ, જેને 'સુપ્રારેનલ ગ્રંથિ'ઓ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે નાની ત્રિકોણ આકારની ગ્રંથિઓ છે, જે તમારી બંને કિડનીની ટોચ પર ગોઠવાયેલી છે. તે તમારી અંતઃસ્ત્રાવી પ્રણાલીનો એક ભાગ છે. એ જાણવું જરૂરી છે કે કોર્ટિસોલ હોર્મોન શું કરે છે. કોર્ટિસોલ એક હોર્મોન તમારા શરીરને તણાવનો સામનો કરવામાં મદદ કરે છે, જેમાં બીમારી, ઈજા અથવા શસ્ત્રક્રિયાનો સમાવેશ થાય છે. તે તમારા બ્લડ પ્રેશર, હૃદય કાર્ય, રોગપ્રતિકારક શક્તિ અને લોહીમાં ગ્લુકોઝ (ખાંડ) ના સ્તરને જાળવવામાં પણ મદદ કરે છે માટે, કોર્ટિસોલ જીવન માટે જરૂરી છે. જ્યારે એલ્ડોસ્ટેરોન એ હોર્મોન છે જે તમારા લોહીમાં સોડિયમ (મીઠું) અને પોટેશિયમના સંતુલનને અસર કરે છે. બદલામાં તમારી કિડની પેશાબ (પેશાબ) તરીકે પ્રવાહીના જથ્થાને નિયંત્રિત કરે છે, જે લોહીના જથ્થા અને બ્લડ પ્રેશરને અસર કરે છે.

### આ રોગનાં લક્ષણ શું છે?

એડિસન રોગનાં લક્ષણ ઘણીવાર મહિનાઓ સુધી ખબર પડતી નથી. આ રોગ એટલો ધીમે ધીમે જાણમાં આવે છે કે જે લોકોને તે હોય છે એ શરૂઆતમાં એનાં લક્ષણોને અવગણી કાઢે છે. એડિસન રોગના કેટલાક શરૂઆતનાં લક્ષણો અતિશય થાક, બેઠાં પછી કે સૂતાં પછી દર્દીને ઊભાં થતાં ચક્કર આવે કે અથવા બેભાન થઈ જાય. આ 'પોસ્ચરલ હાયપોટેન્શન' નામના લો બ્લડ પ્રેશરના એક પ્રકાર છે.

એ જે રીતે લો બ્લડ સુગરને કારણે પરસેવો થવો, જેને 'હાઈપોગ્લાયકેમિઆ' પણ કહેવાય છે. પેટ ખરાબ થવું, ઝાડા અથવા ઊલટી થવી. પેટના વિસ્તારમાં દુખાવો. સ્નાયુમાં ખેંચાણ, નબળાઈ, વ્યાપક દુખાવો અથવા સાંધાનો દુખાવો પણ થાય.

શરૂઆતનાં અન્ય લક્ષણોમાં વાળ ખરવા, ત્વચાના અમુક વિસ્તારો કાળા પડી જવા, ખાસ કરીને ડાઘ. ઓછી ભૂખને કારણે વજન ઘટવું. આ ઉપરાંત, મૂડ અને વર્તનમાં ફેરફાર, જેમ કે ચીડિયાપણું, હતાશા અને નબળી એકાગ્રતા તથા મીઠાવાળા ખોરાકની તૃષ્ણા પણ અગત્યનાં લક્ષણ છે.

### એડિસન રોગ થવાનાં કારણ શું છે?

એડિસન રોગના લગભગ ૭૫% કેસો ઓટોઇમ્યુન (સ્વયંપ્રતિરક્ષા) હુમલાને કારણે થાય છે. ઓટોઇમ્યુન એડિસન રોગ પોતે જ અથવા દુર્લભ, વારસાગત સિન્ડ્રોમના ભાગ રૂપે થઈ શકે છે.

ભૂતકાળમાં, ક્ષય રોગ એડિસન રોગનું મુખ્ય કારણ હતું. ખાસ કરીને વિકાસશીલ દેશોમાં તે આ માટેનું મુખ્ય કારણ રહ્યું છે.

### રોગનું નિદાન કેવી રીતે થાય છે?

એડિસન રોગનાં લક્ષણો સામાન્ય રીતે સમય જતાં ધીમે ધીમે વિકસે છે એટલે એ અસ્પષ્ટ હોય છે. ડોક્ટરો ઘણીવાર આકસ્મિક રીતે આ એડિસન રોગ શોધી કાઢે છે જ્યારે નિયમિત રક્ત પરીક્ષણમાં મૂળભૂત મેટાબોલિક પેનલ, સોડિયમનું ઓછું સ્તર અથવા પોટેશિયમનું ઉચ્ચ સ્તર દર્શાવે છે.

જો ડોક્ટરને એવી આશંકા હોય કે તમને એડિસન રોગ હોઈ શકે, તો એ તમને વધુ પરીક્ષણો કરવાની સલાહ આપીને પછી તેની પુષ્ટિ કરે છે. એડિસન રોગની સારવાર ગુમ થયેલ હોર્મોન્સ, કોર્ટિસોલ અને એલ્ડોસ્ટેરોનને તેમના કૃત્રિમ સંસ્કરણોથી બદલીને કરવામાં આવે છે.


એડિસન રોગનું નામ બ્રિટિશ ચિકિત્સક થોમસ એડિસનના નામ પરથી રાખવામાં આવ્યું છે, જેમણે સૌ પ્રથમ ૧૮૫૫માં આ પરિસ્થિતિનો અભ્યાસ કર્યો હતો. એમની પાસે આવેલા ૬ રોગી એડ્રેનલ ટ્યુબરક્યુલોસિસથી પીડાતા હતા. એ સમયે એડ્રેનલ ગ્રંથિઓ વિશે ત્યારે બહુ જાણકારી નહોતી. પણ ડો. એડિસને તેનો જે અભ્યાસ કર્યો તે આગળ જતાં ખૂબ ઉપયોગી સાબિત થયો. તેથી એમના યોગદાનના માનમાં આ રોગને એમનું નામ આપવામાં આવ્યું. યુએસ પ્રમુખ જોન એફ. કેનેડી (૧૯૧૭-૧૯૬૩) એમના સમગ્ર જીવન દરમિયાન એડિસન રોગની ગૂંચવણોથી પીડાયા હતા. ■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# કેલ્શિયમ ઘટવાનું કારણ એસીડીટી છે...

**વિશ્વભરમાં** અનેક સ્વાસ્થ્ય સમસ્યાઓ સામાન્ય બની ગઈ છે. જેમાં જીવનશૈલીની પસંદગીઓ ખરાબ સ્વાસ્થ્ય માટે જવાબદાર પરિબળો છે. પછી ભલે અતિશય ખાવું અપ્રાકૃતિક ખાવું, વધુ પડતું સંકુચિત આહાર, ઊંઘનો અભાવ, વધુ પડતું વ્યસનનું સેવન અનિયમિત રીતે ખાવાની આદત, બળતરા કરનારા ખોરાક, કેમિકલયુક્ત આહાર અને નિષ્ક્રિયતા પણ સ્વાસ્થ્ય સમસ્યા માટે જવાબદાર છે. વ્યક્તિગત સ્વાસ્થ્ય પણ વ્યક્તિના જીવનના સામાજિક માળખા પર આંશિક રીતે આધાર રાખે છે. જે વ્યક્તિ પોતાના સ્વાસ્થ્ય વિશે અવલોકન કરે છે અને અપનાવે છે તે પોતાના સ્વાસ્થ્યને મજબૂત કરી શકે છે.

લગભગ વિશ્વની મોટા ભાગની વસતિ આજે એસીડીટીથી પીડાય છે. એસીડીટીથી પીડિત લોકો ખોરાક ખાધા પછી અન્નનળીના ભાગમાં દુઃખાવો, ખાટા ઓડકાર, પેટમાં બળતરા, અપચો, કબજીયાત વગેરેથી પીડાય છે. આને જ એસીડીટી ગણે છે. ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે આ કારણો સામાન્ય છે પણ એસીડીટી એ બધા જ રોગોનું મૂળ છે. આંતરિક બધા જ દુખાવાથી લઇ મોટા તીવ્ર પ્રકારના રોગ એ બધા જ એસીડીટીનું જ કારણ છે. બાહરથી કાંઈ વાગવું કે અકસ્માતના લીધે કોઇ તકલીફ એ આમાં સામેલ નથી.



એસીડીટી ને જો સમય રહેતાં દૂર ન કરી તો સૌથી મોટી વ્યાધિ તે કેલ્શિયમનું બગડી જવું કે ખોરવાઇ જવું તે છે. કેલ્શિયમ બગડી જતા કે તેની તીવ્ર અછત એસીડીટીને કારણે જ થાય છે. કેલ્શિયમ શરીરનો વિકાસ કરવા માટે મદદ કરે છે. જે હાડકાં, માંસપેશી દાંત, નખ અને વાળને મજબૂત બનાવવા માટે જરૂરી છે. તેમ જ વિટામિન-ડી અને કેલ્શિયમ એકબીજાના અવશોષણ માટે જરૂરી છે. શરીરના અંદરનાં અવયવોનું સ્વાસ્થ્ય તેમ જ બહારના સંક્રમણથી લડવા માટે કેલ્શિયમ જરૂરી છે. અકસ્માત કે માનસિક બીમારી વખતે કેલ્શિયમની જરૂરિયાત પડે છે. શરીર દરરોજ અંદાજે ૨૦૦મી ગ્રામ જેટલું કેલ્શિયમ પેશાબ વાટે શરીરની બહાર ફેંકી દે છે.

એસીડીટી થવાનાં કારણોમાં જોઇએ તો આ કારણો લગભગ બધા જ જાણે છે. અતિ ભારે ખોરાક ખાવો, કોલ્ડડ્રીંક, દારૂ, તંબાકુ, ટૂથપેસ્ટ વનસ્પતિ ઘી (નકલી ઘી) માં બનતાં બિસ્કિટ, કેક, નાનખટાઇ, ખારી, ટોસ્ટ, આઇસક્રીમ, ક્રીમ બિસ્કીટ, બ્રેડ, સાકર એ સૌથી મોટું કારણ છે એસીડીટીનું. સાકર બનાવતી વખતે ફાર્માલ્ડિહાઇડ (જંતુનાશક દવા)નો ઉપયોગ અને બીજા ઘાતક કેમિકલો. આ રસાયણો શરીરમાં જતાં જ તીવ્ર એસીડીટી થાય છે. કોલ્ડડ્રીંકમાં ફોસ્ફોરીક એસિડનો વપરાશ થાય છે. જે હાડકાંને પણ નબળા કરી નાખે છે. વનસ્પતિ ઘીમાં બનતાં ફરસાણ-ફરસાણમાં સોડાનો ઉપયોગ. આ બધાના કારણે એસીડીટી થાય છે. એસીડીટીને દૂર કરવા વપરાતી એન્ટાસીડ દવા જે શરીરનું કેલ્શિયમ ખોરવી નાખે છે.

દવાના કારણે જઠરમાં એસિડનો સ્ત્રાવ વધતો જાય છે. પરિણામ સ્વરૂપ અપચન, ખાટા ઓડકાર, બળતરા વધી જતાં તે અલ્સરમાં રૂપાંતરિત થઇ જાય છે. એસિડનો સ્ત્રાવ વધતાં શરદી, ઉધરસ, કાનમાં દુખાવો, ટોન્સિલ્સ, સાયનસ બહેરાપણું વગેરે એસીડીટીને લીધે જ થાય છે. ઘણીવાર લોકો કહે છે કે અમે અમુક ફળ ખાધા કે ભીંજાયા, કે વાયરલના કારણે શરદી થાય છે. આ તદ્દન ખોટું છે. એસિડના વધુ સ્ત્રાવને લીધે આંખમાં પાણી આવે છે. કારણ એસીડીટીના કારણે લોહીનો પી. એચ. બગડતાં આંખના ડોળાની અંદરના પાણીનો પી.એચ. બગડી જાય છે અને આંખની અલગ અલગ બીમારીઓ થાય છે. રક્તવાહિનીમાં પી.એચ. ઘટે એટલે ઓક્સિજનનો પુરવઠો ઓછા થવા લાગે, શ્વાસમાં લેવામાં તકલીફ થાય, આળસ જણાય. ખોરાક ન પચતાં ચયાપચયની નળીનું કામ વધે. પરિણામે થાઇરોઇડ ગ્લેન્ડ બગડે છે. એસીડીટી થતાં ગળામાં તકલીફ, બોલવામાં તકલીફ થાય છે. એસીડીટી થતા સાધામાં દુઃખાવો આર્થરાઇટીસ, હાડકાંમાં દુઃખાવો થાય છે. ત્યાંનુ કેલ્શિયમ બગડી જાય છે. ફેફસાની અંદરના આવરણમાં દ્રવ છે તેનો પી. એચ., એસીડીક થતાં ન્યૂમોનિયા, ટી. બી. જેવી બીમારી થાય છે.

ગર્ભાશયમાં અને ફેલોપિઅન ટયૂબમાં રહેલો ચીકણા દ્રવનું પી. એચ. બદલાતા ગર્ભપાત, સંતાન ન થવું. ગર્ભદોષ જેવી તકલીફો થાય છે. સ્નાયુઓમાં રહેલો દ્રવ બગડતાં હાથ પગમાં દુઃખાવા તેમ જ ધ્રુજારી જેવા રોગ થાય છે. પુરુષના વીર્યનો પી. એચ. બગડતા સંતતી અને પ્રોસ્ટેટની તકલીફ થાય છે. મૂત્રમાર્ગમાં -મસ્તિષ્કમાં રહેલો દ્રવ (વાઇટ મેટર) બગડતાં ઘણીવાર માણસ પશુ જેવું વર્તન કરે છે. કોલેસ્ટ્રોલ બગડવા કે ડાયાબિટીસ જેવી બીમારી પણ શરીરમાંનું પી. એચ. બગડતાં જ થાય છે.

શરીરનો પી. એચ. બગડવો એટલે જ એસીડીટી અને એસીડીટી થતાં કેલ્શિયમનું બગડવું અને એનાથી બધી બીમારીઓ થાય છે. એલર્જી મધુમેહ (ડાયાબિટીસ) કે અન્ય બીમારીઓ એ વારસાગત રોગ એ સંપૂર્ણ રીતે અનુવાંશિક નથી. આપણી ખુદની શક્તિઓની આજ્ઞાનતા જ આપણી વ્યાધિઓને જન્માવે છે. જે આપણી ખુશી અને આનંદને હણે છે.

એસીડીટી થતાં જ જાણી લેવું કે આપણાં ભોજનમાં નકામી ખાવાની વસ્તુઓનું પ્રમાણ કેટલું છે. તેનો ઉપયોગ સંપૂર્ણ બંધ કરી દેવો. એસીડીટી નાબૂદ કરવા દાડમ એ શ્રેષ્ઠ વિકલ્પ છે. દાડમની છાલને પાણીમાં રાખી દેવી અને દિવસ દરમિયાન આ પાણીનો ઉપયોગ કરવો. દાડમનાં ફૂલોનો પાઉડર એ એસીડીટી પર રામબાણ ઈલાજ છે. દાડમના ઝાડ પર આવતાં ફૂલો જે મોટા પ્રમાણમાં આવે છે. દાડમનું ફળ સાઈઝમાં મોટું બને તે માટે દાડમના ઝાડ પરથી ફૂલો કાઢી નાખે છે તે ફૂલો ફેંકી દેવામાં આવે છે. આ ફૂલોને સૂકવી પાઉડર બનાવવો અને તેનો ઉપયોગ કરવો જોઈએ. એક ચમચી પાઉડર એક ગ્લાસ પાણીમાં નાખી પીવાથી કેન્સર જેવી બીમારી પર સફળ રીતે કાબૂ મેળવી શકાય છે. કારણ કેન્સર એ તીવ્ર એસીડીટીનું જ સ્વરૂપ છે. દાડમનાં ફૂલનો પાઉડર કફ, શરદી કે કાનમાં થતી રસીને પણ દૂર કરે છે.

એસીડીટીને કારણે અલ્સર થયું હોય તો સફરજન પણ અતિ કારગર છે. સફરજનમાં રહેલું મૈલિક એસિડ અને વિટામિન સી ઘાવને ભરી દે છે.

લીચી જે સ્વાદથી ભરપૂર છે, તેમાં રહેલું મૈલિક એસિડ, ટાર્ટરિક એસિડ, વિટામિન-સી અને વિટામિન-બી જે અંદરની ત્વચાને રિપેર કરે છે. એસીડીટીને લીધે થયેલાં ચામડી પરના ઘાને ભરી દે છે. અન્ય ઘણાં ફળો એસીડીટીને નાબૂદ કરે છે. પ્રાકૃતિક રીતે એસીડીટીને દૂર કરવી. આપણી ખાવાની નબળાઈને દૂર કરવી. પ્રાકૃતિક આહાર જ ગ્રહણ કરવો. પ્રકૃતિની અનુભૂતિ એ તમારા માટે ઉપયોગી થઈ શકે તેવી શ્રેષ્ઠ વસ્તુઓમાંની એક છે.

પ્રાકૃતિક ભોજનને છોડી પ્રદૂષિત આહારને ગ્રહણ કરતી માનવીય બદદાનત કેટકેટલા અનર્થો ને બીમારીઓની આફતો નોતરી રહી છે. માનવીએ સૌથી મૂલ્યવાન સંપત્તિ-તેના સ્વાસ્થ્ય અને કલ્યાણ પર આક્રમણ કર્યું છે.

'ટેક્નોલોજી બહાર ચાલશે પેટે ટેક્નોલોજીનો સ્વીકાર કર્યો નથી.' ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# પ્રાણાયામની કેટલીક ભ્રામક વ્યાખ્યા...



(ભાગ-૬)

**૧. પ્રસ્તાવ :**

આધુનિક માનસની એ એક વિશિષ્ટતા છે કે તે પ્રત્યેક સાધનનો બૌદ્ધિક ખુલાસો માગે છે. અમે પ્રાણાયામ શા માટે કરીએ? પ્રાણાયામ શું કરે છે? પ્રાણાયામ શું છે? પ્રાણાયામમાં એવું શું છે કે જે તેને અધ્યાત્મસાધન બનાવે છે? - આવા અનેકવિધ પ્રશ્નો આધુનિક માનસ ઉપસ્થિત કરે છે. કોઈ પણ સાધનના સ્વરૂપને શક્ય હોય તેટલી હદે સમજી લેવામાં આવે તે બરાબર જ છે. તે પ્રમાણે પ્રાણાયામના સ્વરૂપને પણ યથાશક્ય સમજવાનો પ્રયત્ન કરીએ.

યૌગિક સાધનક્રમમાં પ્રાણાયામનું વિશિષ્ટ અને મહત્ત્વપૂર્ણ સ્થાન છે. અધ્યાત્માભિમુખ બનીને યુક્તિપૂર્વક કરેલો પ્રાણાયામનો અભ્યાસ સાધકના આધ્યાત્મિક ઉત્થાનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે તેમ છે, એટલું જ નહીં, પરંતુ શરીર-મનનાં સ્વાસ્થ્ય અને કાર્યક્ષમતા માટે પણ પ્રાણાયામનું મૂલ્ય ઓછું નથી.

પ્રાણાયામનો અભ્યાસ કરનારે સમજી લેવું જોઈએ કે પ્રાણાયામ કરતી વખતે શરીરનાં હૃદય, ફેફસાં અને જ્ઞાનતંત્ર જેવાં નાજુક અવયવો સાથે કામ કરવાનું છે. આથી પણ ઊંડી દૃષ્ટિથી જોઈએ તો પ્રાણાયામ પ્રાણમય શરીરના પ્રવાહોના નિયમનની ક્રિયા છે.

તેથી અયુક્ત પ્રાણાયામ સાધકનાં શરીર-પ્રાણ-મનને ખૂબ નુકસાનકારક બની શકે છે. ઉચિત પદ્ધતિથી પ્રાણાયામનો અભ્યાસ કરવામાં આવે તો પ્રાણાયામ અગ્નિ જેવા પાવક છે, પરંતુ તેમ કરવામાં ચૂક થાય તો પ્રાણાયામ અગ્નિથી પણ વધુ દાહક છે.

હઠયોગ પ્રદીપિકામાં સ્વાત્મારામે ઉચિત રીતે જ નોંધ્યું છે-

**प्राणायामेन युक्तेन सर्वरोगक्षयो भवेत् ।**
**अयुकताभ्यासयोगेन सर्वरोगसमुद्भवः ।।**
**-हठप्रदीपिका; २-१६**

'પ્રાણાયામના યુક્ત (યોગ્ય) અભ્યાસથી સર્વ રોગનો નાશ થાય છે, પરંતુ અયુક્ત (અયોગ્ય) પ્રાણાયામના અભ્યાસથી સર્વરોગની ઉત્પત્તિ થાય છે.'

આમ હોવાથી યોગપથના પથિકે પ્રાણાયામના અભ્યાસનો પ્રારંભ કરતા પહેલાં પ્રાણાયામના સ્વરૂપને યથાર્થતઃ સમજી લેવું જોઈએ. અભ્યાસીએ સમજી લેવું જોઈએ કે પ્રાણાયામ શું છે અને શું નથી. અભ્યાસીએ એ પણ સમજી લેવું જોઈએ કે પ્રાણાયામ કરવાની યથાર્થ પદ્ધતિ શું છે, શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસમાં પ્રાણાયામનું શું પ્રદાન છે અને તે કાર્ય પ્રાણાયામથી કેવી રીતે સિદ્ધ થાય છે.

અહીં આપણે આ સર્વ પ્રશ્નોના ઉત્તરો મેળવવાનો પ્રયત્ન કરીએ.

**૨. પ્રાણાયામ વિશેના ભ્રામક ખ્યાલોનું નિરસનઃ**

સમગ્ર યોગની બાબતમાં બન્યું છે તેમ પ્રાણાયામ વિશે પણ કેટલાક ભ્રામક ખ્યાલો વ્યાપેલા છે. તેથી પ્રાણાયામ શું છે, તે સમજતાં પહેલાં આ ભ્રામક ખ્યાલોનું નિરસન થવું આવશ્યક છે.

(अ) પ્રાણાયામ શ્વાસોચ્છ્વાસનો વ્યાયામ નથી. એ વાત સાચી છે કે આપણે પ્રાણાયામમાં શ્વસનક્રિયાનો ઉપયોગ કરીએ છીએ, પરંતુ પ્રાણાયામ અને શ્વાસોચ્છ્વાસના વ્યાયામમાં મૂલતઃ જ ભિન્નતા છે. આ ભિન્નતા આપણે અગાળ જોઈશું.

(ब) ગમે તે રીતે શ્વાસને લાંબો વખત રૂંધવાથી કોઈક ચમત્કારિત અનુભવો થાય છે અને આધ્યાત્મિક વિકાસ પણ થાય છે, તેવો ખ્યાલ કેટલાક લોકોના મનમાં પ્રવર્તે છે.

આ ખ્યાલ માત્ર ભ્રામક જ નથી, પરંતુ ઘાતક પણ છે. એ વાત સાચી છે કે પ્રાણાયામમાં શ્વાસને રોકવામાં આવે છે, પરંતુ શ્વાસનું રુંધન અને કુંભક એક નથી જ. શ્વાસને ગમે તેમ રોકવાથી પ્રાણાયામ બનતો નથી. તેમ કરવાથી તો શરીર-મનની બીમારી મળે છે.

(क) પ્રાણાયામના અભ્યાસથી અસાધારણ અને ચમત્કારિક શારીરિક-માનસિક શક્તિઓ પ્રાપ્ત થાય છે, એવા ભ્રમમાંથી પણ મુક્ત થવાની જરૂર છે.

પ્રાણાયામના અભ્યાસથી શરીર-મનને લાભ થાય છે, તે સાચું છે; પણ એથી યે વધુ સાચું એ છે કે પ્રાણાયામના અભ્યાસથી સાધકના આધ્યાત્મિક વિકાસનો માર્ગ પ્રશસ્ત બને છે.

પ્રાણાયામ ચમત્કારો સર્જવાની વિદ્યા નથી અને પ્રાણાયામનો એ હેતુ પણ નથી.

**૩. પ્રાણ એટલે શું?**

પ્રાણાયામમાં 'પ્રાણ' શબ્દ પ્રધાન છે. પ્રાણાયામ પ્રાણની કેળવણી ઘટના છે. આમ હોવાથી પ્રાણાયામના સ્વરૂપને યથાર્થતઃ સમજવા માટે આપણે પહેલાં 'પ્રાણ'નો અર્થ બરાબર સમજી લેવો જોઈએ-પ્રાણ એટલે શું?

'પ્રાણ' શબ્દ બે અર્થમાં વપરાય છે. પ્રથમ અર્થ પ્રમાણે, પ્રાણ એટલે વાયુ. આપણે શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં અને તેથી પ્રાણાયામમાં પણ વાયુને બહાર કાઢીએ છીએ, અંદર લઈએ છીએ અને અંદર કે બહાર રોકીએ છીએ. આ વાયુ માટે યૌગિક ગ્રંથોમાં 'પ્રાણ' શબ્દનો પ્રયોગ થાય છે. આ પ્રાણનો પ્રથમ અર્થ છે.

પ્રાણનો બીજો અર્થ વધુ સૂક્ષ્મ છે. આપણું સ્થૂળ શરીર પંચમહાભૂતોનું બનેલું છે, જેને અન્નમયકોશ કહે છે. તૈત્તરીય ઉપનિષદમાં આવા પાંચ કોશનું કથન છે. અન્નમયકોશ, પ્રાણમયકોશ, મનોમયકોશ, વિજ્ઞાનમયકોશ અને આનંદમયકોશ-આ પાંચ કોશ છે. આ પાંચ કોશ ઉત્તરોત્તર વધુ ને વધુ સૂક્ષ્મ છે. આમાંનો પ્રાણમયકોશ પાંચ પ્રાણ અને પાંચ ઉપપ્રાણનો બનેલો છે. આ પ્રાણમય કોશ અને તેમાં વહેતાં શક્તિના સૂક્ષ્મ પ્રાણમય પ્રવાહોના અર્થમાં પણ 'પ્રાણ' શબ્દનો ઉપયોગ થાય છે. 'પ્રાણ' શબ્દના આ બંને અર્થો વચ્ચે વિરોધ નથી, કારણ કે આ સૂક્ષ્મ પ્રાણશક્તિ અને શ્વાસોચ્છ્વાસમાં આવતાંજતાં વાયુને પરસ્પર ગાઢ સંબંધ છે. એક સૂક્ષ્મ છે અને બીજો સ્થૂળ છે. સ્થૂળ વાયુ વસ્તુતઃ સૂક્ષ્મ પ્રાણશક્તિનો બહારનો સ્થૂળ છેડો છે.

'પ્રાણ' શબ્દના આ બંને અર્થમાં બીજો અર્થ જ 'પ્રાણ' શબ્દનો ખરો અર્થ છે. સરળ ભાષામાં કહીએ તો પ્રાણ એટલે જીવનશક્તિ. પ્રાણથી જ અનુપ્રાણિત થઈને સ્થૂળ ભૂમિકા પર શરીર અને સૂક્ષ્મ ભૂમિકા પર ચિત્ત ક્રિયાશીલ બની શકે છે. પ્રાણ વસ્તુતઃ શરીર અને ચિત્તને જોડનારી કડી છે અને બંનેને અનુપ્રાણિત કરનારી શક્તિ છે.

ઉપનિષદોમાં કોઈક-કોઈક સ્થાને 'પ્રાણ' શબ્દ પ્રત્યક આત્માના અર્થમાં પણ વપરાયેલો જોવા મળે છે, પરંતુ આપણે અહીં તે અર્થનો વિચાર કરતા નથી; કારણ કે યોગશાસ્ત્રમાં પ્રાણનો તે અર્થ ક્યાંય લેવાયેલો જોવા મળતો નથી.

યોગશાસ્ત્રમાં પાંચ પ્રાણ અને પાંચ ઉપપ્રાણનું વર્ણન જોવા મળે છે:

| | પાંચ પ્રાણ | કર્મ | સ્થાન |
|---|---|---|---|
| ૧. | પ્રાણ | શ્વાસોચ્છ્વાસ | નાભિથી હૃદય |
| ૨. | અપાન | ઉત્સર્ગ | નાભિથી ગુદા |
| ૩. | સમાન | પાચન, પોષણ | નાભિ |
| ૪. | વ્યાન | પરિનયન | સમગ્ર શરીર |
| ૫. | ઉદાન | ઉન્નયન | કંઠ |

**हृदि प्राणो वसेन्नित्यमपानो गुह्यमण्डले ।**
**समानो नाभिदेशे तु उदानः कण्ठमध्यगः।।**
**व्यानो व्यापी शरीरे प्रधानः पंचवायवः ।।**
**-गोरक्षसंहिता; ३०**

| | પાંચ ઉપપ્રાણ | કર્મ |
|---|---|---|
| ૧. | નાગ | ઓડકાર |
| ૨. | કૂમ | સંકોચન |
| ૩. | કૃકર | ક્ષુધા-તૃષ્ણા |
| ૪. | દેવદત્ત | નિદ્રા-તંદ્રા |
| ૫. | ધનંજય | ફૂલાવું |

(ક્રમશઃ) ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# અરે, તમે ભીષ્મપ્રતીજ્ઞા લેશો તો ભીષ્મ શું લેશે?!




**પ્લેનમાં** પ્રવેશતાં જ દરવાજે ઊભેલી એરહોસ્ટેસે જેવું 'વેલકમ સર' કીધું ને હું માં અંબેના સોગંધ ખાઈને કહું છું કે સોરી, લખું છું કે તમારા આખાયે જીવનકાળમાં વાઈફ તો શું પણ તમારી સગી સાળીએ પણ મારકણું સ્મિત નઇ આપ્યું હોય એવું મીઠું સ્મિત આપ્યું ને મારું રોમેન્ટિક મન મોર બની થનગાટ કરવા લાગ્યુ. મારું હૈયું ઊછળી ઉછળીને ગાવા લાગ્યું 'આજ નાચે રે ઉમંગ અંગે અંગમાં રે લોલ.'

અપરિચિત ચહેરો જોઈ હૃદય આટલું ગાંડુ કેમ બની જતું હશે? જે પવિત્ર ભાવના વર્ષો સુધી ધરબી રાખેલી એ એક સ્ત્રી સુખ-મુખની કલ્પના માત્રથી પચીસ સેકન્ડમાં લુપ્તપ્રાય શું કામ થાતી હશે? મારી જેમ બધાને થતું હશે?' આવા વિચારો સાથે પ્લેનમાં પ્રવેશ્યા. ધીરે ધીરે પુરુષમંડળ સલૂનમાં દાઢી કરાવવા બેઠા હોય એમ ને નારીજગત મહિલા ગેરેજ એટલે કે બ્યુટી પાર્લરમાં આઈ-બ્રો કરાવવા બેઠી હોય એમ ટપોટપ ગોઠવાયા..સરોજે મને પૂછ્યું

'સુભાષ, દરવાજા પાસે પેલી બાઈ આપણી સામે કેમ હસી? એ આપણને ઓળખે છે?'

'હાસ્તો' મારી છટકી 'ગયા ભવમાં આપણે બંને ભાઈ-બહેન હતાં ને એ આપણી 'બા' હતી.....વાઆઆઆત કરે છે!. અરે, આ સ્માઇલ એની બિઝનેસ સ્ટાઈલ છે. જેથી ગ્રાહક ખેંચાય.'

બારી પાસે બેઠેલી સરોજે મને પૂછ્યુંઃ

'સુભાષ હું તો પહેલી વાર વિમાનમાં બેસું છું. મને કહે કે વિમાન પહેલી વાર ઉપર જાય પછી કેવું લાગતું હશે?'

'બકા, વિમાન ઉપર જાય ત્યારે નીચેના માણસો કીડી જેવડા દેખાય' મેં કીધું.

'અરે, આ તો માણસો જેવું... કોઈ ધનથી, પદથી, પ્રતિષ્ઠાથી કે નસીબથી પણ ઉપર આવ્યું તો નીચેના બધા કીડીઓ જેવા દેખાય.' પછી મૂંડી ફેરવી બોલીઃ

'સુભુ, તારી વાત એકદમ સાચી નીચે બધા માણસો કીડીઓ જેવા જ દેખાય છે.'

મેં પણ જિરાફની જેમ ડોક લાંબી કરી બારીમાંથી જોયું ને મને આશ્ચર્ય, આંચકો ને આઘાત લાગ્યો મેં કીધું :

'હે અલ્પબુદ્ધિ,એ કીડી જ છે, વિમાન ક્યાં હજી ઊપડ્યું છે?' મા કસમ, મિત્રો... મારી ટાલમાં બચેલા સાડાત્રણ વાળના સોગંધ ખાઈને કહું છું જો બારી ખુલ્લી હોત તો મેં એને ધડ કરતી બહાર ફેંકી દીધી હોત.'

એટલામાં ઝૂમઝૂમઝૂમઝૂમ.. કરતી ફ્લાઇટ શરૂ થઈ, પણ ત્રીસ સેકન્ડમાં તો સરોજ અચાનક ભડકી :

'હું જઉ છું પાઈલોટની કેબિનમાં.. આપણે છેતરાયા છીએ, ફસાયા છીએ....આ લોકો હવામાં ઉડવાના પૈસા લઈ વિમાન જમીન પર કેમ ચલાવે છે?'

'અરે મારી ગજગામિની..શાંત થા હજી ટેકઓફ તો થવા દે....ટેકઓફ થયા પછી સિંગાપોર સુધી હવામાં જ રેવાનુ છે.'

થોડીવારમાં હોસ્પિટલમાં દર્દીને સ્ટ્રેચર પર લાવતા હોય એમ ચાની ટ્રોલી આવી ને પેલી હસીને બોલી :

'વોટ યુ વોન્ટ સર?'

મનમાં થયું : ગગી., મારે જે જોઈએ છે એ તારી પાસે જાહેરમાં કેમ મંગાય? એટલે વિક્ટરીનો 'વી' બતાવી 'ટી' બોલ્યો

'ટુ કપ ટી...'એને કીધું

'સુભાષ એ તમને કપટી કહે છે ને તમે હા પાડી? તમારા પેટમાં કયુ કપટ છુપાયેલું છે?'

'અરે મારી મા, પ્યોર ગુજરાતીમાં બે કપ ચા થાય. સમજી?'

એટલામાં મગમાં ચા હાજર. પણ કપમાં કાઢી તો ફિનાઇલ છે કે ચા ખબર જ ન પડી, પણ વાઈફ કોને કીધી? એ તો કબજિયાતનો દર્દી દિવેલ પીતો હોય એમ 'ચાનો અનાદર ન થાય,પૈસા ખર્ચ્યા છે' એવા ભાવથી પી ગઈ, ત્યાંતો પેલી દૂધના ક્રીમનું ને સાકરનું પેકેટ આપી ગઈ. હવે? સરોજે આજુબાજુ જોયું ને મને કોઈ જોતું નથીને એ જોઈ સાકર ને ક્રીમ ભેગા કરી મંદિરમાં કોપરા સાકરના પ્રસાદની જેમ ફાકડો મારી ગઈ પછી મને કહે : 'હવે પેટમાં ચા તૈયાર, સુભુ, જો તો, મોઢા પર ક્યાંય સાકરનો દાણો ચોટ્યો નથીને..? નઇતર હાઇ- વેના ટ્રાફિકની જેમ મોઢા પર કીડીઓ ફરશે..'

એટલામાં પેલી પાછી આવી ને બોલી : 'સર. યુ વોન્ટ મોર સુગર?' મનમાં બોલ્યો : 'લલ્લી, તારા બોલવામાં એટલી મીઠાશ છે કે આખા ફ્લાઇટની સાકર પણ ફિક્કી લાગે..'

કલાક પછી પાછી ટ્રોલી આવી ને વાઈફને પૂછ્યું :

'આર યુ વેજિટેરિયન?'

'નો મેડમ, આઈ એમ નોટ વેજિટેરિયન, આઈ એમ સરોજ ઠાકર'

મને થયું ધરતી મારગ આપે તો મા સીતાની જેમ સમાઈ જઉ પણ ધરતીના બદલે નીચે લોખંડનુ તળિયું હોવાથી વિચાર માંડી વાળ્યો.

'અરે, એ પૂછે છે કે તું શાકાહારી છે? મેડમ, વી બોથ આર વેજિટેરિયન.'

'સર, યુ વોન્ટ કોક વીથ લંચ?'

સરોજની કમાન છટકી 'એય કોકની સગલી, લાજશરમ છે કે નઇ? વોટ ડુ મીન બાય કોક? આ ૬૦ વર્ષનો ૬૦ કિલોનો ધણી ચોમાસામાં ઠૂઠવાયેલા કબૂતર જેવો બેઠો છે ને તું કોક માટે પૂછે છે? ખબરદાર, બીજીવાર અગર સેમ થિંગ વિલ હેપન આઈ વિલ નોટ ટોયલેટ... આઈ મીન ટોલરેટ. યોર મધર-ફાધર ગીવન ધિસ ટાઈપ ઓફ સંસ્કાર... કોક સાથે?'

પેલી ગગીની આંખો તો સરકસમાં મોતના કૂવામાં ફરતા સ્કૂટરની જેમ ગોળ ગોળ ફરવા લાગી ને મને પણ ઝનઝનઝનઝન કરતો ઝાટકો લાગ્યો ને દૂધમાં કેસર નાખ્યું હોય એવી લાલ ટસર મારી સફેદ આંખમાં ડોકિયું કરવા લાગી.

મેં સમજાવીઃ 'જો બકા, ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ અરે કોક એટલે કોકાકોલા.'

'એ મને નહિં તમારી સગલીને સમજાવો... આખું બોલે અથવા ગુજરાતીમાં એને કોકનો અર્થ સમજાવો ને હે મારા સાસુમાના દેવના દીધેલ મારા વર, પ્લીઝ તમે ન કરો એની ફેવર.'

સરોજના મગજે ગરમી પકડી

'સૂરું. આજ પછી તને ક્યારેય વિમાનમાં સાથે નઇ રાખું આજ એવી ભીષ્મપ્રતિજ્ઞા લઉં છું'

'બસ તમે આટલી નાની બાબતમાં ભીષ્મને વચ્ચે ન લાવો તમે ભીષ્મપ્રતિજ્ઞા લેશો તો ભીષ્મ શું લેશે? આઈ નો કે પેલીને ભેટ આપ્યા વગર ભેટવાનું મન થાય પણ માઇન્ડ વેલ, બાજુ વાળાના ફ્રીઝમાં ઠંડું પાણી ભલે પીવા મળે પણ ઘરના માટલાના સ્વાદ સામે એ પણ પાણી ભરે..સમજ્યા કે નઈઈઈ ...?!'

શું કહો છો ? ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# અનેક બીમારીમાં ગુણકારી છે લીલા શિંગોડાં...



આપણાં આયુર્વેદમાં ભોજનને યોગ્ય માત્રામાં, યોગ્ય મોસમમાં, યોગ્ય સમયે ગ્રહણ કરવાના ખાસ નિયમો બનાવવામાં આવ્યા છે. જો આપ મોસમ પ્રમાણે અનાજ-શાકભાજી-ફળોનો ઉપયોગ કરો તો આપનું સ્વાસ્થ્ય બારે માસ તંદુરસ્ત રહે તેની ખાતરી આપવામાં આવે છે. ક્યારે શું ખાવું તેનો ખ્યાલ કઈ રીતે રાખી શકાય? તે માટે બજારમાં એક લટાર મારવી આવશ્યક બની જાય છે. આયુર્વેદના ગ્રંથમાંથી જાણકારી મેળવવી કે વડીલોની શિખામણ કે નુસખા કારગર હોય છે. માન્યું કે બજારમાં હવે બારેમાસ મોટાભાગના ફળ-શાકભાજી મળી રહે છે. તેમ છતાં મોસમી ફળની ઓળખ આપ બજારમાં એક લટાર મારવાથી મેળવી લેશો. શિંગોડા બે પ્રકારના મળે છે. એક સૂકા જેનો ઉપરી રંગ કાળો હોય છે. બીજા લીલા જેનું બહારી પડ લીલું હોય છે. અંદરથી તે સફેદ રંગના જ હોય છે, પરંતુ સ્વાદમાં થોડી મીઠાશ ધરાવે છે. ચોમાસામાં ખાસ મળે છે. કુદરતે અન્ય ફળોની સરખામણીમાં શિંગોડાનો જરા હટકે આકાર બનાવ્યો છે. 'ત્રિકોણ' જેથી સંસ્કૃતમાં તેને 'ત્રિકોણફળ' કહેવામાં આવે છે. હૃદયનો આકાર ધરાવતું શિંગોડાનું ફળ દેખાવમાં મનમોહક લાગે છે. તળાવમાં ઊગતાં હોવાથી તેને 'જળફળ' કહેવામાં આવે છે.

શિંગોડાનું વાનસ્પતિક નામ ટ્રાપાનટાન્સ કિસ્મ બાઈસ્પાઈનોસા છે. અંગ્રેજીમાં તેને વૉટર ચેસ્ટનટ કે વૉટર કેલટ્રોપસ્ કહેવામાં આવે છે. શિંગોડાને ભારતની અન્ય ભાષામાં વિવિધ નામે ઓળખવામાં આવે છે. જેમ કે હિન્દીમાં સિંઘાડા કે સિંહાડા, તમિળમાં ચિમકારા, તેલુગુમાં કુબ્યક્મ, બંગાળીમાં પાનિફલ, કન્નડમાં સગાડે, ઓરિયામાં પાની સિંગાડા, પંજાબીમાં ગૉનરી, મરાઠીમાં સિઘાડે કે સિંગાડા, મલયાલમમાં કરીમપોલમ, ઉર્દૂમાં સિંઘારા.

શિંગોડાની તાસીર જોઈએ તો મધુર, ઠંડી, વાત-પિત્તને ઘટાડનારી, કફને દૂર કરનારી, રૂચિ વધારનારી, મોટાપાને દૂર કરનાર, વીર્યને વધારનાર તથા ઘટ્ટ બનાવનારી, હાડકાંને મજબૂત બનાવનારી ગણાય છે.

૧૦૦ ગ્રામ શિંગોડામાં સમાયેલાં પોષક તત્ત્વોની વાત કરીએ તો તેમાં કેલરીની માત્રા ૧૩૧ ગ્રામ, સોડિયમ ૨૭ મિલિગ્રામ, પોટેશિયમ ૭૧૫ મિલિગ્રામ, કુલ કાર્બોહાઈડ્રેટની માત્રા ૨૮ ગ્રામ સમાયેલી જોવા મળે છે. તેમાં વિટામિન સી, વિટામિન ડી, વિટામિન બી-૬, આયર્ન, કેલ્શિયમ, મૈગ્નેશિયમ, કોબાલામિન તથા પ્રોટીનની માત્રા ૨ ગ્રામ જેટલી હોય છે. ઍન્ટિ-ઓક્સિડન્ટના ગુણોથી ભરપૂર હોવાને કારણે તેનું સેવન કરવાથી ફ્રી-રેડિકલ્સથી બચાવે છે.

## શિંગોડાનું સલાડ



**સામગ્રીઃ** ૧ મોટો બાઉલ લીલા તાજા શિંગોડા, ૧ મોટો બાઉલ કાકડી, ૨ ચમચી શેકેલી સિંગ, મરી પાઉડર સ્વાદાનુસાર, ૧ ચમચી ખાંડ, ૧ ચમચી લીંબુનો રસ, સ્વાદાનુસાર સંચળ.

**બનાવવાની રીતઃ** સૌ પ્રથમ લીલા શિંગોડાને છોલીને બે ટૂકડામાં કાપી લેવાં. તેને બરફના પાણીમાં રાખવા. કૂણી કાકડીના એક સમાન ટુકડા કરી લેવાં. હવે એક બાઉલમાં કાપેલાં શિંગોડા તથા કાકડી લેવી. તેમાં શેકેલાં શિંગદાણા ભેળવવાં. ઉપરથી ખાંડ, લીંબુનો રસ, સંચળ પાઉડર તથા મરી પાઉડર ભેળવીને બરાબર હલાવી લેવું. સ્વાદિષ્ટ શિંગોડા-કાકડીનો સલાડ ઠંડો સર્વ કરવો.

## લીલા શિંગોડાના સ્વાસ્થ્યવર્ધક લાભ

**શરીરની નબળાઈને દૂર કરવામાં ગુણકારીઃ**
અનેક વખત મોસમમાં બદલાવને કારણે કે ભોજનમાં અરૂચિ, અનિયમિતતા કે પછી અત્યંત કડક રીતે ઉપવાસ કરવાથી શરીરમાં નબળાઈ આવી જાય છે. આવા સંજોગોમાં લીલા શિંગોડાનું સેવન ગુણકારી ગણાય છે. કેમ કે શિંગોડામાં ફેટનું પ્રમાણ હોતું નથી. તેમાં સારા પ્રમાણમાં પોટેશિયમના ગુણો તથા આયર્નના ગુણો સમાયેલાં છે જેથી તેનું સેવન કરવાથી શરીરને સ્ફૂર્તિ મળી જાય છે.

**શરીરના સોજા માટે લાભદાયીઃ** શિંગોડામાં ફાઈસેટિન, ડાયોસ્મેટિન, લ્યૂટોલિન, ટેક્ટોરિજિનિનની સાથે ઍન્ટિ - ઑક્સિડન્ટ સમાયેલું છે. જે શરીરમાં ડેડ સેલ્સની મરામત કરીને સોજાને ઘટાડવામાં મદદ કરી શકે છે.

**હૃદયની તંદુરસ્તી માટે ગુણકારી :** ૧૦૦ ગ્રામ શિંગોડામાં પોટેશિયમનું પ્રમાણ ૭૧૫ મિલીગ્રામ હોવાને કારણે બ્લડપ્રેશરને ઘટાડવામાં બહુ ઉપયોગી ગણાય છે. વળી સોડિયમની અસરને ઘટાડે છે. જેથી બ્લડપ્રેશર ઘટે છે. વળી ખરાબ કૉલેસ્ટ્રોલના પ્રમાણને ઘટાડવામાં સહાયક બને છે. તેથી જ હૃદયની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે હૃદય આકારના શિંગોડાના ફળનું સેવન અત્યંત ગુણકારી ગણાય છે.

**માનસિક તાણ ઘટાડવામાં મદદરૂપ :** શિંગોડાનું સેવન કરવાથી માનસિક તણાવ અમુક હદ સુધી ઘટે છે. તેનું મુખ્ય કારણ શિંગોડામાં વિટામિન બી-૬ની માત્રા વધુ છે. જે માનસિક તાણ તથા વ્યક્તિના મનોભાવને સુધારવામાં મદદ કરે છે. તેમજ ગાઢ નિંદર લાવવામાં ગુણકારી ગણાય છે.

**કેન્સરના ખતરાને ઘટાડે છેઃ** શિંગોડામાં ઍન્ટિ-ઓક્સિડન્ટની માત્રા વધુ હોય છે. જે શરીરને ફ્રી-રેડિકલ્સની સામે લડવામાં મદદ કરી શકે છે. વળી જર્નલ ઑફ ફૂડ સાયન્સમાં પ્રકાશિત એક અહેવાલ મુજબ શિંગોડાનું સેવન ફ્રી-રેડિકલ્સના પ્રભાવને ઘટાડવામાં ઉપયોગી હોવાથી કેન્સર જેવી ગંભીર બીમારીના ખતરાથી બચાવે છે.

**પાચનતંત્રને સુધારે છે :** શિંગોડામાં ફાઈબરનું પ્રમાણ ભરપૂર હોય છે. જે પાચનક્રિયાને સુધારવામાં મદદ કરે છે. તેથી જ શિંગોડાને ખાવાથી અપચાની તકલીફથી છુટકારો મેળવી શકાય છે. પેટ સંબંધિત સમસ્યા ધરાવતાં દર્દી માટે શિંગોડાનું સેવન અત્યંત લાભદાયક ગણાય છે.

**પ્રજનન શક્તિ તથા હૉર્મોનલ સમતુલનને સુધારવામાં ગુણકારી :** શરીરનું હૉર્મોનલ બેલેન્સ અસંતુલિત બને ત્યારે શરીરમાં અનેક સમસ્યા ઊભી થાય છે. શિંગોડાનું સેવન કરવાથી તેમાં સુધારો લાવી શકાય છે. પ્રજનન શક્તિ વધારવામાં શિંગોડાનું સેવન લાભકારક ગણાય છે. કાચા શિંગોડામાં ઍન્ટિ-ઓક્સિડન્ટ, વિટામિન તથા ખનીજ પર્યાપ્ત પ્રમાણમાં સમાયેલું છે. જે પ્રજનન શક્તિને વધારવામાં તથા હૉર્મોનલ સંતુલનને સુધારવામાં ગુણકારી ગણાય છે.


શિંગોડાની ખેતી ભારતમાં બિહાર, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, ઓરિસ્સા, ઝારખંડ વગેરે રાજ્યોમાં મોટા પ્રમાણમાં કરવામાં આવે છે. શિંગોડા માટે એવું કહેવાય છે કે તે ફક્ત છ માસમાં ખેડૂતને મોટો લાભ કરાવી આપે છે. તેની ખેતી માટે તળાવ, જળાશયો કે ૨-૩ ફૂટ પાણી ભરાયેલું રહેતું હોય તેવું સ્થળ ઉત્તમ ગણાય છે. કેમ કે શિંગોડાની ખેતી માટે કીચડયુક્ત તળિયું વધુ સારો પાક મેળવવામાં મદદ કરે છે.

વેલાને ફેલાવાની પૂરતી જગ્યા મળી રહે તો પાક વધુ મેળવી શકાય છે. હાલમાં તો ખેડૂતો શિંગોડાની સાથે મખાણા તથા માછલી પાલન એકસાથે કરીને ત્રણેમાંથી કમાણી કરી લે છે. લીલા, લાલ જાંબુડી રંગના મિશ્રણ ધરાવતાં શિંગોડા ભારતમાં પાકે છે. જેમાં કાનપુરી, જૌનપુરી, દેશી મોટા, દેશી નાના વગેરે પ્રકાર જોવા મળે છે.

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# નિરોગી જીવનના ત્રણ સ્થંભ...

**ગયા અઠવાડિયે આપણે ચર્ચા કરી કે 'શું શરીર સ્વયં નિરોગી રહી શકે ખરું?' આપણે એ પણ જાણ્યું કે પરમાત્માએ માનવ શરીરનું બંધારણ જ એ રીતે ઘડ્યું છે કે આપણું શરીર જો કુદરત સાથે બરાબર તાલમેલ મેળવે તો એ સ્વયં સ્વસ્થ રહી શકે. હવે એ ચર્ચા-વાત આગળ વધારીએ...**






આજે આપણા સહુમાં ધીરજતાનો ખૂબ જ અભાવ જોવામાં આવે છે. એટલું જ નહિં, પરંતુ તે ગુણ મનાય છે. ધીરજતાની આ ખામીને 'આપણને સમયની ખૂબ જ કિંમત છે,' એવા બહાના નીચે સારી રીતે પોષણ કરતા હોઈએ છીએ. આપણે ઓછા સમયમાં વધુ ફાયદા લેવા ઈચ્છતા હોઈએ છીએ. પરિણામે પાયા વગરની ઈમારત ઊભી કરવામાં જ રસ ધરાવીએ છીએ.

સ્વાસ્થ્યની બાબતમાં પણ આપણે તેવી જ ભૂલ કરતા હોઈએ છીએ. પૂર્વ સાવધાની રાખવાને બદલે બીમાર થયા બાદ દવાઓ ખાઈને ઝડપથી સાજા થવા ઈચ્છીએ છીએ. આપણને બીમારીને મૂળમાંથી નાબૂદ કરવાને બદલે માત્ર તેના બાહ્ય ઉપચારો કરીને જ સ્વસ્થ રહેવાની દાનત હોય છે. અંગ્રેજીમાં કહેવત છે કે,

'Prevention is better than cure...' અર્થાત્ રોગ થયા પછી તેનો ઉપચાર કરવા કરતાં તે રોગ ન જ થાય તેવી કાળજી રાખવી શ્રેષ્ઠ છે. તે હેતુને ધ્યાનમાં રાખીને અહીંયા નિરોગી રહેવાના મૂળભૂત પાયાના ત્રણ સ્થંભોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેને અનુસરવાથી આપણે પ્રાયઃ આજીવન દવા વિના નિરોગી, સ્વસ્થ અને સદા આનંદમાં રહી શકીશું.

Prevention is better than cure
નિરોગી જીવનના ત્રણ સ્થંભ...
એ છે : આહાર-ઊંઘ-વ્યાયામ

### આહાર

આહાર એ વ્યક્તિના શરીર અને વિચારો(મન)નાં નિર્માણનું પ્રથમ પગથિયું છે. 'આહાર એ જ ઔષધ' એ ન્યાયે આહાર જ મનુષ્યના શરીરની સ્વસ્થતા અને અસ્વસ્થતાનું મુખ્ય કારણ છે. જો આપણને આહાર કેટલો લેવો, ક્યારે લેવો, કેવી રીતે લેવો, અને કેવા ભાવ સાથે લેવો, આટલું જ્ઞાન સમજાઈ જાય અને આચરણમાં લેવાય તો દવાઓ વિના જ સ્વસ્થ જીવન જીવી શકાય છે. હવે આપણે ઉપરોક્ત પ્રશ્નોના ઉકેલો મેળવી જીવન સ્વસ્થતાપૂર્વક જીવવાનો પ્રયત્ન કરીએ.

### હંમેશાં માપસર જમવુંઃ

આપણે સહુ સારી રીતે જાણીએ છીએ કે, 'યોગ્ય માત્રામાં જમવું એ નિરોગી રહેવાનો શ્રેષ્ઠ ઉપાય છે.' પરંતુ આપણને જમતી વેળાએ 'કેટલું જમવું' તે બાબતનો વિવેક રહેતો નથી. મોટા ભાગના લોકોને 'ભૂખ લાગી છે એટલે જમવું.' બસ, આટલી જ ખબર પડે છે, પરંતુ પેટ એ કચરાપેટી નથી કે, તેમાં ગમે તે વસ્તુ, ગમે તે પ્રમાણમાં નાખી દેવાય.અષ્ટાંગહૃદયમાં કહ્યું છે કે,

દરેકે સર્વદા માપ પ્રમાણે ખાવું-પીવું જોઈએ. કેમ કે, માપસર ખાવા-પીવાથી જ જઠરાગ્નિ પોતાનું પચાવવાનું કામ કરી શકે છે.

વળી અષ્ટાંગહૃદયમાં એમ પણ કહ્યું છે કે,

માત્રા એને કહેવાય કે જેટલું ખાવાથી સુખપૂર્વક પચી જાય.

જોકે, ઘણીવાર આપણે પેટમાં એટલું બધું ઠાંસી ઠાંસીને ભરતા હોઈએ છીએ કે તે આહારથી જ પેટનો જઠરાગ્નિ ઓલવાઈ જાય છે. આપણે એવી માન્યતામાં જીવતા હોઈએ છીએ કે, જે કાંઈ જમીએ છીએ તે પચી જાય છે. ના, પાચનશક્તિને લાંબા સમય સુધી સતેજ રાખવા માટે હંમેશાં પાચનશક્તિની મહત્તમ ક્ષમતા કરતાં ઓછું જ જમવું જોઈએ એ જ સાચું ડહાપણ છે.

જેમ ચૂલામાં વધુ લાકડાં નાખવાથી અગ્નિ ઓલવાઈ જાય છે, તેમ જ પેટ ભરીને જમવાથી જઠરાગ્નિ મંદ પડી જાય છે.

અષ્ટાંગહૃદયનું કથન છે કે,

જમતા સમયે હંમેશાં પેટના ચાર ભાગ કરી બે ભાગ અન્નથી ભરવા, એક ભાગ પ્રવાહીથી અને એક ભાગ હવા વગેરે માટે ખાલી રાખવો.

૫૦% અન્ન
૨૫% પ્રવાહી (છાશ, પાણી વગેરે)
૨૫% ખાલી

જમતી વખતે આપણાં ભાવતાં ભોજન પીરસતાં હોય અને તે સમયે થોડા ભૂખ્યા રહીને ઊભા થઈ જવું તે જ સાચું તપ અને શૂરવીરતા છે. સામાન્ય જનતા નહિં, પરંતુ આ વાતને સારી રીતે જાણનારા એવા ઘણા ડોક્ટરો, વૈદ્યો, સંન્યાસીઓ અને ધર્માચાર્યો પણ આ જ્ઞાનનો યોગ્ય સમયે આદર કરી શકતા નથી, કેમ કે આ સમજણનો જીવનમાં અમલ કરવા માટે મન અને જીભ પર અવશ્ય નિયંત્રણ કરવું પડે છે અને તે બહુ કઠીન છે, પરંતુ આ સમજણ પ્રમાણે જો આપણે આહાર ગ્રહણ કરીએ, તો અનેક બીમારીઓના શિકાર થવાથી બચી શકીએ.

આજકાલ આપણે શરીરની સ્થૂળતા અને વજન ઘટાડવામાં એકાએક આપણા આહારમાં ફેરફારો કરીને અમુક સમય સુધી ઉપવાસો કે એકદમ ઓછું જમવાનું શરૂ કરી દઈએ છીએ. આ રીતે ટૂંક સમયમાં શરીરનું વજન ઓછું કરીને રાહત અનુભવીએ છીએ, પરંતુ આહારમાં કાયમી નિયંત્રણ ન હોવાથી ટૂંક સમયમાં ફરીને પહેલાં જેવી જ શરીરમાં સ્થૂળતા આવી જાય છે માટે આજીવન શરીરનું વજન માપસર રાખવા અને સ્વસ્થતા જાળવવા હંમેશાં યોગ્ય માત્રામાં આહાર લેવો, એ શ્રેષ્ઠ અને કારગત નિવડેલો ઉપાય છે. એટલું જ નહિ, પરંતુ યુક્ત આહારથી પાચનશક્તિ લાંબા સમય સુધી સક્રિય રહે છે. અને આહારનું પાચન ઓછા સમયમાં વ્યવસ્થિત થાય છે. તેમ જ શરીર પાસેથી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક કામ ખૂબ જ લઈ શકાય છે.

### મનની ભૂખે નહિ પરંતુ પેટની ભૂખે જમવુંઃ

આજે જીવનધોરણ ઊંચું જતાં આપણને સારામાં સારાં ભોજનો અત્યંત સરળતાથી પ્રાપ્ત થાય છે. આથી ભૂખ ન હોવા છતાં પણ કટાણે જમવું સહજ બની ગયું છે. આપણે મોટા ભાગે જમીએ છીએ મનની ભૂખે, પણ માનતા હોઈએ છીએ પેટની ભૂખ! પરંતુ જ્યાં સુધી વાસ્તવિક ભૂખ ન હોય ત્યાં સુધી જઠરાગ્નિ પ્રદિપ્ત હોતો જ નથી. પરંતુ આપણે ખોટી ભૂખના વહેમમાં, શરીરની જરૂરિયાતને ન જોતાં, કેવળ રસાસ્વાદને આધીન થઈને જમીએ છીએ. આથી આપણું પાચનતંત્ર યોગ્ય સમયે પાચન કરી શકતું નથી, તેથી તે અનેક રોગનું શિકાર બને છે.

પ્રાયઃ દરેક રોગનું મૂળ મંદાગ્નિથી થતી અપાચન અવસ્થા છે.

જેમ ચૂલામાં અગ્નિ ઓછો હોય ત્યારે એકસાથે વધુ લાકડાં નાખવાથી અગ્નિ વધુ પ્રજ્વલિત ન થતાં કેવળ ધુમાડો વધે છે, તેવી જ રીતે પેટમાં ભૂખ ન હોવા છતાં જમવાથી અપચો, કબજિયાત, એસીડીટી જેવા અનેક રોગ થાય છે.


હા, અમુક લોકો એવા પણ છે કે, જેમને ભૂખ ન લાગી હોવા છતાં નોકરી-ધંધાને કારણે કોઈ કોઈ ચોક્કસ સમયે જમવાની રોજ છૂટ મળતી હોય છે. તેથી આવી પરિસ્થિતિમાં ભૂખ હોય તેટલું જ જમવું જોઈએ અથવા ભૂખ લાગી હોય તેવા સમયે જ જમવાનું ગોઠવાય એવી વ્યવસ્થા કરવી જોઈએ. માટે હંમેશાં વાસ્તવિક ભૂખ ઓળખીને જમવું. પરંતુ આ વાસ્તવિક ભૂખને ઓળખવી કેવી રીતે?


જેમ દૂધમાં ઊભરો આવે તે દૂધની વાસ્તવિક સ્થિતિ નથી, તેમ જ પ્રાયઃ આપણને અનુભવાતી ભૂખ પણ વાસ્તસ્વિક ભૂખ હોતી નથી. જ્યારે શરીર ભોજન અને ઊંઘના કુદરતી તાલમેલ પ્રમાણે ચાલતું હોય છે, ત્યારે જમવાના સમયે શરીરને વાસ્તવિક ભૂખ લાગી હોય કે ન લાગી હોય, પરંતુ મગજ શરીરને ભોજનની યાદી આપે છે તેથી તે સમયે પેટમાં થોડું એસિડ છૂટે છે અને તે એસિડને આપણે સાચી ભૂખ માનીએ છીએ. આમ, મગજે આપેલા તે સમયના સંકેતને, કે જે ભૂખનો સંકેત નથી; તેને આપણે વાસ્તવિક ભૂખ સમજી લઈએ છીએ તેથી મગજે આપેલી યાદીને કારણે જો ભૂખ અનુભવાય તો થોડી ધીરજ રાખીને તે ભૂખને સહન કરી લેવી. આથી મગજ શરીરમાં પડેલી વધારાની ચરબીનો ઉપયોગ શરૂ કરાવી દે છે, તેથી શરીરને જરૂરી શક્તિ પ્રાપ્ત થાય છે. અને જો તે સમયે આપણે ધીરજતાનો ત્યાગ કરીને મગજે આપેલા સંકેતને ભૂખ સમજીને કાંઈ પણ ખાઈએ, તો તેને શરીર વધારાની ચરબીમાં રૂપાંતર કરે છે માટે જ્યારે પેટમાં થોડીક જ ભૂખ અનુભવાય ત્યારે તરત જ જમી લેવું તે હિતાવહ નથી, પરંતુ શરીરને થોડી ભૂખ સહન કરવાની આદત પડાવવી. આમ હંમેશાં મનની ભૂખે નહિં, પરંતુ પેટની વાસ્તવિક ભૂખે જમવું.

### ખૂબ જ પચાવીને શાંતિથી જમવુંઃ

ભગવાને જીવ-પ્રાણીમાત્રને ચાવીને જમવા માટે દાંતની વ્યવસ્થા કરી આપી છે. આથી માણસ જન્મે ત્યારથી જ ચાવીને જમવાનું શીખવાડવામાં આવે છે. અહીં શરમની વાત તો એ છે કે, પશુઓ જેટલું ચાવીને જમે છે તેટલું ચાવીને જમવાનું પાલન આપણે મનુષ્ય હોવા છતાં કરી શકતા નથી. આ ખૂબ જ મોટી નબળાઈ અને આળસ સૂચવે છે. તેથી જ આપણે ઘણા રોગના ભોગ બનીએ છીએ માટે જો વ્યવસ્થિત ચાવીને જમવાની ટેવ પાડીએ તો લાંબા સમય સુધી નિરોગી અને આનંદમય જીવન જીવી શકીએ. ચાવીને જમવાથી થતા ફાયદા તથા ચાવીને ન જમવાથી થતાં નુકસાન ઉપર દર્શાવેલ છે.

| | ચાવીને જમવાથી થતા ફાયદા | ચાવીને ન જમવાથી થતાં નુકસાન |
| --- | --- | --- |
| લાળ | મુખમાં રહેલી લાળ અનેક પાચકરસોથી ભરેલી છે. ચાવીને જમવાથી લાળ આહાર સાથે વ્યવસ્થિત ભળવાથી પાચનક્રિયા મુખમાંથી જ શરૂ થઈ જાય છે. તેથી પાચનતંત્ર પર ખૂબ જ ઓછો બોજ આવે છે. | આહાર સાથે લાળ ન ભળવાથી પાચનતંત્રને આહારના પાચન માટે વધુ પાચકરસો છોડવા પડે છે. તેથી પાચન થતાં વાર લાગે છે. |
| પોષકતત્ત્વો | ઓછું જમવા છતાં વધુ પોષકતત્ત્વો અને લોહી પ્રાપ્ત થાય છે. | વધુ તથા સારો આહાર જમ્યા હોવા છતાં પણ પર્યાપ્ત પોષકતત્ત્વો પ્રાપ્ત થતાં નથી. |
| શક્તિ-ઊર્જા | શરીર આહારમાંથી યોગ્ય શક્તિ પ્રાપ્ત કરે છે. | જમેલા આહારમાંથી શક્તિ મળવાને બદલે શરીરની શક્તિ પાચનમાં વપરાઈ જાય છે. |
| પ્રતિકારક શક્તિ | વ્યવસ્થિત ચાવીને જમવાથી રોગપ્રતિકારક શક્તિ ખૂબ જ વધે છે, અને અનેક રોગથી બચી શકાય છે. | વ્યવસ્થિત ચાવ્યા વિના જમવાથી ખોરાકના પાચન માટે વધારે પાચકરસો અને એસિડની જરૂર પડે છે. તેથી શરીરમાં રોગપ્રતિકારક શક્તિ ઘટે છે. |
| વજન | વજન માપસર રહે છે. | વજન અસંતુલિત રહે છે. |
| રોગ | ચાવીને જમેલો આહાર ઔષધનું કામ કરે છે. અને તેથી માણસ ૭૦થી ૭૫% રોગથી બચી જાય છે. | ચાવીને ન જમેલો આહાર જ રોગઉત્પત્તિનું કારણ બને છે. |





# બાંગ્લાદેશમાં વિમાન સ્કૂલ પર તૂટી પડ્યું: ૧૯ જણનાં મોત



નવી દિલ્હી: બાંગ્લાદેશ હવાઈ દળનું તાલીમી વિમાન શાળાના મકાન પર તૂટી પડતાં ઓછામાં ઓછા ૧૯ જણનાં મરણ થયાં હતાં. આમાં મોટા ભાગનાં બાળકો હતાં, એમ અધિકારીએ જણાવ્યું હતું. વિમાન ઢાકાના ઉત્તર વિસ્તારની માઈલસ્ટોન સ્કૂલ અને કૉલેજ કેમ્પસ પર તૂટી પડ્યું હતું, એવી માહિતી આરોગ્ય મંત્રાલયના મુખ્ય સલાહકારના ખાસ મદદનીશ મોહમ્મદ સાયેદુર રહેમાને આપી હતી. અગાઉ સંરક્ષણ મંત્રાલયે નિવેદનમાં કહ્યું હતું કે એફ-૭ બીજીઆઈ ટ્રેનિંગ વિમાન બપોરના ૧-૦૬ કલાકે ઊપડ્યા બાદ તરત કૉલેજ કેમ્પસ પર તૂટી પડ્યું હતું.

ફાયર સર્વિસના અધિકારીએ કહ્યું હતું કે વિમાન પડ્યું ત્યારે મોટો સ્ફોટ થ યો હતો અને આગ લાગી હતી. સ્કૂલના ટીચરે માહિતી આપી હતી કે બારેક એમ્બ્યુલન્સ ઈજાગ્રસ્તોને હૉસ્પિટલમાં લઈ ગઈ હતી. ■

# રાજકીય લડાઈમાં તમારો ઉપયોગ શું કામ થવા દો છો?: ઇડીને ઝાટકી સુપ્રીમ કોર્ટે

નવી દિલ્હી: વિપક્ષ આવારનવાર આરોપો લગાવતું રહે છે કે મોદી સરકાર કેન્દ્રીય તપાસ એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)નો રાજકીય ઉપયોગ કરી રહી છે. એવામાં આજે સોમવારે સુપ્રીમ કોર્ટે બે કેસની સુનાવણી દરમિયાન ઇડીને જોરદાર ફટકાર લગાવી હતી. કોર્ટે ઇડીને કહ્યું કે તમારે રાજકીય લડાઈ લડવાની જરૂર નથી. એક કેસ કર્ણાટક મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયાના પત્ની બી.એમ. પાર્વતી સાથે જોડાયેલો છે, જ્યારે કેસ બીજો ઇડીના સમન્સને લાગતો છે.

મૈસુર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીમાં કથિત કૌભાંડ કેસમાં ઇડીએ બીએમ પાર્વતીને આરોપી બનાવ્યા હતાં અને તેમને સમન્સ પાઠવ્યું હતું. ટ્રાયલ કોર્ટે આ સમન્સ રદ કર્યા હતાં, આ નિર્ણયને ઇડીએ કર્ણાટક હાઈ કોર્ટમાં પડકાર્યો હતો, હાઈ કોર્ટે ટ્રાયલ કોર્ટના ચુકાદાને માન્ય રાખ્યો હતો. ત્યાર બાદ ઇડીએ હાઈ કોર્ટના આ ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. આજે સુપ્રીમ કોર્ટે ઇડી દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલને ફગાવી દીધી હતી.

ભારતના મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈ અને ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રનની બેન્ચે આ કેસની સુનાવણી કરી હતી. ટ્રાયલ કોર્ટ અને હાઈકોર્ટના નિર્ણયો છતાં સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાના ઇડીના પગલા સામે ન્યાયાધીશ બી.આર. ગવઈએ પ્રશ્ન ઉઠાવ્યો હતો. તેમણે ઇડી તરફથી સુપ્રીમ કોર્ટ સમક્ષ હાજર થયેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજુને પૂછ્યું હતું કે, ''તમે સારી રીતે જાણો છો કે સિંગલ જજે ટ્રાયલ કોર્ટના આદેશને સમર્થન આપ્યું હતું. રાજકીય લડાઈ મતદારો વચ્ચે લડવા દો. એના માટે તમારો ઉપયોગ શા માટે થઈ રહ્યો છે?''

જસ્ટિસ ગવઈએ વધુ કડક વલણ દાખવતા કહ્યું, ''દુર્ભાગ્યવશ, મહારાષ્ટ્રમાં મને ઇડીનો થોડો અનુભવ થયો હતો. મહેરબાની કરીને અમને કંઈક કહેવા માટે મજબૂર ના કરો. નહીંતર, અમારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ વિશે ખૂબ જ કઠોર શબ્દો કહેવા પડશે.''

કોર્ટની ફટકાર બાદ ઇડી તરફથી સુપ્રીમ કોર્ટ સમક્ષ હાજર થયેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજુએ કહ્યું, ઠીક છે, અમે અરજી પાછી ખેંચી લઈશું. ■

# ધાર્મિક-સખાવતી ટ્રસ્ટને મળતા ગુપ્ત દાનને મળતી કરકપાત ચાલુ રાખવાની ભલામણ

## નવા આવક વેરા ધારા સંબંધે સંસદીય સમિતિનો અહેવાલ લોકસભામાં રજૂ

નવી દિલ્હી: નવા આવક વેરા ધારામાં ધાર્મિક-કમ-સખાવતી ટ્રસ્ટને મળતા ગુપ્ત દાનને આપતી કરકપાત ચાલુ રાખવાની તરફેણ ભાજપી નેતા બૈજયંત પાંડાના નેતૃત્વ હેઠળની સંસદીય સમિતિએ કરી છે અને સાથે કહ્યું છે કે, આવી કર-કપાત બંધ કરાતા આ પ્રકારના અનફા કારક ટ્રસ્ટ પર અવળી અસર પડશે.

આવકવેરા બિલ, ૨૦૨૫ની તપાસ કરતી લોકસભા પસંદગી સમિતિના વડા ભાજપ સભ્ય બૈજયંત પાંડાએ લોકસભામાં આ અહેવાલ રજૂ કર્યો હતો. સમિતિએ આવકવેરા બિલ, ૨૦૨૫માં ફેરફારોની ભલામણ કરી છે. જે છ દાયકા જૂના આવકવેરા કાયદા, ૧૯૬૧નું સ્થાન લેશે.

આ ઉપરાંત તેમણે નિર્ધારિત તારીખ પછી પણ આઈટી રિટર્ન નોંધાવી ટીડીએસ રિફન્ડનો પેનલ્ટી વિના દાવો કરવા દેવાની તરફેણ કરી હતી.

સમિતિએ ભલામણ કરી હતી કે બિન-લાભકારી સંસ્થાઓ(એનપીઓ), ખાસ કરીને મિશ્ર સખાવતી અને ધાર્મિક હેતુઓ ધરાવતા સંગઠનો માટે અનામી દાન પર કરવેરો લાદવાના સંબંધમાં અસ્પષ્ટતાઓ દૂર કરવી જોઇએ. સમિતિએ બિન-લાભકારી સંસ્થાઓ(એનપીઓ)ની રસીદો પર કર લાદવાનો વિરોધ કર્યો કારણ કે તે આવકવેરા કાયદા હેઠળ વાસ્તવિક આવકવેરાના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરે છે. તેમાં આવક શબ્દને ફરીથી રજૂ કરવાની ભલામણ કરવામાં આવી હતી. જેથી ખાતરી કરી શકાય કે માત્ર એનપીઓની ચોખ્ખી આવક પર જ કર લાદવામાં આવે.

રજિસ્ટર્ડ એનપીઓને આપવામાં આવતા અનામી દાનની માત્રામાં નોંધપાત્ર તફાવત હોવાનું નોંધીને સમિતિએ ભલામણ કરી કે ધાર્મિક અને સખાવતી ટ્રસ્ટોને આવા દાનમાંથી મુક્તિ આપવી જોઇએ. કારણ કે આવી ઘણી સંસ્થાઓ મિશ્ર પ્રકૃતિ ધરાવે છે.

સમિતિએ જણાવ્યું કે જો કે બિલનો ઉદ્દેશ્ય શાબ્દિક સરળીકરણ છે, સમિતિએ ધાર્મિક-સહ-ચેરિટેબલ ટ્રસ્ટોના સંદર્ભમાં નોંધપાત્ર ભૂલ જોઇ છે. જેની ભારતના એનપીઓ ક્ષેત્રના મોટા ભાગ પર પ્રતિકૂળ અસર પડી શકે છે. આવકવેરા બિલ, ૨૦૨૫ની કલમ ૩૩૭માં તમામ રજિસ્ટર્ડ એનપીઓ દ્વારા પ્રાપ્ત થયેલા અનામી દાન પર ૩૦ ટકાના ફ્લેટ દરે કર લાદવાનો પ્રસ્તાવ છે. જેમાં માત્ર ધાર્મિક હેતુઓ માટે સ્થાપિત એનપીઓને જ મર્યાદિત મુક્તિ આપવામાં આવી છે. ■

# બ્રહ્મપુત્રા નદી પર ચીનના ડૅમથી હાલ ડરવાની જરૂર નથી: આસામના સીએમ

ગુવાહાટી: આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ સોમવારના રોજ બ્રહ્મપુત્રા નદી પર વિશ્વના સૌથી મોટા બંધના નિર્માણના ચીનના પગલા અંગેની આશંકાઓને દૂર કરવાનો પ્રયાસ કરતાં જણાવ્યું કે તેમને તાત્કાલિક ચિંતાનું કોઇ કારણ દેખાતું નથી. કારણ કે નદીને મોટાભાગનું પાણી ભૂતાન અને અરૂણાચલ પ્રદેશમાંથી મળે છે.

એક કાર્યક્રમ દરમિયાન પત્રકારો સાથે વાત કરતાં સરમાએ જણાવ્યું કે આ વિશાળ બંધની વાસ્તવિક અસર હજુ સુધી જાણી શકાઇ નથી, કારણ કે તેને લઇને વિવિધ ધારણાઓ કરવામાં આવી રહી છે. તેમણે આશા વ્યક્ત કરી કે કેન્દ્ર સરકાર આ મુદ્દે ચીન સાથે સંપર્કમાં રહેશે. ઉલ્લેખનીય છે કે બંધનું બાંધકામ ગયા અઠવાડિયે શરૂ થયું હતું. ચીને શનિવારે ઔપચારિક રીતે તિબેટમાં બ્રહ્મપુત્ર નદી પર ૧૬૭.૮ બિલિયન ડોલરના ખર્ચે બનનાર બંધનું બાંધકામ શરૂ કરી દીધું હતું. આ બંધ ભારતની સરહદ નજીક અરુણાચલ પ્રદેશમાં સ્થિત છે.

સરમાએ પત્રકારોને જણાવ્યું કે મને અત્યારે ચિંતા નથી કારણ કે બ્રહ્મપુત્રા એક વિશાળ નદી છે અને તે કોઇ એક સ્રોત(પાણી) પર નિર્ભર નથી. આસામ પર બંધની સંભવિત અસર વિશે પૂછવામાં આવતા તેમણે કહ્યું કે આ સારું હશે કે ખરાબ તે હજુ નક્કી નથી. બ્રહ્મપુત્રાને તેનું મોટાભાગનું પાણી ભૂતાન અને અરુણાચલ પ્રદેશમાંથી મળે છે. તેમજ વરસાદનું પાણી અને અન્ય પ્રકારનું પાણી અમારા રાજ્યમાંથી મળે છે. મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું કે ચીન દ્વારા બંધ અંગે બે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ રજૂ કરવામાં આવ્યા છે. ■

# કાશ્મીરની શાળા પર પડયો પથ્થર: એક વિદ્યાર્થીનું મોત

જમ્મુ : જમ્મુ અને કાશ્મીરના પૂંછમાં આવેલી એક સરકારી શાળાના એક રૂમ ઉપર મોટો પથ્થર પડ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ દુર્ઘટનામાં એક વિદ્યાર્થીનું મોત થયું છે, જ્યારે ચાર વિદ્યાર્થીઓ ઘાયલ થયા હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે. પૂંછ જિલ્લાના કલાસા ભૈંચ વિસ્તારમાં આવેલી સરકારી શાળામાં આ દુર્ઘટના બની છે. જેમાં છ વર્ષના વિદ્યાર્થીનું ઘટના સ્થળ પર જ મોત થયું હતું. સમગ્ર મામલે જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે સ્થાનિક લોકોની મદદથી બચાવ કામગીરી હાથ ધરી અને ઘાયલોને સત્વરે સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યાં છે.

આ દુર્ઘટના મામલે પોલીસ અત્યારે તપાસ કરી રહી છે. સૂત્રોએ જણાવ્યું છે કે, પહેલા ધોરણમાં ભણતા અહસાન અલીના નામના વિદ્યાર્થીનું મોત થયું છે. આ સિવાય દુર્ઘટનામાં મોહમ્મદ સફીર, બિલાલ ફારુક, આફતાબ અહમદ, તોબિયા કૌસરને ગંભીર ઇજાએ પહોંચી હોવાથી તેમને હોસ્પિટલ ખસેડ્યાં છે. પૂંછના મુખ્ય તબીબી અધિકારી ડો. પીએ ખાને જણાવ્યું હતું કે, નજીકના પર્વત પરથી એક મોટો ખડક નીચે પડીને શાળાના મકાન પર પડ્યો હતો. આ ખડક પડવાથી એક વિદ્યાર્થીનું મોત નીપજ્યું હતું અને અનેક લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા તમામ વિદ્યાર્થીઓને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. ■

# કેરળના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વી. એસ. અચ્યુતાનંદનનું નિધન

તિરુવનંતપુરમ: કેરળના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વી. એસ. અચ્યુતાનંદનનું સોમવારે ૧૦૧ વર્ષની જૈફ વયે નિધન થયું હોવાનું માર્ક્સવાદી પક્ષના રાજ્ય કક્ષાના સચિવ એમ. વી. ગોવિંદને કહ્યું હતું. કેરળના રાજકીય ઈતિહાસમાં તેમની હાજરી ચાવીરૂપ હતી અને તેઓ સૌથી આદરણીય ચહેરો હતા.

હૉસ્પિટલ દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં જણાવ્યાનુસાર પાટ્ટોમ એસયુટી હૉસ્પિટલના ક્રિટિકલ કૅર યુનિટમાં સારવાર દરમિયાન સોમવારે બપોરે ૩:૨૦ વાગ્યે તેમનું નિધન થયું હતું.

હૃદયરોગના હુમલાને પગલે અચ્યુતાનંદ ૨૩ જુલાઈથી સારવાર હેઠળ હતા. માર્ક્સવાદી પક્ષના સ્થાપક સભ્ય અચ્યુતાનંદને કામદારોના અધિકાર, સામાજિક ન્યાય માટે લડત આપી હતી.

વર્ષ ૨૦૦૬થી વર્ષ ૨૦૧૧ સુધી તેમણે કેરળના મુખ્ય પ્રધાન તરીકે સેવા આપી હતી.

રાજ્ય વિધાનસભામાં તેઓ સાત વાર ચૂંટાઈ આવ્યા હતા અને ત્રણ મુદત તેમણે વિપક્ષના નેતા તરીકે ફરજ બજાવી હતી. (એજન્સી)■

# વર્ષ ૨૦૨૫માં ક્રિપ્ટોની ચોરીનો આંક ૨.૧૭ અબજ ડૉલરની સર્વોચ્ચ સપાટીએ

નવી દિલ્હી: ગયા અઠવાડિયે ૪.૪ કરોડ કોઈનડીસીએક્સ હૅક કરવામાં આવ્યા અગાઉ વર્ષ ૨૦૨૫માં ક્રિપ્ટોની ચોરીનો આંક ૨.૧૭ અબજ ડૉલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો હોવાનું તાજેતરમાં જ જાહેર કરવામાં આવેલા આંકડાઓમાં દર્શાવવામાં આવ્યું હતું.

આ બાબત ડિજિટલ કરન્સીના વિશ્વમાં અવિરતપણે સાયબર ક્રાઈમ વધી રહ્યા હોવાની બાબતનું પ્રતિબિંબ પાડે છે.

વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં ક્રિપ્ટોકરન્સી સર્વિસમાંથી ૨.૧૭ અબજ ડૉલરના મૂલ્યના ક્રિપ્ટોની ચોરી કરવામાં આવી છે અને વર્ષ ૨૦૨૪ની સરખામણીએ વર્ષ ૨૦૨૫ આ બાબતમાં વધુ ડરામણું પુરવાર થયું છે.

વર્ષ ૨૦૨૨ની સરખામણીએ વર્ષ ૨૦૨૫ના જૂન મહિનાના અંત સુધીમાં ક્રિપ્ટોકરન્સી સર્વિસમાંથી ક્રિપ્ટોની ચોરીના પ્રમાણમાં ૧૭ ટકા વધારો થયેલો જોવા મળી રહ્યો છે. (એજન્સી)■

# ઓનલાઈન સટ્ટાબાજી મામલે સાઉથના ચાર કલાકારને ઇડીનું તેડું

હૈદરાબાદ: એન્ફોર્સમેન્ટ ડિરિક્ટોરેટે કેટલાક પ્લેટફોર્મ દ્વારા ગેરકાયદેસર ઓનલાઈન સટ્ટાબાજી અને જુગાર સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે અભિનેતા રાણા દગ્ગુબાટી, પ્રકાશ રાજ, વિજય દેવેરાકોંડા અને લક્ષ્મી મંચુને સમન્સ પાઠવ્યા છે, એમ સત્તાવાર સૂત્રોએ સોમવારે જણાવ્યું હતું.

સૂત્રોએ જણાવ્યું હતું કે ફેડરલ તપાસ એજન્સીએ દગ્ગુબાટી (૪૦) ને ૨૩ જુલાઈએ હૈદરાબાદમાં તેની ઝોનલ ઓફિસ સમક્ષ હાજર થવા કહ્યું છે.

રાજ (૬૦) ને ૩૦ જુલાઈ, દેવેરાકોંડા (૩૬) ને ૬ ઓગસ્ટ અને લક્ષ્મી (૪૭) ને ૧૩ ઓગસ્ટે હાજર થવા માટે સમન્સ પાઠવવામાં આવ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે આ ચારે એ ''ગેરકાયદે'' ભંડોળ ઉત્પન્ન કરવામાં કથિત રીતે સામેલ ઓનલાઈન સટ્ટાબાજી એપ્લિકેશનોને ''સમર્થન'' આપ્યું હતું.

એકવાર તેઓ હાજર થયા પછી, એજન્સી પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) ની જોગવાઈઓ હેઠળ તેમના નિવેદનો રેકોર્ડ કરશે, એમ તેમણે જણાવ્યું હતું.

એન્ફોર્સમેન્ટ ડિરિક્ટોરેટ (ઇડી) એ આ કલાકારો અને અન્ય સેલિબ્રિટીઓ અને સોશ્યલ મીડિયા પ્રભાવકો સામે કેસ નોંધવા માટે પાંચ રાજ્યની પોલીસની એફઆઈઆરની નોંધ હશમવશ છે. ■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| અગર | OTHER |
| અધર | SALT PAN |
| અમર | EFFECT |
| અવર | IMMORTAL |
| અસર | LIP |

## ઓળખાણ પડી?



ફાઈબર, પ્રોટીન અને કેલ્શિયમ જેવા પોષક દ્રવ્ય ધરાવતા અને કેટલાક વર્ષોથી સુપરફૂડ બની ગયેલા પદાર્થની ઓળખાણ પડી?

અ) સાબુદાણા બ) તેલીબિયાં ક) શંખજીરૂ ડ) મખાણા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ નિ | ૨ જા | નં | દી | | ૩ પ | રો | ૪ પ | ૫ કા | ૬ રી |
| ૭ ર | ડો | | | ૮ અ | રિ | | ૯ ગ | લ | ત |
| ભિ | | ૧૦ અ | ના | થા | શ્ર | મ | | | સ |
| ૧૧ મા | ૧૨ લ | મ | | ૧૩ ક | મ | | ૧૪ ક | ૧૫ દ | ર |
| ૧૬ ની | ડ | ર | ૧૬-ક તા | | | ૧૬-ખ નિ | | હીં | |
| | ત | | ૧૭ શ | ૧૮ ર | ૧૯ બ | ત | | ૨૦ સ | ૨૧ બ |
| ૨૨ વે | | ૨૩ બા | | ૨૪ સા | ચ | | ૨૫ ફા | ર | ગ |
| ૨૬ વિ | ૨૭ ક | લ | | ૨૮ વ | ર | ૨૯ ડુ | | | ભ |
| ૩૦ શા | ર | દી | ૩૧ ચ | | ૩૨ વા | મો | ૩૩ રૂ | | ગ |
| ળ | | | ૩૪ મ | વા | ળ | | ૩૫ સ | ત | ત |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | | ૪ | ૫ | | |
| ૬ | | | | | | ૭ | | | ૮ |
| ૯ | | | ૧૦ | | ૧૧ | | | ૧૨ | |
| ૧૩ | | | ૧૪ | ૧૫ | | | | | |
| | ૧૬ | ૧૭ | | | | ૧૮ | ૧૮-અ | | ૧૯ |
| ૨૦ | | ૨૧ | | | | | ૨૨ | ૨૩ | |
| ૨૪ | | | | ૨૫ | ૨૬ | ૨૭ | | ૨૮ | |
| | | | ૨૯ | | | | | | |
| ૩૦ | | ૩૦-અ | | | | | | ૩૧ | |
| | | ૩૨ | | | | ૩૩ | | | |

### આડી ચાવી

૧. જ્યાં સુધી ચંદ્ર અને સૂર્ય છે ત્યાં સુધી (૯)
૬. દિવસ (૨)
૭. વાણીનું પ્રથમ રૂપ (૨)
૯. ગાય (૪)
૧૧. --- વિના ટટ્ટાર ઊભા ના રહેવાય (૫)
૧૩. નસ (૨)
૧૪. નાની ઝૂંપડી (૩)
૧૬. માળા --- માં પહેરાય (૨)
૧૮. --- ધાવું એટલે બીક લાગે એવું નિર્જન હોવું (૨)
૨૧. કુરમુરા (૩)
૨૨. હાક મારીને બોલાવવું તે (૩)
૨૪. સુંદર (૩)
૨૫. અંદર (૩)
૨૮. મહાત્મા ગાંધી દેશના --- તરીકે જાણીતા હતા (૨)
૨૯. હું તમારી સાથે સંમત નથી (૫)
૩૦. મડદાને દાટવું તે (૩)
૩૧. --- પરવાના ઉર્દૂ શાયરીમાં બહુ આવે (૨)
૩૨. ગુજરાતી ફરસાણ (૩)
૩૩. સડક પૂરવાનો પથ્થર (૩)

### ઊભી ચાવી

૧. યાદ રહી જાય એવું (૪)
૨. ઘાટું જંગલ, રાન (૫)
૩. પૈસો, પદાર્થ, મૂળ તત્ત્વ (૨)
૪. ખર્ચ કરો (૩)
૫. ખડક, ભેખડ, ખો (૩)
૮. હ્રસ્વ 'ઇ' અને દીર્ઘ 'ઈ'નું ચિહ્ન (૨)
૧૦. --- લાઇટ એટલે મંદ પ્રકાશ (૨)
૧૧. આંકડી, હૂક, બેડી (૨)
૧૨. દોરડી, રાશ (૨)
૧૫. લોહીનું શરીરમાં ફરવું તે (૭)
૧૭. એક રોગ (૩)
૧૮અ. શાબાશીનો ઉદ્ગાર (૨)
૧૯. ગુરુવંદનાનો દિવસ (૫)
૨૦. સૂર્યનું આગમન (૫)
૨૩. મુસ્લિમોનું ધાર્મિક સ્થળ (૨)
૨૬. તળિયું, સંધિ (૨)
૨૭. મનોહર (૪)
૩૦અ. આંગળીથી --- વેગળા (૨)
૩૧. દેવરાજ ઇન્દ્રની પત્ની (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'દીવાનગી પરાકાષ્ઠાએ પહોંચી ગઈ' પંક્તિમાં 'પરાકાષ્ઠા' શબ્દનો અર્થ જણાવો.

અ) પાતાળમાં બ) સર્વોચ્ચ સ્થિતિ ક) પરીક્ષા ખંડ ડ) દિલગીરી

## માતૃભાષાની મહેક

શરીર કટાઈ જાય તે કરતાં ઘસાઈ જાય તે સારું કહેવતમાં જીવન પ્રત્યેનો દ્રષ્ટિકોણ છે. આળસ કરતાં ઉદ્યમથી શરીર પણ સારું રહે છે અને આર્થિક લાભ પણ મળે છે એ એનો ભાવાર્થ છે. શરીરે સુખી તો સુખી સર્વ વાતે કહેવતમાં સ્વાસ્થ્યનો મહિમા ગાવામાં આવ્યો છે. સ્વાસ્થ્ય સર્વ સુખનું કારણ છે એ અભિપ્રેત છે.

## સુડોકુ-૯૦૪૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | | | | | | ૧ |
| | ૭ | | ૮ | ૬ | ૪ | | ૩ | |
| ૮ | | | ૧ | | ૭ | | | ૫ |
| ૭ | ૪ | ૬ | | | | ૯ | ૧ | ૮ |
| | | | | | | | | |
| ૫ | ૨ | ૮ | | | | ૪ | ૬ | ૩ |
| ૯ | | | ૩ | | ૫ | | | ૬ |
| | ૩ | | ૬ | ૯ | ૨ | | ૮ | |
| ૬ | | | | | | | | ૪ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૪૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૧ | ૪ | ૨ | ૩ | ૭ | ૫ | ૯ | ૬ |
| ૩ | ૨ | ૯ | ૫ | ૬ | ૮ | ૧ | ૭ | ૪ |
| ૫ | ૬ | ૭ | ૯ | ૧ | ૪ | ૩ | ૮ | ૨ |
| ૪ | ૩ | ૫ | ૮ | ૭ | ૬ | ૨ | ૧ | ૯ |
| ૧ | ૭ | ૬ | ૩ | ૯ | ૨ | ૪ | ૫ | ૮ |
| ૨ | ૯ | ૮ | ૪ | ૫ | ૧ | ૬ | ૩ | ૭ |
| ૬ | ૫ | ૧ | ૭ | ૨ | ૯ | ૮ | ૪ | ૩ |
| ૭ | ૪ | ૩ | ૬ | ૮ | ૫ | ૯ | ૨ | ૧ |
| ૯ | ૮ | ૨ | ૧ | ૪ | ૩ | ૭ | ૬ | ૫ |

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ KOSMEMOPHOBIA થી પીડાય છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) આકાશ બ) શૃંગાર ક) ઝવેરાત ડ) રંગ

## ઈર્શાદ

મજા પડે તો તરત હું મિજાજ બદલું છું,
ન આંખ બદલું ભલે, પણ અવાજ બદલું છું.

-- રાજેન્દ્ર શુક્લ

## માઈન્ડ ગેમ

સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો ધરાવતું યુરોપનું કયું શહેર 'સિટી ઓફ ફ્લાવર્સ' તરીકે પણ ખ્યાતિ ધરાવે છે એ ખબર છે?

A) Istanbul B) Zagreb
C) Antwerp D) Sanremo

## ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ડૂબકી | PLUNGE |
| ડૂબવું | SINK |
| ડૂસકું | SOB |
| ડુંગળી | ONION |
| ડુંગરાળ | HILLY |

માઈન્ડ ગેમ: હોંગકોંગ

ઓળખાણ પડી?: વાવડિંગ

ગુજરાત મોરી મોરી રે: ઔષધ

ચતુર આપો જવાબ — અર્થ જણાવો: હાથ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ખુશરૂ કાપડિયા (૮) શ્રદ્ધા આશર (૯) લજિતા ખોના (૧૦) પુષ્પા પટેલ (૧૧) નૂતન વિપીન શાહ (૧૨) મીનળ કાપડિયા (૧૩) નિખિલ બંગાળી (૧૪) અમીશી બંગાળી (૧૫) હર્ષા મહેતા (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) મહેશ દોશી (૧૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૯) અંબરીષ ઓઝા (૨૦) કિશોર સંઘરાજકા (૨૧) તાહેર ઔરંગાબાદવાલા (૨૨) શીરીન ઔરંગાબાદવાલા (૨૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) અંજુ ટોલિયા (૨૭) અરવિંદ કામદાર (૨૮) અલકા વાણી (૨૯) જયવંત પદમશી ચિખલ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) ભાવના કર્વે (૩૨) વિણા સંપટ (૩૩) પુષ્પા ખોના (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) રમેશ દલાલ (૩૬) હિના દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) ડાયના સંતોકે (૩૯) પ્રવીણ વોરા (૪૦) શિલ્પા શ્રોફ (૪૧) નિતિન જયંતિલાલ બજરિયા (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) હેમા હરીશ ભટ્ટ (૪૫) હેમા સંપટ (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) ગીતા ધીરેન્દ્ર (૪૮) પ્રતિમા પમાણી (૪૯) ડો. પ્રકાશ કટકિયા (૫૦) રસીક જુથાણી - ટોરંટો - કેનેડા (૫૧) કમલ માતલિયા

# આરોપીઓ દ્વારા આપવામાં આવેલા કબૂલાતનામા આધારભૂત નથીઃ હાઇ કોર્ટ




ટ્રેન બ્લાસ્ટ

મુંબઈઃ મુંબઈને હચમચાવી નાખનારી ૭/૧૧ ટ્રેન બ્લાસ્ટના કેસમાં બધા ૧૨ આરોપીને નિર્દોષ મુક્ત કરતાં મુંબઈ હાઇ કોર્ટે એટીએસની તપાસમાં છીંડા દાખવ્યા હતા અને આરોપીઓનાં કબૂલાતનામાં આધારભૂત ન હોવાનું જણાવ્યું હતું.

મુંબઈમાં ૧૯ વર્ષ પહેલા ટ્રેનમાં થયેલા વિવિધ બોમ્બ વિસ્ફોટ કેસમાં બોમ્બે હાઈ કોર્ટે સોમવારે તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા. ફરિયાદ પક્ષ કેસ સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે એમ જણાવી હાઈ કોર્ટે ઉમેર્યું હતું કે આરોપીઓએ ગુનો કર્યો હોય એ માની નથી શકાતું. એ વિસ્ફોટમાં ૧૮૦થી વધુ લોકો મૃત્યુ પામ્યાં હતાં.

કેસની તપાસ હાથ ધરનારા મહારાષ્ટ્ર એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ) માટે આ ચુકાદો અત્યંત શરમજનક બાબત છે. એજન્સીએ દાવો કર્યો હતો કે આરોપીઓ પ્રતિબંધિત સંગઠન સ્ટુડન્ટ્સ ઇસ્લામિક મૂવમેન્ટ ઓફ ઇન્ડિયા (સિમી)ના સભ્યો હતા અને તેમણે આતંકવાદી જૂથ લશ્કર-એ-તૈયબા (એલઇટી)ના પાકિસ્તાની સભ્યો સાથે મળીને આ કાવતરું ઘડ્યું હતું.

ફરિયાદ પક્ષના કેસ પર તિરસ્કારપૂર્વકનો આરોપ મૂકી હાઈકોર્ટે આરોપીના તમામ કબૂલાતભર્યાં નિવેદનોને ''નકલ'' સૂચવતા અસ્વીકાર્ય જાહેર કર્યા હતા. કબૂલાતની વિશ્વસનીયતા સામે આંગળી ચીંધી અદાલતે એમ પણ જણાવ્યું હતું કે આ નિવેદનો આપવા માટે તેમની પર ત્રાસ ગુજારવામાં આવ્યો હતો એ આરોપીઓએ સફળતાપૂર્વક સ્થાપિત કર્યું છે.

ન્યાયમૂર્તિ અનિલ કિલોર અને ન્યાયમૂર્તિ શ્યામ ચાંડકની વિશેષ ખંડપીઠે જણાવ્યું હતું કે ફરિયાદ પક્ષ ગુનામાં ઉપયોગમાં લેવાયેલા બોમ્બના પ્રકારને રેકોર્ડ પર લાવવામાં પણ નિષ્ફળ ગયો છે અને તેના દ્વારા જે પુરાવા પર આધાર રાખવામાં આવ્યો છે તે આરોપીઓને દોષિત ઠેરવવા માટે પૂરતા નથી. હાઈ કોર્ટે તેના ૬૭૧ પાનાના ચુકાદામાં જણાવ્યું હતું કે 'વાસ્તવિક ગુનેગારને સજા કરવી એ ગુનાહિત પ્રવૃત્તિને કાબૂમાં રાખવા, કાયદાના શાસનને જાળવવા અને નાગરિકોની સલામતી અને સલામતી સુનિશ્ચિત કરવા તરફનું એક નક્કર અને આવશ્યક પગલું છે. પરંતુ આરોપીઓ સાથે ન્યાય કરવામાં આવ્યો છે તેવી રજૂઆત કરી કેસનો ઉકેલ લાવવાનો ખોટો દેખાવ ઊભો કરવાથી ઉકેલની ભ્રામક લાગણી જન્મે છે.'

મૃત્યુદંડની સજા ફટકારવામાં વૈ હતી એ દોષિતોમાં કમલ અન્સારી (હવે મૃત્યુ પામ્યા છે), મોહમ્મદ ફૈઝલ અતાઉર રહેમાન શેખ, એહતેશામ કુતુબુદ્દીન સિદ્દીકી, નવીદ હુસૈન ખાન અને આસિફ ખાનનો સમાવેશ થાય છે.

વિશેષ અદાલતે તેમને બોમ્બ પ્લાન્ટ કરવા અને અન્ય ઘણા આરોપો માટે દોષી ઠેરવ્યા હતા. તન્વીર અહમદ મોહમ્મદ ઇબ્રાહિમ અંસારી, મોહમ્મદ માજિદ મોહમ્મદ શફી, શેખ મોહમ્મદ અલી આલમ શેખ, મોહમ્મદ સાજિદ માર્ગુબ અંસારી, મુઝમ્મિલ અતાઉર રહેમાન શેખ, સુહૈલ મહેમૂદ શેખ અને ઝમીર અહમદ રહેમાન શેખને આજીવન કેદની સજા ફટકારી હતી.

સાક્ષીઓનાં નિવેદનો અને આરોપીઓ પાસેથી કરવામાં આવેલી કથિત વસૂલાતનું વિશેષ મહત્ત્વ નથી એમ હાઇ કોર્ટે ૧૨ વ્યક્તિની સજા રદ કરતી વખતે જણાવ્યું હતું. બારમાંથી પાંચને વિશેષ અદાલતે મૃત્યુદંડ અને સાતને આજીવન કેદની સજા ફટકારી હતી. મૃત્યુદંડની સજા પામેલા દોષિતોમાંથી એકનું ૨૦૨૧માં મૃત્યુ થયું હતું.

૧૧ જુલાઈ, ૨૦૦૬ના રોજ પશ્ચિમ રેલવેનાં વિવિધ સ્થળોએ મુંબઇની લોકલ ટ્રેનોમાં સાત વિસ્ફોટો થયા હતા જેમાં ૧૮૦થી વધુ લોકો માર્યા ગયા હતા અને અન્ય ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

'ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ ગયો છે. આરોપીઓએ ગુનો કર્યો છે એ માની નથી શકાતું. એટલે તેમની સજા રદ કરી પડતી મૂકવામાં આવે છે. જો અન્ય કોઈ કેસમાં જરૂરિયાત ન હોય તો આરોપીને તરત જ જેલમાંથી મુક્ત કરવામાં આવશે' એમ પણ હાઈ કોર્ટે જણાવ્યું હતું.

હાઇ કોર્ટે આ કેસના કેટલાક આરોપીઓના કથિત કબૂલાતભર્યાં નિવેદનોને પણ ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે તેમના પર ત્રાસ ગુજારવામાં આવ્યા બાદ આ નિવેદન લેવામાં આવ્યા હોય તેવું લાગે છે.મહારાષ્ટ્રના મહેસૂલ પ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા ચંદ્રશેખર બાવનકુળેએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર હાઇ કોર્ટના આદેશની યોગ્યતાનું મૂલ્યાંકન કરી તેને સુપ્રીમ કોર્ટમાં પડકારવો કે નહીં તે અંગે નિર્ણય લેશે.

મહારાષ્ટ્ર સરકાર ટ્રેન બ્લાસ્ટ કેસની તપાસ કરનારા એટીએસ અધિકારીઓ સામે કાર્યવાહી કરશે કે કેમ એ જાણવાની માગણી એ.આઈ.એમ.આઈ.એમ. પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ કરી હતી. (પીટીઆઈ) ■

## ઘટનાક્રમ

- **૧૧ જુલાઈ, ૨૦૦૬:** વેસ્ટર્ન રેલવેની ટ્રેનોના ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં સાંજે ૬.૨૩થી ૬.૨૯ વાગ્યા દરમિયાન સાત બૉમ્બધડાકા થયા હતા. આ બ્લાસ્ટમાં ૧૮૭ પ્રવાસીનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે ૮૨૪ જખમી થયા હતા.
- **૧૧ જુલાઈ, ૨૦૦૬:** અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં સાત એફઆઈઆર નોંધવામાં આવ્યા. બાદમાં આ એફઆઈઆરને એક કરી મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ)ને તપાસ સોંપવામાં આવી.
- **જુલાઈ-ઑગસ્ટ, ૨૦૦૬:** બ્લાસ્ટમાં સંડોવણી પ્રકરણે એટીએસ દ્વારા ૧૩ જણની ધરપકડ કરવામાં આવી.
- **૩૦ નવેમ્બર, ૨૦૦૬:** ૧૩ પાકિસ્તાની નાગરિક સહિત ૩૦ આરોપી વિરુદ્ધ કોર્ટમાં આરોપનામું દાખલ કરવામાં આવ્યું, જેમાંથી અનેક ફરાર છે.
- **૨૦૦૭: ખટલો શરૂ થયો.**
- **૧૯ ઑગસ્ટ, ૨૦૧૪:** સુનાવણી પૂરી. વિશેષ અદાલતે ધરપકડ કરાયેલા ૧૩ આરોપી વિરુદ્ધનો ચુકાદો અનામત રાખ્યો.
- **૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૫:** વિશેષ અદાલતે ૧૩માંથી ૧૨ આરોપીને કસૂરવાર ઠેરવ્યા. એક આરોપીને પુરાવાને અભાવે છોડી મુકાયો.
- **૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૫:** વિશેષ અદાલતે પાંચ દોષીને મૃત્યુદંડની સજા સંભળાવી. બાકીના સાતને જનમટીપ ફટકારી.
- **ઑક્ટોબર, ૨૦૧૫:** પાંચ આરોપીની મૃત્યુદંડની સજા પર મહોર લગાવવા મહારાષ્ટ્ર સરકાર દ્વારા બૉમ્બે હાઈ કોર્ટમાં અરજી કરાઈ હતી. બીજી બાજુ, બધા ૧૨ આરોપીએ તેમની સજાને હાઈ કોર્ટમાં પડકારી.
- **૨૦૧૫-૨૦૨૪:** હાઈ કોર્ટની અલગ અલગ બૅન્ચ સમક્ષ અપીલ કરાઈ.
- **જૂન, ૨૦૨૪:** ફાંસીની સજા પામેલા એહતેશામ સિદ્દીકીએ હાઈ કોર્ટમાં પિટિશન દાખલ કરીને ઝડપી સુનાવણી કરવા તેમ જ અપીલનો નિકાલ કરવા અરજ કરી.
- **જુલાઈ, ૨૦૨૪:** કેસની સુનાવણી માટે હાઈ કોર્ટે જસ્ટિસ અનિલ કિલોર અને શ્યામ ચાંડકની વિશેષ ખંડપીઠ નીમી.
- **૧૫ જુલાઈ, ૨૦૨૪:** હાઈ કોર્ટની સ્પેશિયલ બૅન્ચે અપીલની સુનાવણી શરૂ કરી.
- **૩૧ જાન્યુઆરી, ૨૦૨૫:** હાઈ કોર્ટે સુનાવણી પૂરી કરી.
- **૨૧ જુલાઈ, ૨૦૨૫:** બ્લાસ્ટનાં ૧૯ વર્ષ બાદ બૉમ્બે હાઈ કોર્ટે ૧૨ જણને નિર્દોષ જાહેર કર્યા. ■

## હાઈ કોર્ટે નિર્દોષ જાહેર કરેલા ૧૨ આરોપી

મુંબઈઃ મુંબઈની લોકલ ટ્રેનોમાં ૧૧ જુલાઈ, ૨૦૦૫ની સાંજે થયેલા શ્રેણીબદ્ધ બૉમ્બધડાકા કેસમાં ધરપકડ કરાયેલા ૧૨ જણને બૉમ્બે હાઈ કોર્ટે સોમવારે છોડી મૂક્યા હતા. આરોપીઓ પ્રતિબંધિત સ્ટુડન્ટ્સ ઈસ્લામિક મૂવમેન્ટ ઑફ ઈન્ડિયા (સિમી)ના સભ્યો હોવાનો દાવો તપાસકર્તા પક્ષે કર્યો હતો. કોર્ટે નિર્દોષ જાહેર કરેલા એ ૧૨ જણ વિશે જાણીએ...

### વિશેષ અદાલતે ફાંસીની સજા આપેલા પાંચ આરોપી

**કમલ અહમદ અન્સારી**




બિહારના મધુબની જિલ્લાના રહેવાસી અન્સારીનું ૫૦ વર્ષની ઉંમરે ૨૦૨૧માં મૃત્યુ થયું. પાકિસ્તાનમાં શસ્ત્રોની તાલીમ લીધી અને માટુંગામાં બ્લાસ્ટ થયેલો બૉમ્બ ગોઠવવાનો તેના પર આરોપ હતો.

**મોહમ્મદ ફૈસલ રહમાન શેખ**



મીરા રોડમાં રહેતા ૫૦ વર્ષના શેખ પર મુખ્ય કાવતરાખોરોમાંનો એક હોવાનો આરોપ હતો. એટીએસ અનુસાર પાકિસ્તાનથી તેણે નાણાં પ્રાપ્ત કર્યાં, બૉમ્બ બનાવ્યા અને એક ટ્રેનમાં બૉમ્બ પ્લાન્ટ કર્યો.

**એહતેશામ સિદ્દીકી**




૪૨ વર્ષના સિદ્દીકીએ ટ્રેનોની રૅકી કરી અને ટ્રેનમાં એક બૉમ્બ પ્લાન્ટ કર્યો, જે મીરા-ભાયંદર પાસે બ્લાસ્ટ થયો.

**આસિફ ખાન બશીર ખાન**



બાવન વર્ષના આસિફની બૉમ્બ બનાવવામાં મદદ કરવામાં સંડોવણી. બોરીવલીમાં બ્લાસ્ટ થયેલો બૉમ્બ તેણે જ ટ્રેનમાં મૂક્યો હતો. સિવિલ એન્જિનિયર આસિફ જળગાંવમાં રહેતો હતો અને તે સિમીનો મુખ્ય સભ્ય હોવાનો આક્ષેપ હતો.

**નાવીદ હુસેન ખાન રશીદ**



તે સમયે કૉલ સેન્ટરમાં કામ કરતો ૪૪ વર્ષના રશીદ પર બૉમ્બ એસેમ્બલ કરવાનો આરોપ હતો. તેણે ટ્રેનમાં ગોઠવેલો બૉમ્બ બાન્દ્રા નજીક ફાટ્યો હતો. તે સિકંદરાબાદનો વતની હતો અને વતનથી જ તેની ધરપકડ કરાઈ હતી.

### આજીવન કારાવાસની સજા પામેલા આરોપી



**તન્વીર અહમદ અન્સારી**

મુંબઈના આગ્રીપાડાના રહેવાસી ૫૦ વર્ષના અન્સારીને પાકિસ્તાનમાં આતંકવાદી કૅમ્પમાં જોડાવા અને ટ્રેનોની રૅકી કરવા માટે સજા ફટકારાઈ હતી.

**મોહમ્મદ શફી**



૪૬ વર્ષના શફી પર હવાલા રૅકેટ ચલાવવાનો અને બ્લાસ્ટ માટે પાકિસ્તાનથી નાણાં પ્રાપ્ત કરવાનો આરોપ હતો.



**શેખ મોહમ્મદ અલી આલમ**


ગોવંડી સ્થિત પોતાના ઘરમાં પાકિસ્તાનીઓની મદદથી બૉમ્બ બનાવવામાં સંડોવણી.



**મોહમ્મદ સાજિદ અન્સારી**

મીરા રોડમાં રહેતા ૪૭ વર્ષના અન્સારીએ બૉમ્બ માટે ટાઈમર પ્રાપ્ત કર્યાં અને બૉમ્બ બનાવવામાં મદદ કરી. પાકિસ્તાનના બે નાગરિકને સંતાવા જગ્યા ફાળવવામાં પણ તેની સંડોવણી હતી.

**ઝમીર રેહમાન શેખ**



ટ્રેન બ્લાસ્ટનું કાવતરું ઘડાયું ત્યારે મીટિંગમાં હાજર હતો. એ સિવાય પાકિસ્તાનમાં તાલીમ લીધી.



**મુઝમ્મીલ રહમાન શેખ**

બ્લાસ્ટ કેસનો સૌથી જુવાન આરોપી ૪૦ વર્ષનો શેખ સૉફ્ટવેર એન્જિનિયર હતો. પાકિસ્તાનમાં તાલીમ લીધી અને ટ્રેનોની રૅકી કરી. આ કેસમાં તેના ભાઈઓ ફૈસલ અને રાહિલ પણ આરોપી છે, પરંતુ તે પોલીસને હાથ લાગ્યા નહોતા. બન્ને જણ કાવતરાના મુખ્ય પ્લાનર હોવાનું કહેવાય છે.



**સુહૈલ મુહમૂદ શેખ**

પંચાવન વર્ષના શેખે પાકિસ્તાનમાં શસ્ત્રોની તાલીમ લીધી અને ટાર્ગેટ કરાયેલી ટ્રેનોની રૅકી પણ કરી હતી.

## 'બધા માટે ખૂબ જ દુઃખદ દિવસ! ન્યાયનું મૃત્યુ થયું!': પીડિતે વ્યક્ત કરી વેદના

મુંબઈઃ ૨૦૦૬ ના મુંબઈ ટ્રેન વિસ્ફોટમાં બચી ગયેલા અને હવે વ્હિલચેર પર બેઠેલા અને પ્રેક્ટિસ કરતા સીએ ચિરાગ ચૌહાણે સોમવારે બોમ્બે હાઈ કોર્ટ દ્વારા કેસમાં તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કરવા પર નિરાશા વ્યક્ત કરી અને કહ્યું કે ''ન્યાયનું મૃત્યુ થયું''. ચુકાદાના કલાકો પછી, ચૌહાણ (૪૦) એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ચુકાદા પર પોતાની ઊંડી નિરાશા વ્યક્ત કરી અને કહ્યું કે ''આજે દેશનો કાયદો નિષ્ફળ ગયો છે.''

''આજે બધા માટે ખૂબ જ દુઃખદ દિવસ છે! ન્યાયની હત્યા થઈ ગઈ!! હજારો પરિવારોને થયેલા ભરપાઈ ન થઇ શકે તેવા નુકસાન અને પીડા માટે કોઈને સજા મળી નથી!!,'' ચૌહાણે એક્સ પરની એક પોસ્ટમાં કહ્યું. વિસ્ફોટ માટે જવાબદાર આતંકવાદીઓને પોતે માફ કરી દીધા છે અને જીવનમાં આગળ વધી ગયો છે તે વાત પર ભાર મૂકીને પણ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ) એ ઊંડા ખેદ સાથે જણાવ્યું કે જો નરેન્દ્ર મોદી તે સમયે વડા પ્રધાન હોત તો આ કેસમાં ન્યાય મળી શક્યો હોત. ૧૧ જુલાઈ, ૨૦૨૫ ના રોજ થયેલા વિસ્ફોટોની ૧૯મી વર્ષગાંઠ પર, ચૌહાણે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર એક લાંબી પોસ્ટ લખી હતી જેમાં તેમણે વિગતવાર જણાવ્યું હતું કે આતંકવાદી હુમલામાં તેમને થયેલી ઈજાના કારણે લકવાગ્રસ્ત થઇ જતાં, તેમનું જીવન કેવી રીતે કાયમ માટે બદલાઈ ગયું હતું અને વિપરીત સંજોગોમાં કેવી રીતે ત્રણ વર્ષ પછી સીએ ફાઇનલ પાસ કરી હતી. ૨૦૦૬માં તે સમયે ૨૧ વર્ષીય ચાર્ટર્ડ એકાઉન્ટન્સીના વિદ્યાર્થી, ચૌહાણ પશ્ચિમ રેલવેના ખાર અને સાંતાક્રુઝ સ્ટેશનો વચ્ચે એ લોકલ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા, જેમાં એક શક્તિશાળી બોમ્બ વિસ્ફોટ થયો હતો. આ આતંકવાદી હુમલામાં કરોડરજ્જુની ઇજાને કારણે તેઓ લકવાગ્રસ્ત થઈ ગયા હતા અને હવે વ્હિલચેરનો ઉપયોગ કરવો પડે છે. ■

## હાઈ કોર્ટનો ચુકાદો ઘા પર મીઠું ભભરાવવા જેવો છેઃ પીડિતો

મુંબઈઃ ૧૯ વર્ષનાં વહાણાં વીતી જવા છતાં મુંબઈમાં ૭/૧૧/ ના ટ્રેન બોમ્બ બ્લાસ્ટને કોઈ ભૂલી શક્યું નથી. ખાસ કરીને એ પીડિતો જેઓ એ જ ટ્રેનમાં હતા અને બચી ગયા હતા. હવે ૧૯ વર્ષ પછી બોમ્બે હાઈ કોર્ટ દ્વારા ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા બાદ વિરારના રહેવાસીઓ આઘાતમાં મુકાઈ ગયા છે, જેના કારણે તેમણે આ ચુકાદાને પીડિતોના ઘા પર મીઠું ભભરાવવા જેવો ગણાવ્યો છે.

૭/૧૧ લોકલ ટ્રેન બોમ્બ વિસ્ફોટમાં શારીરિક અને ભાવનાત્મક ઘા સાથે જીવતા,ગાર્ડન કોન્ટ્રાક્ટર હરીશ પોવાર કેસ બંધ થવાની રાહ જોતા હતા. જોકે, ૪૪ વર્ષના પોવારને ૧૧ જુલાઈ, ૨૦૦૬ની તારીખ બરાબર યાદ છે, જ્યારે વિરાર જતી લોકલ ટ્રેનના ફર્સ્ટ-ક્લાસ કોચમાં બોમ્બ વિસ્ફોટ થયો હતો, જેમાં તેઓ ઘાયલ થયા હતા. લગભગ બે દાયકા પછી પણ મારી આંખો સામે વિસ્ફોટનું દ્રશ્ય તરવરતું રહે છે. મને યાદ છે કે ડબ્બાની અંદર દિવાલો પર લોહીના છાંટા પડ્યા હતા. કેટલાક લોકો પીડાથી કણસતા હતા, જ્યારે કેટલાક મૃત્યુ પામ્યા હતા, એમ પોવારે પીટીઆઈને જણાવ્યું હતું. વિસ્ફોટને કારણે કોચમાં માથું ઉડી ગયું હતું તે ભયાનક દશ્ય તેમણે યાદ કર્યું.

અહીં સાત ટ્રેન વિસ્ફોટોમાં ૧૮૦ થી વધુ લોકોનાં મોત થયાના ઓગણીસ વર્ષ પછી, બોમ્બે હાઈ કોર્ટે સોમવારે તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા, અને કહ્યું કે ફરિયાદ પક્ષ કેસ સાબિત કરવામાં ''સંપૂર્ણપણે નિષ્ફળ'' ગયો અને એ માનવું મુશ્કેલ હતું કે આરોપીએ ગુનો કર્યો છે. ચુકાદાથી નિરાશ થઈને, પોવારે કટાક્ષમાં કહ્યું, ''જો આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવે છે, તો આપણા પરિવારનું ભરણપોષણ કરવા માટે આપણા ઘરની બહાર નીકળવું એ ગુનો છે અને આપણે ગુનેગાર છીએ''. ૧૯ વર્ષ પછી, કોઈને આવા ચુકાદાની અપેક્ષા નહોતી. જો ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવે છે, તો આપણે વાસ્તવિક ગુનેગારોને ઓળખી લેવા જોઈએ, તેમણે કહ્યું.

આટલા ગંભીર કેસમાં હાઇ કોર્ટે આરોપીઓના તમામ કબૂલાતના નિવેદનોને પ્રોસિક્યુશન દ્વારા ''નકલ'' ગણાવીને અસ્વીકાર્ય જાહેર કર્યા છે.

ન્યાયતંત્ર સામાન્ય લોકો માટે એકમાત્ર આશા છે તેના પર ભાર મૂકતા, પોવારે કહ્યું કે આવા ચુકાદાઓ પીડિતોના ઘા પર મીઠું ભભરાવવા સમાન છે. ''આ ચુકાદાથી મારા જેવા સામાન્ય લોકો, જેઓ વૃદ્ધ માતા-પિતા અને પરિવારોનું ગુજરાન ચલાવવા માટે કામ પર જવા માટે ભરચક ટ્રેનોમાં મુસાફરી કરે છે, તેઓ મુખ્ય ગુનેગારો જેવા દેખાઈ રહ્યા છે. મને ખબર નથી કે આરોપીઓને નિર્દોષ જાહેર કરવા માટે કોને દોષિત ઠેરવવા જોઈએ, તેમણે દુઃખ વ્યક્ત કર્યું. નિરાશામાં ડૂબી ગયેલા પોવારે કહ્યું કે આ ચુકાદાએ તમામ પીડિતોને વિચલિત કરી દીધા છે. દક્ષિણ મુંબઈમાં કામ કરતા આ માળીને ૧૯ વર્ષ પહેલાંના એ ભયાનક દિવસે ગ્રાન્ટ રોડ સ્ટેશનથી ઘરે જવાની પોતાની ટ્રેનની મુસાફરી સારી રીતે યાદ છે. પોવારને છાતીમાં ઈજા થઈ હતી અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. (પીટીઆઈ) ■

## જો સેશન્સ કોર્ટમાં રજૂ કરાયેલ પુરાવા હાઈ કોર્ટમાં ટકતા નથી, તો તેમાં કોનો વાંક?: ઉજ્જવલ નિકમ

મુંબઈઃ વિશેષ સરકારી વકીલ ઉજ્જ્વલ નિકમે મુંબઈના એક મહત્ત્વપૂર્ણ કેસમાં આવેલા ચુકાદા પર પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે મુંબઈ સેશન્સ કોર્ટે જે પુરાવાઓના આધારે આરોપીઓને સજા ફટકારી હતી તે હાઈ કોર્ટમાં ટક્યા નથી, જે એક ગંભીર બાબત છે. કાયદાનું વિશ્લેષણ કરવામાં ભૂલ થઈ હતી કે તપાસ એજન્સીએ ખોટા પુરાવા એકત્રિત કર્યા હતા તે અંગે ચર્ચા થશે. જોકે, નિકમે સ્પષ્ટતા કરી હતી કે આજે આરોપીને નિર્દોષ જાહેર કરવો એ એક ગંભીર બાબત છે. સરકાર આ કેસમાં તાત્કાલિક સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરશે. સેશન્સ કોર્ટ અને હાઈ કોર્ટના ચુકાદાઓ વચ્ચેનો આ તફાવત અને પુરાવાઓની સ્થિતિ આ કેસમાં મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ છે. સરકાર આ ચુકાદાનું સંપૂર્ણ મૂલ્યાંકન કર્યા પછી આગળના કાનૂની પગલાં લેશે. ■

## ન્યાય આપવાની ફરજ અદા કરીઃ હાઈ કોર્ટ

મુંબઈઃ મુંબઈમાં જુલાઈ ૨૦૦૬માં થયેલા સિરિયલ ટ્રેન બૉમ્બવિસ્ફોટમાં સોમવારે તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કરનાર ન્યાયમૂર્તિ અનિલ કિલોર અને ન્યાયમૂર્તિ શ્યામ ચાંડકની બોમ્બે હાઇ કોર્ટની ખંડપીઠે કહ્યું હતું કે તેમણે ન્યાયમૂર્તિ તરીકે પોતાની ફરજ બજાવી હતી.

ખંડપીઠે ૨૦૧૫ માં વિશેષ અદાલત દ્વારા ૧૨ વ્યક્તિની સજાને રદ કરી નોંધ્યું હતું કે ફરિયાદી કેસ સાબિત કરવામાં ''સંપૂર્ણપણે નિષ્ફળ'' ગઈ છે અને આરોપીએ ગુનો કર્યો છે તે માનવું મુશ્કેલ છે.

ફરિયાદી પક્ષ આ ગુનામાં કયા પ્રકારના બૉમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો છે તે રેકોર્ડ પર લાવવામાં પણ નિષ્ફળ ગયો છે અને તેના દ્વારા જે પુરાવાઓ પર આધાર રાખવામાં આવ્યો છે તે આરોપી વ્યક્તિઓને દોષિત ઠેરવવા માટે નિર્ણાયક નથી, એમ તેમાં જણાવાયું હતું.

અદાલતે પોતાનો ચુકાદો સંભળાવ્યા બાદ આરોપીઓ તરફથી હાજર રહેલા એડવોકેટ યુગ ચૌધરીએ જણાવ્યું હતું કે, આ ચુકાદો માનવતા અને ન્યાયતંત્રમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરે છે કારણ કે ૧૨ આરોપીઓ તેમણે ન કરેલા ગુના માટે ૧૯ વર્ષથી જેલમાં બંધ છે. (પીટીઆઈ) ■

## મહારાષ્ટ્ર સરકાર આદેશનો અભ્યાસ કરશેઃ પ્રધાન

મુંબઈઃ રાજ્ય સરકાર ૭/૧૧ મુંબઈ ટ્રેન વિસ્ફોટના તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ છોડી દેવાના બોમ્બે હાઈ કોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવો કે નહીં તે નક્કી કરતા પહેલા, આદેશની યોગ્યતાનું મૂલ્યાંકન કરશે, એમ મહારાષ્ટ્રના મહેસૂલ પ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા ચંદ્રશેખર બાવનકુલેએ જણાવ્યું હતું.

૧૧ જુલાઈ, ૨૦૦૬ના રોજ પશ્ચિમ લાઇન પર વિવિધ સ્થળોએ મુંબઈ લોકલ ટ્રેનોમાં સાત વિસ્ફોટ થયા હતા, જેમાં ૧૮૦ થી વધુ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા.

ઓગણીસ વર્ષ પછી, બોમ્બે હાઈકોર્ટે સોમવારે તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા, અને કહ્યું કે ફરિયાદ પક્ષ કેસ સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયો અને ''તેઓએ ગુનો કર્યો છે તે માનવું મુશ્કેલ હતું''. ન્યાયાધીશ અનિલ કિલોર અને શ્યામ ચાંડકની ખાસ બેન્ચે જણાવ્યું હતું કે ફરિયાદ પક્ષ ગુનામાં ઉપયોગમાં લેવાયેલા બૉમ્બના પ્રકારને રેકોર્ડ પર લાવવામાં પણ નિષ્ફળ ગયો છે અને તેના પર આધાર રાખેલા પુરાવા આરોપીઓને દોષિત ઠેરવવા માટે નિર્ણાયક નથી.

''હાઇ કોર્ટના નિર્ણયને પડકારતા પહેલા કેસની યોગ્યતાઓનું મૂલ્યાંકન કરાશે. તે પહેલાં, અમે ચુકાદાના યોગ્યતા અને નિર્દોષ જાહેર કરવાનાં કારણો જેવા પાસાઓની ચર્ચા કરીશું. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પણ તેની તપાસ કરશે. રાજ્ય સરકાર મૂલ્યાંકન પછી જ સુપ્રીમ કોર્ટમાં જશે. જો રાજ્ય પાસે કોઈ વધારાની માહિતી હશે, તો મુખ્ય પ્રધાન ફડણવીસ તે વિગતવાર રજૂ કરશે,'' એમ ભાજપના મહારાષ્ટ્ર એકમના ભૂતપૂર્વ પ્રમુખ બાવનકુલેએ જણાવ્યું હતું.

૨૦૧૫માં એક ખાસ કોર્ટે આ કેસમાં ૧૨ લોકોને દોષિત ઠેરવ્યા હતા, જેમાંથી પાંચને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી અને બાકીના સાતને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. એક દોષિતનું અપીલની સુનાવણી બાકી રહી જતાં મૃત્યુ થયું હતું.

આ કેસમાં નિર્દોષોના છુટકારાને 'પીડાકારક અને આઘાતજનક' ગણાવી સોમૈયાએ જણાવ્યું હતું કે 'મેં સીએમ દેવેન્દ્ર ફડણવીસને વિનંતી કરી છે કે પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી અગાઉની તપાસમાં ખામીઓ દૂર કરવા માટે તપાસકર્તાઓ અને કાનૂની નિષ્ણાતોની એક ટીમ તૈયાર કરવામાં આવે. પીડિતોને ન્યાયની જરૂર છે અને આતંકવાદીઓને ફાંસીની સજા થવી જ જોઇએ.' એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાના લોકસભાના માજી સંસદસભ્ય સંજય નિરુપમે આ ચુકાદાને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી જણાવ્યું હતું કે 'આ ચુકાદાથી એક પ્રશ્ન ઊભો થાય છે કે વિસ્ફોટો કોણે કર્યા હતા? તપાસ એજન્સીઓના કામમાં ખામીઓ હતી કે કેમ એ તપાસવું પડશે.' રાજ્યના પ્રધાન અને એનસીપીના નેતા છગન ભુજબળે હાઈ કોર્ટના ચુકાદા બાદ આગામી કાનૂની પગલાં અંગે નિર્ણય લેવા બાબત બાવનકુળેનું સમર્થન કર્યું હતું. ■



કતારના ચિલ્ડ્રન્સ મ્યુઝિયમ દાદુના સહયોગથી અને રિલાયન્સ ફાઉન્ડેશનના ટેકા સાથે નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર (એનએમએસીસી) દ્વારા યોજાયેલા પ્રદર્શન 'લાઈટ અટેલિયર'ને બાળકોએ માણ્યું હતું. રિલાયન્સ ફાઉન્ડેશનના ઈએસએ ડૅએ આ ઈન્ટરેક્ટિવ ઍક્ઝિબિશન શરૂ થયું હતું. આવા પ્રકારનું ભારતનું આ સૌપ્રથમ પ્રદર્શન છે.

# હવે વધુ રોમાંચક બનશે ટેસ્ટ ક્રિકેટ: ટૂ-ટિયર ટેસ્ટ સિસ્ટમ માટે આઇસીસીએ સમિતિ રચી

લંડન : આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઇસીસી) એ ટેસ્ટ ક્રિકેટમાં ટૂ-ટિયર ટેસ્ટ સિસ્ટમ દાખલ કરવાની શક્યતા શોધવા માટે તેના નવા મુખ્ય કાર્યકારી અધિકારી સંજોગ ગુપ્તાના નેતૃત્વમાં આઠ સભ્યોની સમિતિની રચના કરી છે. સિંગાપોરમાં આઇસીસીની વાર્ષિક સામાન્ય સભા દરમિયાન પ્રમુખ જય શાહ અને ગુપ્તાના નેતૃત્વ હેઠળ સમિતિની રચના કરવામાં આવી હતી. ગુપ્તાને આ મહિનાની શરૂઆતમાં સીઇઓ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

'ધ ગાર્ડિયન' માં પ્રકાશિત થયેલા એક રિપોર્ટ મુજબ, પેનલના અન્ય સભ્યોમાં ઇંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી) ના મુખ્ય કાર્યકારી અધિકારી રિચર્ડ ગોલ્ડ અને ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (સીએ) ના મુખ્ય કાર્યકારી અધિકારી ટોડ ગ્રીનબર્ગનો સમાવેશ થાય છે. રિપોર્ટ અનુસાર,''વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના આગામી ચક્ર માટે કોઈપણ ફેરફાર કરવામાં આવશે, જે ૨૦૨૭થી ૨૦૨૯ સુધી ચાલશે. તે વર્તમાન નવ-ટીમ ફોર્મેટને બદલે છ-છના બે વિભાગોનો પ્રસ્તાવ મૂકે છે.'' સમિતિએ આ વર્ષના અંત સુધીમાં આઇસીસીને તેની ભલામણો સબમિટ કરવી પડશે.

સમિતિમાં ગોલ્ડ અને ગ્રીનબર્ગનો સમાવેશ થવાથી નવી ટૂ-ટિયર ટેસ્ટ સિસ્ટમ લાગુ થવાની શક્યતા છે, કારણ કે સીએ અને ઈસીબી તેના મુખ્ય સમર્થકો રહ્યા છે. દરમિયાન, સિડની મોર્નિંગ હેરાલ્ડ અનુસાર, ક્લબ-સ્તરની આંતરરાષ્ટ્રીય ટી-૨૦ સ્પર્ધા ચેમ્પિયન્સ લીગ આગામી વર્ષથી ફરી શરૂ થઈ શકે છે. આઇસીસીએ આ સ્પર્ધા ફરી શરૂ કરવા માટે તૈયારી શરૂ કરી છે. આ અંગે ચર્ચાઓ ચાલી રહી છે જેમાં ભારત, ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડના ક્રિકેટ બોર્ડ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. ચેમ્પિયન્સ લીગ છેલ્લે ૨૦૧૪માં ભારતમાં યોજાઈ હતી, જેમાં ચેન્નઈ સુપર કિંગ્સે બેંગલુરુમાં યોજાયેલી ફાઇનલમાં કોલકાતા નાઈટ રાઇડર્સને હરાવીને ટાઇટલ જીત્યું હતું. તે સ્પર્ધામાં ભારતની ત્રણ ટીમો, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાની બે-બે અને પાકિસ્તાન, વેસ્ટ ઈન્ડિઝ અને ન્યૂઝીલેન્ડની એક-એક ટીમે ભાગ લીધો હતો. ચેન્નઈ સુપર કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સે આ સ્પર્ધા બે-બે વખત જીતી છે, જ્યારે ઓસ્ટ્રેલિયાની ન્યૂ સાઉથ વેલ્સ અને સિડની સિક્સેસે એક-એક વખત જીતી છે. ■

## ચોથી ટેસ્ટમાં બુમરાહ રમશે, નીતીશ ટૂરમાંથી જ આઉટ

મૅન્ચેસ્ટર: ભારતના મધ્યમ ઝડપી બોલર મોહમ્મદ સિરાજે સોમવારે એ વાતને સમર્થન આપ્યું હતું કે બુધવારથી ઓલ્ડ ટ્રેફર્ડમાં શરૂ થતી ઈંગ્લૅન્ડ સામેની ચોથી ટેસ્ટમાં જસપ્રિત બુમરાહ રમશે. વર્કલોડ મેનેજમેન્ટને લીધે બુમરાહ પાંચમાંથી ત્રણ ટેસ્ટ જ રમવાનો છે.

ભારતીય ઓલરાઉન્ડર નીતીશ કુમાર રેડ્ડી ઘૂંટણની ઈજાને કારણે ઈંગ્લેન્ડ સામેની શ્રેણીની બાકીની મેચોમાંથી બહાર થઈ ગયો છે જ્યારે ઈજાગ્રસ્ત ફાસ્ટ બોલર અર્શદીપ સિંહ ચોથી ટેસ્ટમાં રમશે નહીં. બીજી અને ત્રીજી ટેસ્ટમાં રમનાર રેડ્ડી રવિવારે જીમમાં પ્રેક્ટિસ કરતી વખતે ઈજાગ્રસ્ત થયો હતો અને હવે ઘરે પરત ફરશે. ભારતે એજબેસ્ટન ખાતેની બીજી ટેસ્ટ જીતી ત્યારે બુમરાહ રમ્યો નહોતો. જોકે લોર્ડ્ઝમાં ભારત ૨૨ રનથી હારી ગયું ત્યારે બુમરાહ રમ્યો હતો. સિરાજે પત્રકારોને કહ્યું હતું કે મને ખબર છે ત્યાં સુધી જસ્સી ભાઈ રમશે. ઈજાને લીધે ટીમને વારંવાર બદલવી પડે છે. (એજન્સી) ■



### પ્રેક્ટિસ પણ, ગમ્મત પણ

ભારતની ચોથી ટેસ્ટ મૅન્ચેસ્ટરમાં શરૂ થવાની છે એની પહેલા ભારતીય ટીંમ ગઇકાલે બરાબરની નેટ પ્રેક્ટિસ કરી હતી. ચોથી ટેસ્ટમાં જેનું રમવાનું નિશ્ચિત માનવામાં આવે છે એ અગ્રણી બોલર જસપ્રીત બુમરાહે મસ્તીને મસ્તીમાં ભારતીય ટીમના સાઈડઆર્મ થ્રોઅર રઘુવેન્દ્ર દ્વીવેદીને હાથ જોડ્યા હતા. ડાબેરી સ્પીનર કુલદીપ યાદવે પણ ખૂબ જ મસ્તી સાથે બોલિંગ પણ કરી હતી. જોકે સાથે સાથે ભારતીય ટીમે સ્લીપ કેચિંગ પર ખાસ ધ્યાન આપ્યું હતું. (એજન્સી)

## કુલદીપને ચોથી ટેસ્ટમાં રમાડો જ : સ્ટીવ હાર્મિસનનો આગ્રહ

માન્ચેસ્ટર : ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર સ્ટીવ હાર્મિસને સલાહ આપી હતી કે ભારતે ચોથી ટેસ્ટ માટે કુલદીપ યાદવને તેમની પ્લેઇંગ ઇલેવનમાં સામેલ કરવા અંગે ગંભીરતાથી વિચાર કરવો જોઈએ, પરંતુ તેમણે સ્વીકાર્યું કે પહેલાથી જ સંતુલિત ટીમમાં સ્પિનરને ઉમેરવાથી પસંદગીની સમસ્યા ઊભી થઈ શકે છે. મેચ આગળ વધતાં ઓલ્ડ ટ્રેફર્ડની પિચ સ્પિન બોલિંગને મદદ કરશે તેવી અપેક્ષા છે અને હાર્મિસને કહ્યું હતું કે ભારતે બુધવારથી શરૂ થતી ઇંગ્લેન્ડ સામેની ચોથી ટેસ્ટ પહેલા ત્રણ સ્પિનરો સાથે રમવું કે નહીં તે અંગે હિંમતભેર નિર્ણય લેવો પડશે. જો ટીમ ઈન્ડિયા બે સ્પિનરો સાથે રમવાનું નક્કી કરે છે અને કુલદીપને સામેલ કરે છે તો તેણે વોશિંગ્ટન સુંદર અથવા રવીન્દ્ર જાડેજામાંથી કોઈ એકને પડતો મુકવો પડશે જેમણે અત્યાર સુધી શ્રેણીમાં સારું પ્રદર્શન કર્યું છે. હાર્મિસને કહ્યું હતું કે, ચોથી ટેસ્ટની વિકેટ કુલદીપને ઉછાળ આપશે નહીં પરંતુ જેમ જેમ ટેસ્ટ મેચ આગળ વધશે તેમ તેમ તે સ્પિનર્સને મદદ કરશે. છેલ્લી ત્રણ ટેસ્ટ મેચ પાંચમા દિવસ સુધી ચાલી છે, તેથી ભારતે બીજા કે ત્રીજા સ્પિનર સાથે રમવાનું ગંભીરતાથી વિચારવું પડશે.

તેમણે કહ્યું હતું કે , હાલમાં તેમની ટીમ સંતુલિત છે પરંતુ પડકાર એ છે કે કુલદીપ યાદવને ટીમમાં લાવવાનો રસ્તો શોધવો પડશે. તમે વોશિંગ્ટન સુંદર અથવા રવીન્દ્ર જાડેજાને પડતા મૂકી શકતા નથી. તો શું તમે ત્રણ સ્પિનરોને રમી શકો છો? તે એક મોટો નિર્ણય હશે. બુધવારથી શરૂ થતી ચોથી ટેસ્ટ પહેલા ઇંગ્લેન્ડ પાંચ મેચની શ્રેણીમાં ૨-૧થી આગળ છે. હાર્મિસનને અપેક્ષા છે કે ઓલ્ડ ટ્રેફર્ડની સ્થિતિ એજબેસ્ટન અને લોર્ડ્સ જેવી જ હશે. હાર્મિસને કહ્યું હતું કે, અહીં લગભગ ત્રણ મહિનાથી વરસાદ પડ્યો નથી અને જો ઇંગ્લેન્ડમાં ક્યાંય વરસાદ પડશે તો તે માન્ચેસ્ટરમાં પડશે. હાર્મિસનને અપેક્ષા છે કે ભારત વધુ સ્પિનરો સાથે રમવાનું વિચારશે પરંતુ તે ઈંગ્લેન્ડને આવું કરતા જોવાની શક્યતા ઓછી છે. ■

## ઑલ્ડ ટ્રેફર્ડ સ્ટેડિયમના સ્ટેન્ડને ફારૂક એન્જિનિયર અને ક્લાઈવ લોઈડનું નામ અપાશે

માન્ચેસ્ટર: ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે અહીંના પ્રતિષ્ઠિત ઓલ્ડ ટ્રેફર્ડ મેદાન પર રમાનારી ચોથી ટેસ્ટ મેચ દરમિયાન સ્ટેન્ડના નામ ભારતના ભૂતપૂર્વ વિકેટકીપર-બેટ્સમેન ફારૂક એન્જિનિયર અને વેસ્ટ ઇન્ડીઝના મહાન ક્લાઇવ લોઈડના નામ પર રાખવામાં આવશે. એન્જિનિયર અને લોઈડની ભૂતપૂર્વ કાઉન્ટી ટીમ લૅન્કેશાયર સ્ટેન્ડના નામ તેમના નામ પર રાખવાનું નક્કી કર્યું છે.

એન્જિનિયર લગભગ એક દાયકા સુધી કાઉન્ટી ટીમ લૅન્કેશાયર માટે રમ્યા હતા જ્યારે વેસ્ટ ઇન્ડીઝના ભૂતપૂર્વ કેપ્ટન લોઈડ લગભગ બે દાયકા સુધી ક્લબ સાથે હતા અને ક્લબના ઇતિહાસમાં મૂલ્યવાન યોગદાન આપ્યું હતું. સૂત્રોએ પીટીઆઈને જણાવ્યું હતું કે સ્ટેડિયમનું નામકરણ સમારોહ ૨૩ જુલાઈથી શરૂ થનારી ટેસ્ટ મેચના પહેલા દિવસે થશે. ઇંગ્લેન્ડ પાંચ મેચની શ્રેણીમાં ૨-૧થી આગળ છે. સૂત્રએ કહ્યું હતું કે , ''આ ક્લબના બંને દિગ્ગજોને યોગ્ય 'ટ્રિબ્યુટ' છે.''

૧૯૬૮ થી ૧૯૭૬ની વચ્ચે ૮૭ વર્ષીય એન્જિનિયરે ૧૭૫ મેચોમાં લૅન્કેશાયર માટે ૫૯૪૨ રન કર્યા હતા જ્યારે ૪૨૯ કેચ ઝડપ્યા હતા અને ૩૫ સ્ટમ્પિંગ કર્યા હતા. બીજી તરફ બે વખત વર્લ્ડ કપ વિજેતા વેસ્ટ ઈન્ડિઝ ટીમના કેપ્ટન લોઈડે ૧૯૭૦ના દાયકાની શરૂઆતમાં વિદેશી ખેલાડી તરીકે આવ્યા બાદ ક્લબનું નસીબ બદલી નાખ્યું હતું. જ્યારે મુંબઈમાં જન્મેલા એન્જિનિયરે લૅન્કેશાયર માટે ડેબ્યૂ કર્યું, ત્યારે ક્લબે ૧૫ વર્ષથી વધુ સમય સુધી કોઈ મોટો ખિતાબ જીત્યો ન હતો, પરંતુ તેમણે ૧૯૭૦ થી ૧૯૭૫ની વચ્ચે ચાર વખત ટીમને જીલેટ કપ જીતવામાં મદદ કરી હતી. રસપ્રદ વાત એ છે કે, એન્જિનિયરે તેમનું મોટાભાગનું ક્રિકેટ બ્રેબોર્ન સ્ટેડિયમમાં રમ્યું હતું પરંતુ ત્યાં તેમના નામ પર કોઈ સ્ટેન્ડ નથી.

એન્જિનિયરે થોડા વર્ષો પહેલા ક્લબની વેબસાઇટને જણાવ્યું હતું કે, ''તે અવિશ્વસનીય સમય હતો અને ઓલ્ડ ટ્રેફર્ડ એક શાનદાર સ્થળ હતું. લોકો અમને રમવા જોવા માટે દૂર દૂરથી આવતા હતા. તેમણે કહ્યું હતું કે ''ઓલ્ડ ટ્રેફર્ડના ડ્રેસિંગ રૂમમાંથી અમે વારવિક રોડ રેલ્વે સ્ટેશન જોઈ શકતા હતા અને મેચ પહેલા અમે પ્લેટફોર્મ પર મુસાફરોથી ભરેલી ટ્રેનો જોતા હતા. અમે લોકોને ગીત ગાતા, વાતો કરતા અને હસતા સાંભળી શકતા હતા. એન્જિનિયરને ચાહકો તરફથી પત્રો મળતા હતા. તેમણે કહ્યું હતું કે તે શાનદાર હતું. ઇંગ્લેન્ડમાં દરેક વ્યક્તિ ક્લાઇવ લોઈડ, હેરી પિલિંગ, પીટર લીવર અને કેન શટલવર્થ જેવા નામો ધરાવતી તે મહાન ટીમ વિશે વાત કરી રહ્યા હતા.

નિવૃત્તિ લીધા પછી એન્જિનિયરે માન્ચેસ્ટરને પોતાનું ઘર બનાવ્યું અને આજ સુધી અહીં રહે છે. ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન દિલીપ વેંગસરકર પણ ક્લબના વરિષ્ઠ અધિકારીઓ સાથે સમારોહમાં હાજરી આપે તેવી અપેક્ષા છે. ■

## ટીમ ઇન્ડિયાના ક્રિકેટરો મૅન્ચેસ્ટરમાં એમયુના ફૂટબોલ સિતારાઓને મળ્યા





મેન્ચેસ્ટર: બુધવારે (આવતી કાલે) અહીં ઑલ્ડ ટ્રેફર્ડના મેદાન પર ઇંગ્લેન્ડ સામે સિરીઝની ચોથી ટેસ્ટ મેચ શરૂ થાય એ પહેલાં ભારતીય ક્રિકેટરો અહીં જગવિખ્યાત ફૂટબોલ ક્લબ મેન્ચેસ્ટર યુનાઇટેડના ખેલાડીઓને મળ્યા હતા અને એકમેક સાથે પોતપોતાના અનુભવો શેર કરવાની સાથે એકબીજાને શુભેચ્છા આપી હતી. પ્રીમિયર લીગની ટોચની ટીમ એમયુમાં દેશ-વિદેશના જાણીતા ફૂટબોલ ખેલાડીઓનો સમાવેશ છે. ટીમ ઇન્ડિયા અને એમયુના ખેલાડીઓએ એકમેક સાથે પોતપોતાની ફેમસ જર્સીની અદલાબદલી કરી હતી. ભારતીય ક્રિકેટરો થોડું ફૂટબોલ રમ્યા હતા અને એમયુના ફૂટબોલ ખેલાડીઓએ ક્રિકેટની થોડી મોજ માણી હતી.

ભારતીય ક્રિકેટરો ઘણી વખત મેચ પહેલાંના પ્રેક્ટિસ સેશનમાં ફૂટબોલ રમી લેતા હોય છે. કેપ્ટન શુભમન ગિલે સોકર ખેલાડીઓ વચ્ચે ફૂટબોલને થોડી કિક મારીને આ રમત રમવામાં પણ પોતાને થોડો રસ છે એ બતાવ્યું હતું.

એમયુના ડિફેન્ડર હેરી મેગ્વાયરે ફ્રેન્ડલી ક્રિકેટમાં મોહમ્મદ સિરાજના થોડા ફાસ્ટ બોલનો સામનો કરીને ક્રિકેટની મજા લીધી હતી અને તેની સાથે થોડી હળવી મસ્તીમજાક પણ કરી હતી. વિકેટકીપર રિષભ પંતે એમયુની ફેમસ જર્સી સાથે પોઝ આપ્યો હતો. એમયુના ફ્રેન્ચ ડિફેન્ડર લેની યોરોએ ઇન્ડિયન ક્રિકેટ જર્સી સાથે ફોટો પડાવ્યો હતો. મેસન માઉન્ટ એમયુનો સ્ટાર પ્લેયર છે અને તેણે જસપ્રીત બુમરાહ સાથે હળવી વાતચીત કરી હતી અને તેમની વાતચીતમાં મેગ્વાયર પણ જોડાયો હતો. હેડ-કોચ ગૌતમ ગંભીરે એમયુના મેનેજર (કોચ) રુબેન ઍમોરિમ સાથે ઘણી ચર્ચા કરી હતી. અર્શદીપ સિંહ, ધ્રુવ જુરેલ, પ્રસિદ્ધ ક્રિષ્ના અને શાર્દુલ ઠાકુરે એમયુની જર્સી સાથે ફોટો પડાવ્યો હતો. કુલદીપ યાદવ, કરુણ નાયર તેમ જ વોશિંગ્ટન સુંદરે એમયુના કોચિંગ સ્ટાફ સાથે ઘણી વાતચીત કરી હતી. ■

### ત્રિકોણી ટી-૨૦ સિરીઝ

## સાઉથ આફ્રિકાએ ઝિમ્બાબ્વેને હરાવ્યું ફાઇનલમાં કિવીઓ સાથે ટક્કર થશે

હરારે (ઝિમ્બાબ્વે) : હરારે સ્પોર્ટ્સ ક્લબ ખાતે રમાયેલી ટી-૨૦ ત્રિકોણીય શ્રેણીની ચોથી મેચમાં દક્ષિણ આફ્રિકાએ યજમાન ઝિમ્બાબ્વેને ૭ વિકેટથી હરાવ્યું હતું. આ સિરીઝ દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને ન્યૂ ઝીલેન્ડની ટીમો વચ્ચે રમાઈ રહી છે. આ જીત સાથે દક્ષિણ આફ્રિકાએ પણ ફાઇનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું. આ શ્રેણીની અંતિમ મેચ ૨૬ જુલાઈએ રમાશે, જ્યાં દક્ષિણ આફ્રિકા ન્યૂ ઝીલેન્ડનો સામનો કરશે.

ટોસ હાર્યા બાદ પહેલા બેટિંગ કરવા આવેલી ઝિમ્બાબ્વેની ટીમની શરૂઆત સારી રહી ન હતી. દક્ષિણ આફ્રિકાના ઝડપી બોલરો કોર્બિન બોશ અને નાન્દ્રે બર્ગરે પાવરપ્લેમાં શાનદાર બોલિંગ કરી અને ઝિમ્બાબ્વેને શરૂઆતી ઝટકો આપ્યો હતો. પ્રથમ ૧૦ ઓવરમાં ઝિમ્બાબ્વેનો સ્કોર ૩ વિકેટે માત્ર ૫૫ રન હતો. જોકે, બ્રાયન બેનેટે ૬૧ રનની આક્રમક ઇનિંગ રમીને પોતાની ટીમને સંભાળી હતી. બેનેટે રાયન બર્લ (અણનમ ૩૬ રન) સાથે ચોથી વિકેટ માટે ૭૮ રનની મહત્ત્વપૂર્ણ ભાગીદારી કરી, જેના કારણે ઝિમ્બાબ્વેને ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૪૪ રન સુધી પહોંચવામાં મદદ મળી હતી.

૧૪૫ રનના લક્ષ્યનો પીછો કરતી વખતે દક્ષિણ આફ્રિકાની શરૂઆત પણ નબળી રહી હતી. ઝિમ્બાબ્વેના ફાસ્ટ બોલર ટિનોટેન્ડા માપોસાએ શાનદાર બોલિંગ કરી અને ઓપનર લુઆન-ડ્રે પ્રિટોરિયસ (૪) અને રીઝા હેન્ડ્રિક્સ (૬) ને શરૂઆતમાં આઉટ કર્યા હતા. જેના કારણે દક્ષિણ આફ્રિકાનો સ્કોર ૨૨ રનમાં ૨ વિકેટ થઇ ગયો હતો. પરંતુ આ પછી રુબિન હાર્મને કેપ્ટન રાસી વાન ડેર ડુસેન સાથે મળીને ઇનિંગ સંભાળી હતી. બંનેએ ત્રીજી વિકેટ માટે ૧૦૬ રનની શાનદાર ભાગીદારી કરી હતી. હાર્મને ૩૬ બોલમાં ૬૩ રન કર્યા હતા.■

## વિનસ વિલિયમ્સને ટેનિસ-વાપસી: સેરેનાને પણ અનુકરણ કરવા કહ્યું

વોશિંગ્ટન : અમેરિકન મહિલા ટેનિસ સ્ટાર વિનસ વિલિયમ્સ એક વર્ષથી વધુ સમય પછી પહેલીવાર ટેનિસ કોર્ટ પર વાપસી કરવા માટે તૈયાર છે. તેણી ઈચ્છે છે કે તેની નાની બહેન સેરેના પણ ટેનિસમાં વાપસી કરે.

વિનસ ડીસી ઓપનથી ટેનિસ કોર્ટ પર વાપસી કરશે. બીજી તરફ તાજેતરમાં સેરેનાનો એક વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો જેમાં તે રેકેટ સ્વિંગ કરતી જોવા મળી રહી છે. જ્યારે વિનસને આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું હતું કે, ''હું મારી ટીમને કહેતી રહી છું કે જો તે અહીં હોત તો ખૂબ સારું હોત. અમે શરૂઆતથી જ સાથે ઘણું કર્યું છે અને તેથી મને તેની યાદ આવે છે.''

તેણે સ્મિત સાથે કહ્યું હતું કે, ''પરંતુ જો તે વાપસી કરશે તો મને ખાતરી છે કે તે તમને બધાને તેના વિશે જણાવશે.'' સેરેના ૪૩ વર્ષની છે અને ૨૦૨૨માં યુએસ ઓપન પછી તેણે કોઈ મેચ રમી નથી. આ પછી તેણીએ ટેનિસમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. દરમિયાન, તેણે વિનસ સાથે ૨૩ ગ્રાન્ડ સ્લેમ સિંગલ્સ ટાઇટલ અને ૧૪ ડબલ્સ ટાઇટલ જીત્યા હતા. ■

## ઈંગ્લેન્ડ સામે વન-ડે સિરીઝ જીતવાના ઈરાદે ઊતરશે ભારતીય મહિલા ટીમ

ચેસ્ટર લી સ્ટ્રીટ (બ્રિટન) : ઇંગ્લેન્ડ મહિલા ક્રિકેટ ટીમ અને ભારતીય મહિલા ટીમ આજે ત્રીજી વન-ડે મેચમાં એકબીજા સામે ટકરાશે. લોર્ડ્સમાં રમાયેલી બીજી વન-ડે મેચમાં ભારતીય મહિલા ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો. હવે મંગળવારે અહીં રમાનારી ત્રીજી અને અંતિમ મહિલા વનડે ક્રિકેટ મેચમાં તેને ઇંગ્લેન્ડ તરફથી પડકારનો સામનો કરવો પડશે.

બેટ્સમેનોના ઉત્તમ પ્રદર્શનને કારણે ભારતે પહેલી મેચ ચાર વિકેટથી જીતી હતી, પરંતુ શનિવારે લંડનમાં રમાયેલી વરસાદથી પ્રભાવિત બીજી મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે અંતિમ વનડે પહેલા ત્રણ મેચની શ્રેણી ૧-૧થી બરાબર છે. આ શ્રેણી બંને ટીમો માટે મહત્ત્વપૂર્ણ છે કારણ કે બે મહિના પછી વર્લ્ડ કપ શરૂ થવા જઈ રહ્યો છે. મહિલા વન-ડે વર્લ્ડકપ ૩૦ સપ્ટેમ્બરથી શરૂ થશે, જેનું આયોજન શ્રીલંકા અને ભારતનાં પાંચ શહેરો કરશે.

ભારતની ઓલરાઉન્ડર તાકાત અને કેટલાક ખેલાડીઓના સારા ફોર્મને કારણે એવી અપેક્ષા રાખવામાં આવી રહી હતી કે તે બીજી મેચમાં જ શ્રેણી જીતી લેશે, પરંતુ ખરાબ શોટ પસંદગી અને પરિસ્થિતિઓને અનુકૂળ ન થતા ૨૯ ઓવરની મેચમાં પ્રથમ બેટિંગ કરતા ભારતીય મહિલા ટીમ આઠ વિકેટે ફક્ત ૧૪૩ રન જ કરી શકી હતી.

બાદમાં ઇંગ્લેન્ડના ટોચના ક્રમના બેટ્સમેનોએ શાનદાર બેટિંગ કરતા ટીમે સરળતાથી લક્ષ્ય હાંસલ કર્યો હતો. હવે નિર્ણાયક મેચ પહેલા ભારતીય ટીમે કેટલાક ખેલાડીઓનું પ્રદર્શન સુધારવું પડશે. વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાના અને દીપ્તિ શર્મા સિવાય ભારતના અન્ય બેટ્સમેન સોફી એક્લેસ્ટોન, એમ આર્લોટ અને લિન્સી સ્મિથ જેવા બોલરો સામે સંઘર્ષ કરતા જોવા મળ્યા અને તેના બોલરો પણ અપેક્ષા મુજબ પ્રદર્શન કરી શક્યા નહીં.

એક્લેસ્ટોનની શાનદાર બોલિંગને કારણે ભારતીય બેટ્સમેનોને ખાસ કરીને સ્પિનરો સામે સંઘર્ષ કરવો પડ્યો હતો. જો ભારતે શ્રેણી જીતવી હશે તો મંધાના, કેપ્ટન હરમનપ્રીત કૌર, જેમિમા રોડ્રિગ્સ, પ્રતિકા રાવલ અને હરલીન દેઓલમાંથી ઓછામાં ઓછા બે ખેલાડીઓએ મોટી ઇનિંગ્સ રમવી પડશે. રિચા ઘોષ અને દીપ્તિએ નીચલા ક્રમમાં સારી બેટિંગ કરવી પડશે. જ્યાં સુધી ઇંગ્લેન્ડનો સવાલ છે, તે શ્રેણીની પ્રથમ મેચ બાદ સારી સ્થિતિમાં છે. તેને બોલિંગમાં એક્લેસ્ટોન અને આર્લોટ અને બેટિંગમાં એમી જોન્સ, ટેમી બ્યુમોન્ટ અને કેપ્ટન નેટ સાયવર બ્રન્ટ પાસેથી સારા પ્રદર્શનની અપેક્ષા રહેશે. ■

## નવોદિત મિચલ ઑવેને વોર્નર અને પોન્ટિંગના ડેબ્યૂ રેકોર્ડની બરોબરી કરી

### પહેલી જ મેચમાં હાફ સેન્ચુરી, છ સિક્સર ફટકારીને વેસ્ટ ઇન્ડિઝને નડ્યો: ઑસ્ટ્રેલિયા ૧-૦થી આગળ

કિંગ્સ્ટન: ઑસ્ટ્રેલિયાએ યજમાન વેસ્ટ ઇન્ડિઝ સામેની ટેસ્ટ સિરીઝ તાજેતરમાં ૩-૦થી લીધી ત્યાર પછી હવે ટી-૨૦ શ્રેણીની પ્રથમ મેચ જીતીને ૧-૦થી સરસાઈ મેળવી લીધી છે. ૨૩ વર્ષનો નવો ઑલરાઉન્ડર મિચલ ઑવેન કેરિબિયનોને ભારે પડ્યો હતો. તેણે પોતાની આ પહેલી જ ટી-૨૦ ઇન્ટરનેશનલ મેચમાં હાફ સેન્ચુરી ફટકારીને ડેવિડ વોર્નર તથા રિકી પોન્ટિંગની બરાબરી કરી હતી. ઑવેને આ ડેબ્યૂ મેચમાં મેન ઑફ ધ મેચનો અવોર્ડ પણ જીતી લીધો હતો. વેસ્ટ ઈન્ડિઝે બેટિંગ મળ્યા પછી ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૮૯ રન કર્યા હતા. ઑસ્ટ્રેલિયાએ ૧૮.૫ ઓવરમાં (સાત બોલ બાકી રાખીને) સાત વિકેટે ૧૯૦ રન કરીને મેચ જીતી લીધી હતી. આઈપીએલમાં પંજાબ કિંગ્સ વતી રમી ચૂકેલો ઑવેન રાઈટ હેન્ડ બેટ્સમેન અને રાઈટ હેન્ડ પેસ બોલર છે. તેણે વેસ્ટ ઇન્ડિઝના કેપ્ટન શાઈ હોપ (૫૫ રન)ની વિકેટ લીધી



હતી અને પછી ૨૭ બોલમાં છ સિક્સરની મદદથી ૫૦ રન કર્યા હતા. ઑવેનની આ પહેલી જ આંતરરાષ્ટ્રીય મેચ હતી. તેણે પીઢ બેટ્સમેન કેમેરન ગ્રીન (૫૧ રન, ૨૬ બોલ, પાંચ સિક્સર, બે ફોર) સાથે પાંચમી વિકેટ માટે ૮૦ રનની મેચ-વિનિંગ ભાગીદારી કરી હતી. એ અગાઉ કેપ્ટન મિચલ માર્શ ૨૪ રન, વિકેટકીપર જોશ ઇંગ્લિસ ૧૮ રન તથા ગ્લેન મેક્સવેલ ૧૧ રન બનાવીને આઉટ થયા હતા. ગુડાકેશ મોટી, અલ્ઝારી જોસેફ અને પીઢ પેસ બોલર જેસન હોલ્ડરે બે-બે વિકેટ લીધી હતી. એ પહેલાં, વેસ્ટ ઇન્ડિઝે આઠ વિકેટે જે ૧૮૯ રન કર્યા હતા એમાં રોસ્ટન ચેઝ (૬૦ રન)નું સૌથી મોટું યોગદાન હતું. સિમરોન હેટમાયરે ૧૯ બોલમાં ત્રણ સિક્સર અને બે ફોરની મદદથી ૩૮ રન કર્યા હતાં. જોકે વેસ્ટ ઇન્ડિઝને ૨૦૦ રનના જાદુઈ આંકડા સુધી ન પહોંચવા દેવામાં ઑસ્ટ્રેલિયાના લેફ્ટ આર્મ ફાસ્ટ બોલર બેન ડ્વારશૂઇસનું સૌથી મોટું યોગદાન હતું. તેણે ૩૬ રનમાં સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી. વેસ્ટ ઈન્ડિઝે છેલ્લા નવ બોલમાં ફક્ત પાંચ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી.

સિરીઝની બીજી ટી-૨૦ મેચ બુધવારે (ભારતીય સમય અનુસાર સવારે ૫:૩૦ વાગ્યાથી) રમાશે. ■

# એચડીએફસી બેંક અને આઇસીઆઇસીઆઇ બેંકની લેવાલી સાથે બજારે બાઉન્સબેક કર્યું; સેન્સેક્સ ૪૪૨.૬૧ પોઈન્ટ ઊછળ્યો

મુંબઇઃ બ્લુચીપ કંપનીઓના ત્રિમાસિક પરિણામ બાદ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેરના અંડરપર્ફોર્મન્સ છતાં એચડીએફસી બેન્ક અને આઇસીઆઇસીઆઇ બેન્કના શેરની લેવાલીનો ટેકો મળવાથી બજાર ફરી બાઉન્સ બેક થયું હતું અને બેન્ચમાર્ક સેન્સેક્સ નીચી સપાટીથી પાછો ફરીને ૪૪૨ પોઈન્ટ ઊછળ્યો જ્યારે નિફ્ટી ૨૫,૦૦૦ના સ્તરથી ઉપર બંધ આપવામાં સફળ રહ્યો હતો.

બે દિવસના ઘટાડાને બ્રેક મારીને, ૩૦ શેરો ધરાવતો બીએસઇ સેન્સેક્સ ૪૪૨.૬૧ પોઈન્ટ અથવા ૦.૫૪ ટકા વધીને ૮૨,૨૦૦.૩૪ પોઈન્ટ પર સ્થિર થયો. દિવસ દરમિયાન, તે ૫૧૬.૩ પોઈન્ટ અથવા ૦.૬૩ ટકા વધીને ૮૨,૨૭૪.૦૩ પોઈન્ટની ઊંચી સપાટીને અથડાયો હતો. જ્યારે પચાસ શેરો ધરાવતો એનએસઇ બેન્ચમાર્ક નિફ્ટી ૧૨૨.૩૦ પોઈન્ટ અથવા ૦.૪૯ ટકા ઉછળીને ૨૫,૦૯૦.૭૦ પોઈન્ટ પર બંધ થયો હતો.

ઇટર્નલમાં ૫.૩૮ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે આઇસીઆઇસીઆઇ બેન્ક ૨.૭૬ ટકા ઊછળ્યો હતો. આઇસીઆઇસીઆઇ બેન્કે પ્રથમ ક્વાર્ટરના પરિણામમાં ૧૫.૯ ટકાના વધારા સાથે રૂ. ૧૩,૫૫૮ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. એચડીએફસી બેન્ક ૨.૧૯ ટકા ઊછળ્યો હતો. આ બેન્કે પ્રથમ ક્વાર્ટરના પરિણામમાં ૧.૩૧ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૬,૨૫૮ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. જોકે, તેમાં ૧:૧ના રેશિયોમાં બોનસ શેર અને શેરદીઠ પાંચ રૂપિયાના સ્પેશિયલ ડિવિડંડની ચર્ચાને કારણે લેવાલી વધી હતી.

પ્રાઇમરી માર્કેટમાં એન્થમ બાયોનો શેર તેના ઇશ્યુ ભાવ સામે ૨૭ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો. બ્રિગેડ હોટેલ વેન્ચર્સ લિમિટેડ બુકબિલ્ડિંગ પદ્ધતિ રૂ. ૭૫૯.૬૦ કરોડના જાહેર ભરણા સાથે ૨૪ જુલાઈના રોજ મૂડીબજારમાં પ્રવેશ કરશે અને ભરણું ૨૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૯ જુલાઈના રોજ અને એનએસઇ, બીએસઇ પર લિસ્ટિંગ ૩૧ જુલાઈએ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૮૫થી રૂ. ૯૦ પ્રતિ શેર છે અને અરજી માટે લોટ સાઈઝ ૧૬૬ છે.



મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ભારત ઇલેક્ટ્રોનિક્સ, કોટક મહિન્દ્રા બેન્ક અને ટાટા મોટર્સ સૌથી વધુ વધનારા અગ્રણી શેરોની યાદીમાં હતાં. જ્યારે વર્ષ અગાઉના સમાન સમયગાળા સામે જૂન ક્વાર્ટરમાં ૭૮.૩૦ ટકાના જોરદાર વધારા સાથે રૂ. ૨૬,૯૯૪ કરોડનો અત્યાર સુધીનો સૌથી વધુ વધારો નોંધાવવા છતાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેરમાં ૩.૨૯ ટકા ગાબડું જોવા મળ્યું હતું. આ ઉપરાંત એચસીએલ ટેકનોલોજી, હિંદુસ્તાન યુનિલીવર, ટીસીએસ અને આઇટીસી ટોપ લુઝર્સ બન્યા હતા.

ભારતભરમાં વિવિધ માળખાગત અને બિન-માળખાગત ઇપીસી પ્રોજેક્ટ્સમાં કાર્યરત ગ્લોબ સિવિલ પ્રોજેક્ટ્સ લિમિટેડને એનબીસીસી (ઇન્ડિયા) લિમિટેડ તરફથી રૂ. ૧૭૨.૯૯ કરોડના મૂલ્યનો ઓર્ડર મળ્યો છે. આ પ્રોજેક્ટમાં પંજાબના ભટિંડા જિલ્લાના ઘુડ્ડા ગામમાં સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ પંજાબ માટે ઇપીસી ધોરણે માળખાગત સુવિધાઓ અને ઇમારતોનો વિકાસ શામેલ છે. યુકો બેન્કે પ્રથમ ક્વાટ્રરના નફામાં ૧૦ ટકા વધારો નોંધાવ્યો છે.

સ્થાનિક અને વિદેશી પરિબળો માટે અસરકર્તા એવી ઘણી ઘટના આકાર લઇ રહી હોવાથી શેરબજાર માટે આ સપ્તાહ અફડાતફડીથી ભરપૂર રહેવાની ધારણા છે. અમેરિકન માર્કેટના ટ્રેડ સહિતના બાહ્ય અને ફંડામેન્ટલ પરિબળો ઉપરાંત નિષ્ણાતો માને છે કે રોકાણકારો કોર્પોરેટ સેકટરમાં મોટી કંપનીના પરિણામો, બોનસ અને ડિવિડંડની જાહેરાત તેમ જ આગામી સમય માટેના ગાઇડન્સ પર ઝીણી નજર રાખશે.

આ સપ્તાહ જૂનમાં પૂરા થયેલા ત્રિમાસિક સમયગાળાના કોર્પોરેટ પરિણામથી ધમધમતું રહેશે. આ સપ્તાહે ૨૮૬ કંપનીઓ નાણાકીય પરિણામ જાહેર કરવાની છે, જેમાં ઇન્ફોસિસ, આઇશર મોટર્સ, અલ્ટ્ર આટેક સિમેન્ટ, બજાજ ફાઇનાન્સ, ટાટા કન્ઝયુમર પ્રોડક્ટ્સ, ડો. રેડ્ડીઝ લેબ, સિપ્લા, કોટક મહિન્દ્રા બેન્ક અને એસબીઆઇ લાઇફ ઇન્સ્યોરન્સ વગેરેનો સમાવેશ છે.

આ સપ્તાહે ૧૦૦થી વધુ કંપનીઓ વિવિધ જાહેરાત કરવાની છે, જેમાં બોનસ શેર, ડિવિડંડ અને રાઇટ ઇશ્યૂ માટેની રેકોર્ડ ડેટનો સમાવેશ થાય છે. જેમ કે, એલઆઇસી, હીરો મોટોકોર્પ, ડિવિઝ લેબ, શ્રી સિમેન્ટ, ઝાઇડસ લાઇફસાયન્સ અને યુનિયન બેન્ક ડિવિડંડની રેકોર્ડ ડેટ જાહેરાત કરશે. જ્યારે મહિન્દ્રા લોજિસ્ટિક રાઇટ ઇશ્યૂ માટે અને ફોકસ બિઝનેસ સોલ્યુશન બોનસ શેર માટે રેકોર્ડ ડેટ જાહેર કરશે.

વધુમાં, પેટીએમ, યુનાઇટેડ બ્રુઅરીઝ, ઝી એન્ટરટેઈનમેન્ટ, આઈઆરએફસી અને બજાજ હાઉસિંગ ફાઇનાન્સના પરિણામો પર પણ બજારની નજર રહેશે. સોમવારનું ટ્રેડિંગ સત્ર મહત્વપૂર્ણ બની રહેશે, કારણ કે રોકાણકારો આ દિવસે રિલાયન્સ, એચડીએફસી બેંક અને આઈસીઆઈસીઆઈ બેંક જેવી મોટી કંપનીઓના પ્રથમ ક્વાર્ટરના પરિણામોને આધારે બજારમાં પોતાનો પ્રતિભાવ દર્શાવશે.

રોકાણકારો અમેરિકાની જાયન્ટ કંપનીઓના પરિણામ પર પણ નજર રાખશે. આ ઉપરાંત ફેડરલના ચેરમેન પોવેલના રિમાર્કની અસર પણ સમગ્ર ઇક્વિટી માર્કેટ પર જોવા મળશે. વોલ સ્ટ્રીટમાં પાછલા શુક્રવારે મિશ્ર વલણ જોવા મળ્યું હતું. ડાઊજોન્સ ૧૪૨ પોઇન્ટ તૂટીને ૪૪,૩૪૨.૨૦ની સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સ અને નેસ્ડેકમાં મામૂલી ફેરફાર હતો. ટ્રમ્પના વધુ કોઇ ફતવા, ટેરિફને લગતી કોઇ વિગતો અને એફઆઇઆઇના વલણની પણ બજારના માનસ પર અસર થશે. ક્રૂડ ઓઇલના ભાવની વધઘટ અને વિદેશી હૂંડિયામણ બજારની હલચલ પણ બજારને દોરશે.

પ્રાઇમરી માર્કેટમાં પણ આ સપ્તાહે ધમાલ રહેવાની છે. કુલ ૧૦ જાહેર ભરણા મૂડીબજારમાં આવી રહ્યા છે જેમાંથી ઇન્ડિક્વિબ અને જીએનજી ઇલેક્ટ્રોનિક્સ તથા બ્રિગેડ હેટલ વેન્ચર સહિતના પાંચ મેઇન બોર્ડના છે અને પાંચ એસએમઇ સેગમેન્ટના છે. ત્રણ ભરણાના શેર લિસ્ટિંગ મેળવશે.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ઈટર્નલ ૫.૩૮ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૨.૭૬ ટકા, એચડીએફસી બેન્ક ૨.૧૯ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૭૫ ટકા, બીઈએલ ૧.૩૭ ટકા, કોટક બેન્ક ૧.૧૪ ટકા, બજાજ ફિનસર્વ ૧.૦૬ ટકા, ટાટા મોટર્સ અને લાર્સન ૧.૦૫ ટકા અને પાવર ગ્રીડ ૧.૦૪ ટકા વધ્યા હતા, જ્યારે રિલાયન્સ ૩.૨૯ ટકા, એચસીએલ ટેકનોલોજી ૧.૨૧ ટકા, તાતા કન્સલ્ટન્સી ૦.૯૯ ટકા હિંદુસ્તાન યુનિલિવર ૦.૯૭ ટકા અને આઈટીસી ૦.૫૯ ટકા ઘટ્યા હતા. ■

## મજબૂત નફો જાહેર કરવા છતાં રિલાયન્સના શેરમાં મોટો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજાર માટે ઇન્ડેક્સ હેવીવેઇટ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનો શેર મુખ્ય ચાલકબળ ગણાય છે અને તેના નાણાકીય પરિણામની બજારના સેન્ટિમેન્ટ પર જબરી અસર પડે છે. જોકે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેરમાં અત્યાર સુધીના સૌથી વધુ નફાની જાહેરાત પછી પણ સપ્તાહના પહેલા સત્રમાં મોચો ઘટાડો જોવા મળ્યો છે.

રિલાયન્સના શેર સવારના સત્રમાં જ ત્રણેક ટકા સુધી તૂટવાને કારણે બેન્ચમાર્કને ધક્કો લાગ્યો હતો અને બજારના માનસ પર પણ તેની નકારાત્મક અસર જોવા મળી હતી. આનુ કારણે એવું જાણવા મળે છે કે મોટાભાગના અગ્રણી બ્રોકરેજ ફર્મે કંપનીની કામગારી અંગે અસંતોષ વ્યક્ત કર્યો છે. સત્રના પાછલા ભાગમાં એકંદર શેરબજારના સુધારા સાથે આ શેરમાં થોડી રિકવરી થઇ હતી પરંતુ તે વધુ ઘટાડો પચાવવામાં નિષ્ફળ રહ્યો હતો.

પાછલા શુક્રવારે જાહેર થયેલા પ્રથમ ક્વાર્ટરના પરિણામોમાં પોતાનો અત્યાર સુધીનો સૌથી વધુ નફો અને એબિટા નોંધાવવા છતાં, અબજોપતિ મુકેશ અંબાણીના નેતૃત્વ હેઠળના રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ (આરઆઇએલ)ના શેર સોમવારે બીએસઇ પર સવારના સત્રમાં ૨.૭ ટકા તૂટીને રૂ. ૧,૪૩૬.૮૫ બોલાયા હતા અને સત્રને અંતે ૩.૨૪ ટકાના મોટા ગાબડાં સાથે રૂ. ૧,૪૨૮.૨૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

બજારના પીઢ અભ્યાસુઓ અનુસાર એશિયન પેઇન્ટ્સના ૮,૯૨૪ કરોડ રૂપિયાના હિસ્સાના વેચાણ અને અપેક્ષા કરતા ઓછા વ્યાજ ખર્ચ અને કરવેરા દ્વારા રૂ. ૩૦,૭૮૩ કરોડના નફામાં નોંધપાત્ર વધારો થયો છે. બહુવિધ બ્રોકરેજિસે જણાવ્યું હતું કે મુખ્ય વ્યવસાયિક સેગમેન્ટ્સમાં આંકડા અંદાજ ચૂકી ગયા છે. આ બ્રોકરેજ ફર્મમાં મોતીલાલ ઓસવાલ, એમકે, જેપી મોર્ગન વગેરેનો સમાવેશ થાય છે.

ગ્લોબલ બ્રોકરેજ ફર્મ જેફરીઝે સ્પષ્ટ મૂલ્યાંકન રજૂ કરતા નોંધ્યું કે કોન્સોલિડેટેડ એબિટા તેના અંદાજ કરતાં ત્રણેક ટકા નીચે આવ્યો છે. એ જ રીતે, ઓટુસી અને રિટેલ સેગમેન્ટ્સની કામગીરી અપેક્ષા સામે અનુક્રમે પાંચ ટકા અને ચાર ટકા પાછળ રહી છે. ■

## વિશ્વ બજારમાં ડૉલર અને સ્થાનિકમાં રૂપિયો નબળો પડતાં સોનામાં ₹ ૬૫૩નો અને ચાંદીમાં ₹ ૭૬૫નો ચમકારો

મુંબઈઃ આગામી પહેલી ઑગસ્ટની અમેરિકાના ટૅરિફ વધારાના અમલ પૂર્વે વેપારી ભાગીદાર દેશો સાથેનાં કરારની સ્પષ્ટતાની રાહમાં રોકાણકારોએ આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં નવી ખરીદીમાં સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવા છતાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સોના અને ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ત્યારે ડૉલર સામે રૂપિયો ૧૪ પૈસા નબળો પડ્યો હોવાથી આયાત પડતરોમાં પણ વધારો થતા સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૫૦થી ૬૫૩નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૭૬૫નો ચમકારો આવ્યો હતો.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે મધ્યસત્ર પશ્ચાત્ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૭૬૫ વધીને રૂ. ૧,૧૩,૪૬૫ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહી હોવા છતાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયામાં ઑલ ફોલ ડાઉનનું વલણ જળવાઈ રહેતાં આયાત પડતરો વધવાથી વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૫૦ વધીને રૂ. ૯૮,૫૦૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૫૩ વધીને રૂ. ૯૮,૮૯૬ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને અમેરિકાની વેપારી ભાગીદાર દેશો સાથે ટ્રેડ ડીલની સ્પષ્ટતાના અભાવ વચ્ચે રોકાણકારોએ સોનામાં નવી લેવાલીમાં સાવચેતીનું વલણ અપનાવ્યું હોવા છતાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ રહેતાં હાજર અને વાયદામાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૫ ટકા વધીને અનુક્રમે ઔંસદીઠ ૩૩૬૯.૧૭ ડૉલર અને ૩૩૭૬.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૩૮.૪૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે અમેરિકી ટૅરિફના અમલની મુદત નજીક આવી રહી હોવાથી રોકાણકારોની નજર ટ્રેડ ડીલ પર મંડાયેલી છે. હવે અમેરિકી પ્રમુખ ટ્રેડ ડીલની જાહેરાત કરશે કે ટૅરિફનો અમલ કરશે એ અંગે રોકાણકારો અવઢવમાં છે. આવી સ્થિતિમાં સોનાને નબળા ડૉલરનો ટેકો મળી રહ્યો હોવાનું યુબીએસ કૉમોડિટીના વિશ્લેષક ગિઓવન્ની સ્ટુનોવોએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આજે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૨ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યો હતો.

ગઈકાલે અમેરિકી વાણિજ્ય સચિવ હાવર્ડ લ્યુટનિકે યુરોપિયન યુનિયન સાથે ટ્રેડ ડીલ થઈ જવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો, પરંતુ પહેલી ટૅરિફ માટેની પહેલી ઑગસ્ટની મુદત મુશ્કેલ હોવાનું જણાવ્યું હતું. ઉલ્લેખનીય બાબત એ છે કે આર્થિક અનિશ્ચિતતાના માહોલમાં સોનામાં સલામતી માટેની માગ જળવાઈ રહેતી હોય છે.એકંદરે ફુગાવામાં વધારો અને મજબૂત આર્થિક ડેટાઓ ફેડરલ રિઝર્વના વ્યાજદરમાં કપાતની શક્યતાઓ દબાણ હેઠળ લાવી રહી છે. તેમ જ વર્ષ દરમિયાન ઓછી વખત વ્યાજદરમાં કપાત જોવા મળે તેમ હોવાથી રોકાણકારો સોનામાં ઘટ્યા મથાળેથી ખરીદી કરી રહ્યા હોવાનું એએનઝેડનાં વિશ્લેષકો જણાવે છે. જોકે, ગત સપ્તાહે ફેડરલના ગવર્નર ક્રિસ્ટોફર વૉલરે આગામી ૨૯-૩૦ જુલાઈની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. ■

## તેલ આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલીએ રૂપિયો ૧૫ પૈસા તૂટ્યો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ખાસ કરીને તેલ આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલી નીકળતાં ડૉલર સામે રૂપિયો ૧૫ પૈસા તૂટીને ૮૬.૩૧ની સપાટીએ બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેવાની સાથે સ્થાનિકમાં રૂપિયાએ ૮૬ની સપાટી પાર કરી ગયા બાદ સતત રૂપિયામાં ધોવાણ જળવાઈ રહ્યું છે.

સ્થાનિકમાં આજે ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૬.૧૬ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૬.૨૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૩૬ સુધી ગબડ્યા બાદ ઉપરમાં ૮૬.૧૯ની રેન્જમાં રહીને અંતે આગલા બંધ સામે ૧૫ પૈસાના ઘટાડા સાથે ૮૬.૩૧ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે રૂપિયો ચાર પૈસા નબળો પડ્યો હતો.

નોંધનીય બાબત એ છે કે અમેરિકી ટૅરિફ લાગુ થવાની પહેલી ઑગસ્ટની તારીખ નજીક આવી રહી છે ત્યારે અમેરિકા-ભારત વચ્ચેની વેપાર વાટાઘાટો પર ફોરેક્સ ટ્રેડરોની નજર સ્થિર થઈ છે. જો વાટાઘાટો નિષ્ફળ ગઈ અથવા તો વિલંબિત થઈ તો રૂપિયા સામેના પડકારોમાં વધારો થશે અને જો ડીલ સફળ થઈ તો થોડાઘણાં અંશે રાહતનો શ્વાસ મળશે. આમ અમેરિકા-ભારત વચ્ચેની ટ્રેડ ડીલને ધ્યાનમાં લેતા આગામી દિવસોમાં સાવચેતીનો અભિગમ જોવા મળે તેવી શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે. જોકે, ટેક્નિકલ દૃષ્ટિએ હાલ ડૉલર સામે રૂપિયામાં ૮૫.૮૦ મહત્ત્વની ટેકાની સપાટીએ ૮૬.૬૫ની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થઈ શકે, એમ એચડીએફસી સિક્યોરિટીના રિસર્ચ એનાલિસ્ટ દિલીપ પરમારે જણાવ્યું હતું.

દરમિયાન આજે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્મચાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૪૨.૬૧ પૉઈન્ટનો અને ૧૨૨.૩૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો. તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૭૪.૭૪ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલ હતા. આ સિવાય આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૨૨ ટકા ઘટીને ૯૮.૨૬ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૪૮ ટકા ઘટીને બેરલદીઠ ૬૮.૯૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવા છતાં સ્થાનિકમાં ડૉલરમાં આયાતકારોની લેવાલીએ રૂપિયામાં પીછેહઠ જળવાઈ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## ખાંડમાં મથકો પાછળ ₹૧૪થી ૨૦નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)



નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૪થી ૨૦નો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ રહેતાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો અને ઉપલા મથાળેથી રૂ. ૨૦નો સુધારો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ મથકો પાછળ ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૨૦થી ૨૫નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં રૂ. ૨૫નો સુધારો આવ્યો હતો.


બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની પણ માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮થી ૨૯ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મથકોના પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૪થી ૨૦ વધીને રૂ. ૩૯૦૬થી ૩૯૫૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ રહેતાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા અને ઉપલા મથાળેથી રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૩૯૭૨થી ૪૦૫૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલ અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦થી ૨૫ વધીને રૂ. ૩૮૫૫થી ૩૮૮૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૫ વધીને રૂ. ૩૯૦૫થી ૩૯૫૫માં થયાના અહેવાલ હતા. ■

## ટીન અને નિકલની આગેવાનીમાં ધાતુમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓના ભાવમાં ધીમો સુધારો જળવાઈ રહ્યો હોવાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. એકથી બેના ઘટાડા અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા બ્રાસ શીટ કટિંગ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં ટીન, નિકલ તથા કોપરની આગેવાની હેઠળ અન્ય તમામ ધાતુઓમાં કિલોદીઠ રૂ. બેથી ૨૧ સુધીની આગેકૂચ જોવા મળી હતી.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૨૧ વધીને રૂ. ૨૯૩૦, કોપર સ્ક્રેપ હેવી, કોપર વાયરબાર અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને અનુક્રમે રૂ. ૮૪૭, રૂ. ૯૨૦ અને રૂ. ૧૩૩૫ તથા કોપર કેબલ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને અનુક્રમે રૂ. ૮૫૬, રૂ. ૫૬૪ અને રૂ. ૨૭૪ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ માગ તેમ જ વધતી બજારે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૮૩૧ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૫૯ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૧૮૩ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૭૬૪ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૬૦૫ અને રૂ. ૨૧૬ના મથાળે ટકેલા રહ્યા હતા. ■

## ખપપૂરતા કામકાજે દેશી-આયાતી તેલમાં મિશ્ર વલણ
## ૧થી ૨૦ જુલાઈ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસમાં ૩.૫ ટકાનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૮૯ રિંગિટનો ઘટાડો આવ્યો હોવાના નિર્દેશ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના આરંભે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તથા સેલરિસેલ ધોરણે કામકાજો છૂટાછવાયા રહ્યા હોવાથી દેશી-આયાતી તેલના ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં ૧૦ કિલોદીઠ સન રિફાઈન્ડમાં રૂ. ૧૦નો અને કપાસિયા રિફાઈન્ડ તથા સરસવના ભાવમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે સિંગતેલ અને સોયા રિફાઈન્ડમાં અનુક્રમે રૂ. ૧૦ અને રૂ. પાંચ ઘટી આવ્યા હતા.

દરમિયાન કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા.૧થી ૨૦ જુલાઈ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા મહિનાના સમાનગાળાના ૮,૪૭,૬૯૫ ટન સામે ૩.૫૩ ટકાના ઘટાડા સાથે ૮,૧૭,૭૫૫ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું. ■

# કચ્છમાં ૪.૦ની તીવ્રતા વાળા ભૂકંપના શક્તિશાળી આંચકાથી લોકોમાં ગભરાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ધરતીકંપ માટે અત્યંત સંવેદનશીલ કચ્છ જિલ્લામાં ટૂંકા અંતરાલ બાદ રવિવારની રાત્રે રિક્ટર સ્કેલ પર ૪.૦ની તીવ્રતાવાળા ભૂકંપના આંચકાએ કચ્છની ધરાને ધ્રુજાવી હતી અને વરસાદી માહોલ વચ્ચે કચ્છની અશાંત ધરતીના પેટાળમાં વધી ગયેલી સીસ્મિક એક્ટિવિટીને પગલે ગભરાટ ફેલાયો હતો. ગાંધીનગરસ્થિત સિસ્મોલોજી કચેરીના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, રવિવારની રાત્રે નવ અને ૪૭ મિનિટે ઉદ્ભવેલા આ શક્તિશાળી ભૂકંપનું કેન્દ્રબિંદુ સીમાવર્તી ખાવડાથી ૨૦ કિલોમીટર દૂર નોંધાયું હતું.

વિનાશક ધરતીકંપના ટ્રેઇલર સમા આ આંચકાની તીવ્રતા ખાવડા તરફ વિશેષ અનુભવાઈ હતી જેમાં મકાનોનાં બારી-બારણાં, અભેરાઈ પર ચડાવેલાં વાસણો ખખડી ઊઠ્યાં હતાં કાચાં-પાકાં મકાનોમાં લાગેલા સીલિંગ ફેન હાલક-ડોલક થતા નજરે પડતાં નિંદ્રાધીન લોકોએ મકાનોની બહાર દોટ લગાવી હતી.

ધરાને સતત ધ્રુજાવી રહેલા ભૂકંપના આંચકાઓના કેન્દ્રબિંદુ વાગડ ફોલ્ટલાઇનની આસપાસના જ રહ્યા છે જેમાં ભચાઉ, ફતેહગઢ, રાપર,કરમરીયા અને પ્રાચીન નગર ધોળાવીરાનો, ઉપરાંત સૌરાષ્ટ્રના ઉના અને ઉપલેટાનો પણ સમાવેશ થાય છે.

ત્રણથી ૩.૭ સુધીની તીવ્રતાના સંખ્યાબંધ આંચકાઓ સમયાંતરે નોંધાતા રહે છે. કચ્છના અશાંત પેટાળમાં ઉદભવેલા ૪ની તીવ્રતાના આંચકાએ આ ભાતીગળ પ્રદેશના લોકોને ફફડતા કરી દીધા છે. ■



ગુજરાતમાં સ્માર્ટ મીટરનો લોકો દ્વારા વ્યાપક વિરોધ થઈ રહ્યો છે ત્યારે રાજકોટમાં સ્માર્ટ મીટર લગાવવા માટે ધારાસભ્ય દર્શિતા શાહે લોકોને અનુરોધ કર્યો હતો.. (તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

# પાલિતાણા હોમગાર્ડઝ યુનિટના ૭૭માં સ્થાપના દિનની ઉજવણી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાનાં પાલિતાણા હોમગાર્ડઝ યુનિટનો ૭૭મા સ્થાપના દિન નિમિત્તે પાલિતાણા ખાતે ઉજવણી કરવામાં આવી હતી. ભાવનગર જિલ્લાનાં પાલિતાણા હોમગાર્ડઝ યુનિટે સોમવારે ૭૬ વર્ષ પૂર્ણ કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ પાલિતાણા હોમગાર્ડઝ યુનિટની સ્થાપના તા. ૨૧ જુલાઈ, ૧૯૪૯માં કરવામાં આવી હતી પાલિતાણા હોમગાર્ડઝ યુનિટમાં હાલ સુધીમાં ૧૧ ઓફિસર કમાન્ડિંગે દળમાં માનદ સેવાઓ આપી છે. હાલ તીર્થનગરી પાલિતાણા યુનિટમાં ૬૦ થી વધુ સભ્યો નિષ્કામ સેવાઓ આપી રહ્યા છે ત્યારે આ પ્રસંગે પાલિતાણા યુનિટ ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પાલિતાણા ધ્વજ રજવાડાનાં સમયે આ યુનિટ ગુલાબી કલર આપવામાં આવેલ તે પણ એક આ યુનિટની અલગ ઓળખ દર્શાવતું પ્રતીક જોવા મળી રહ્યું છે.

પાલિતાણા હોમગાર્ડઝ યુનિટનો ૭૭માં સ્થાપના દિન ઉજવણી નિમિત્તે ભાવનગર જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ એસ.પી.સરવૈયા, સ્ટાફ ઓફિસર પીઆરઓ (કમ્પની કમાન્ડર) નીતિન ગોહેલ, સ્ટાફ ઓફિસર સ્પોર્ટસ એલ.સી કોરડિયા તેમજ પાલિતાણા યુનિટ ઓફિસર કમાન્ડિંગ રઘુવીરસિંહ ગોહિલ, પૂર્વ ઓફિસર કમાન્ડિંગ નીતિન ચાપાનેરી, પૂર્વ હોમગાર્ડઝ નિકુલસિંહ સરવૈયા સહિત અધિકારીઓએ હાજરી આપી હતી. ■

# ભુજના આલાવારા કબ્રસ્તાનમાં દફન કરાયેલો આધેડનો મૃતદેહ બહાર કાઢી ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અર્થે જામનગર મોકલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: એક સપ્તાહ અગાઉ ભુજ શહેરમાં રહેતા રિક્ષાચાલક આધેડના શંકાસ્પદ મોત બાદ તેમના માતાએ તેમની લાઈટ બિલ ભરવા બાબતે પરિવારના સભ્યો દ્વારા કુહાડીના ઘા ઝીંકીને હત્યા કરી દેવામાં આવી હોવાના આક્ષેપ સાથેની એ-ડિવિઝન પોલીસમાં આપવામાં આવી હતી. આ અરજીના આધારે પોલીસ દ્વારા સોમવાર સવારે શહેરના આલાવારા કબ્રસ્તાનમાંથી દફન કરાયેલો આધેડનો મૃતદેહ બહાર કાઢી ફોરેન્સીક પોસ્ટમોર્ટમ અર્થે જામનગર મોકલવામાં આવ્યો હતો.

આ કાઇમ થ્રિલરના પ્લોટ સમા બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ ભુજના ભીડગેટ પાસે રહેનારા સકિનાબાઈ નામના વૃદ્ધાએ પોલીસ સમક્ષ રજૂઆત કરી હતી કે, તેમના રિક્ષા ચાલક એવા પુત્ર અબ્દુલાનું સપ્તાહ અગાઉ મોત થયું હતું. પરિવારે હાર્ટએટેકથી મોત થયાનું કહી ગુપચુપ રીતે અંતિમવિધિ કરી નાખી હતી. હકીકતમાં હતભાગી પુત્રની પત્ની, તેના દીકરા એટલે પૌત્ર અને તેની પત્ની પૌત્રવધૂએ લાઈટ બિલ ભરવા બાબતે તકરાર થયા બાદ ભેગા મળી, ઢોરમાર મારીને હત્યા નિપજાવી છે તેવો આક્ષેપ કર્યો હતો. એ ડિવિઝન પોલીસે અરજીની ગંભીરતા સમજી પ્રોટોકોલ પ્રમાણે દફન કરાયેલો દેહ બહાર કાઢી જામનગર ફોરેન્સિક પીએમ માટે મોકલાવ્યો હતો. સોમવાર સવારે આલાવારા કબ્રસ્તાન ખાતે પ્રાંત અધિકારી, મામલતદાર, એ-ડિવિઝન પોલીસ સહિતના હાજર રહ્યા હતા. પરિવારજનોની હાજરીમાં પ્રોટોકોલ સાથે દેહ બહાર કાઢી પીએમ માટે મોકલવામાં આવ્યો હતો. જામનગરથી અભિપ્રાય આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમ તપાસકર્તાએ જણાવ્યું હતું. ■

# કચ્છમાં છૂટીછવાઈ મેઘમહેર યથાવતઃ એકથી અઢી ઇંચ વરસાદ ખાબક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રાજસ્થાન પર સ્થિર થયેલી મોનસૂન ટ્રેક રેખાના કારણે ઉત્તર ગુજરાત, રાજસ્થાનમાં ઠેર-ઠેર ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા પણ ગુજરાતના અમુક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે ત્યારે મેઘતૃષ્ણાનાં મુલક એવા રણપ્રદેશ કચ્છમાં પણ સતત બીજા દિવસે છૂટાછવાઈ મેઘમહેર વરસવાનું ચાલુ રહ્યું હતું. જિલ્લાના ભુજ અને તેની આસપાસના વિસ્તારો, ભચાઉ, નખત્રાણા, બંદરીય માંડવી, મુંદરા તેમજ અંજાર, આદિપુર,ગાંધીધામ સંકુલ અને રાપર પંથકમાં એકથી અઢી ઇંચ જેટલો નોંધપાત્ર વરસાદ વરસ્યો છે.ભુજમાં દિવસભર અસહ્ય ગરમીના પ્રકોપ વચ્ચે ધીમીધારે પાણી પડ્યું હતું અને આ કિલ્લેબંધ શહેરના માર્ગો પરથી પાણી વહી નીકળ્યાં હતાં.

ઔદ્યોગિક મથક ગાંધીધામમાં અડધો ઇંચ,



(તસવીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

અબડાસા અને નખત્રાણામાં એક, અંજાર તાલુકામાં એક ઇંચ, માંડવીમાં અડધોથી એક, જયારે સીમાવર્તી રાપર-લખપત વિસ્તારમાં ગોરંભાયેલા માહોલ વચ્ચે પાવરપેક્ડ ઝાપટાં વરસ્યાં હતાં. ભચાઉમાં સૌથી વધુ અઢી ઇંચ મેઘકૃપા વરસી હતી. ગાંધીધામ-આદિપુર સંકુલ અને તાલુકામાં માર્ગો ઉપર પાણી ફરી વળ્યાં હતાં. મુખ્ય બજાર, ચાવલા ચોક, જવાહર ચોક, ભારતનગરની બજાર, મહેશ્વરીનગર, સુંદરપુરી, ગણેશનગર, મણિનગર, ખોડિયારનગર, કાર્ગો વગેરે વિસ્તારોમાં કોલેરાની આહટ વચ્ચે ગટર મિશ્રિત પાણી ભરાઇ રહ્યાં હતાં. આ ઉપરાંત બંદરીય માંડવી અને સીમાવર્તી રાપર તાલુકામાં વરસાદી ઝાપટાં વરસતાં લોકોમાં ખુશી જોવા મળી હતી. એકાદ માસ પૂર્વે થયેલા વરસાદ બાદ આ પંથકમાં મોટા ભાગની ખેતીમાં વાવણી થઇ ચૂકી હતી અને હવે જરૂરતના સમયે જ અષાઢ મહિનાના ઉત્તરાર્ધમાં મેઘરાજાની પધરામણી ખેતી માટે ખૂબ જ ફાયદાકારક હોવાનું કિસાનો જણાવી રહ્યા છે. તાલુકાના વડવા, દુજાપર, મઉં, વરઝડી, હમલા, મંજલ, ફિલોણ, વિરાણી, ભેરૈયા, ઘોડાલખ, પોલડિયા, મકડા વિગેરે ગામોમાં પણ એકાદ ઇંચ વરસાદ વરસ્યો હતો. ■

## સીબીઆઈ કોર્ટે લાંચ કેસ

# ભાવનગરના પૂર્વ ડિવિઝનલ એન્જિનિયરને ત્રણ વર્ષ કેદની સજા ફટકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદના સીબીઆઈ કેસોના સ્પેશિયલ જજે આજે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો.જે અંતર્ગત આરોપી હરીશ કિશોર ગુપ્તા (તત્કાલીન ડિવિઝનલ એન્જિનિયર (સી), ભાવનગર પરા, ડીઆરએમ ઓફિસ, પશ્ચિમ રેલવે, ભાવનગર)ને રૂ. ૫૦૦૦ ની લાંચ માગવા અને સ્વીકારવાના ગુના સંબંધિત કેસમાં રૂ. ૧,૦૦,૦૦૦ ના દંડ સાથે ૩ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી.

સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશનએ ૧૫.૦૭.૨૦૧૦ના રોજ આરોપી વ્યક્તિ વિરુદ્ધ તાત્કાલિક કેસ નોંધ્યો હતો. જેમાં આરોપી હરીશ કિશોર ગુપ્તા પર એક રેલવે કોન્ટ્રાક્ટર પાસેથી રૂ. ૫૦૦૦ ની લાંચ માગી અને સ્વીકારી હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જે રૂપિયા ૧૯,૯૧,૪૩૨.૧૧ ની રકમનો વર્ક ઓર્ડર જારી કરવા અને કોન્ટ્રાક્ટરને ફાળવવામાં આવેલા કોન્ટ્રાક્ટ પૂર્ણ કરવાનો સમય વધારવા માટે વિચારણા કરવા અંગેની રકમ હતી. આ કેસમાં આરોપી હરીશ કિશોર ગુપ્તાની ૧૬.૦૭.૨૦૧૦ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. હરીશ કિશોર ગુપ્તાના નિવાસસ્થાન અને કાર્યાલય પર સર્ચ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તપાસ પછી, ૨૯.૦૬.૨૦૧૧ના રોજ આરોપી હરીશ કિશોર ગુપ્તા વિરુદ્ધ જાહેર સેવક દ્વારા ગેરકાયદેસર રકમ માંગવા અને સ્વીકારવા તેમજ ગુનાહિત ગેરવર્તણૂક કરવાના ગુના બદલ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ટ્રાયલ પછી, લેફ્ટનન્ટ કોર્ટે આરોપીને દોષિત ઠેરવ્યો હતો અને સજા ફટકારી હતી.

આ ઉપરાંત ભાવનગરમાં આસીસ્ટન્ટ ઇલેક્ટ્રીક એન્જિનિયર લાંચ લેતા એસીબીની જાળમાં સપડાયો હતો. ફરીયાદી ઇલેક્ટ્રીક કોન્ટ્રાક્ટર છે. તેમણે રેલવે ડિવિઝન ભાવનગરમાંથી મળેલા કોન્ટ્રાક્ટના કામોનાં આશરે રૂપિયા ૧૦ લાખની રકમનાં રનિંગ બિલોની મંજૂરી/એપ્રુવલ આપવા પેટે બીલની રકમનાં ૪ ટકા લેખે એડવાન્સ તથા ફરિયાદીને અન્ય એક વર્ક ઓર્ડર આપેલો હોઇ તેના પોઇન્ટ પાંચ ટકા લેખે એમ કુલ રૂ.૬૫,૦૦૦ની લાંચ ની માંગણી કરી હતી, પરંતુ ફરિયાદી લાંચનાં નાણાં આપવા માગતા ન હોવાથી એસીબીનો સંપર્ક કર્યો હતો. જેના આધારે ડી.આર.એમ કચેરીમાં છટકું ગોઠવવામાં આવ્યું હતું. જેમાં ટિપ્પે સ્વામી લક્કામા દાસર ( આસિસ્ટન્ટ ઇલેક્ટ્રીક એન્જિનિયર,વર્ગ -૨, સહાયક મંડળ, ભાવનગર રેલવે ડિવિઝન, રેલવે ડી.આર.એમ કચેરી, ભાવનગર) રૂ.૬૫,૦૦૦ની લાંચ માંગતા રંગે હાથ ઝડપાયો હતો. ■

# જૂનાગઢના ડિસ્કો રોડથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢ શહેરમાં રસ્તાઓની સ્થિતિ અત્યંત ખરાબ બની છે. શહેરના મુખ્ય માર્ગો, ચોક, વસાહતો અને ગલીઓમાં મોટા પ્રમાણમાં ખાડાઓ જોવા મળે છે.

લોકોએ બુલેટ પર નીકળીને જનકપુરી, દ્વારકાપુરી, મધુરમ, મોતીબાગ, કાળવા ચોક, ગીરીરાજ નગર, બિલખા રોડ, ગિરનાર રોડ અને મજેવડી ગેટ વિસ્તારોમાં જઈ સ્થિતિ ચકાસી હતી.

દરેક વિસ્તારમાં લોકોએ તંત્ર સામે નારાજગી વ્યક્ત કરી હતી. ૨૧ વર્ષમાં મહાનગરપાલિકા બનાવ્યા પછી પણ જૂનાગઢના રોડ રસ્તા એવી હાલતમાં છે કે જ્યાં એક મીટર જાય ત્યાં એક ખાડો મળે.

નાગરિકોએ કહ્યું કે મનપા બન્યાના ૨૧ વર્ષના થયા છતાં દર એક મીટરે રોડ પર ખાડા દેખાય છે. જૂનાગઢના રોડની દશા એટલી ખરાબ છે કે હવે આ ઉંમરે પણ રિક્ષા ચલાવીને ઘરે જઈએ ત્યારે કોથળા જેવા થઈ જઈએ છીએ.

આવું જ ચાલશે તો નાના ધંધા-રોજગાર કરનારા કફોડી હાલતમાં આવી જશે, અને જો આવી જ પરિસ્થિતિ રહી તો લોકો જૂનાગઢ આવવાનું પણ ટાળી દેશે.

વિપક્ષના નેતા લલિત પરસાણાએ જણાવ્યું હતું કે, જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ૧૫૦૦ કરોડના વિકાસના દાવા, ૭૦૦ કરોડ ભૂગર્ભ ગટરમાં વપરાયા, હજુ ૨૭૦ કરોડના વિકાસ કામોની જાહેરાત છતાં પણ રસ્તાઓની હાલત એવી કે એમ્બ્યુલન્સને હાઈવે પર લઈ જવામાં પણ કલાકો જાય. બાળકો ખાડામાં પડી મરે, આગ લાગી જાય, ખાડાઓના કારણે અકસ્માત થાય આ બધું તંત્રના પાપે થાય છે. મહાનગરપાલિકા કેવી રીતે રૂપિયા વાપરે છે, તે જાહેર થઈ જાય એ વેળા આવી રહી છે. જેમ કૌરવોની સભામાં ખોટું કરનારા વિનાશ પામ્યા, તેમ જ આ લોકોનો પણ વિનાશ થશે. ■

# જૂનાગઢના પરબવાવડીના તલાટી કમ મંત્રી લાંચ લેતા ઝડપાયાઃ

## કોર્ટ મેરેજના મેમોરેન્ડમ માટે ૧૫૦૦ રૂપિયા માંગ્યા હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાના પરબવાવડી ગામમાં એન્ટિ કરપ્શન બ્યુરો (એસીબી)એ તલાટી કમ મંત્રી જયદીપભાઈ જનકભાઈ ચાવડાને લાંચ લેતા પકડ્યા હતા. તલાટીએ કોર્ટ મેરેજના મેમોરેન્ડમ માટે ડિજિટલ પેમેન્ટ દ્વારા રૂ. ૧૫૦૦ની લાંચ માગી હતી.

એક વ્યક્તિએ પરબવાવડી ગામમાં કોર્ટ મેરેજ કર્યા હતા. સરકારી આર્થિક સહાય મેળવવા માટે તલાટી મંત્રી પાસેથી મેમોરેન્ડમની જરૂર હતી. ફરિયાદીએ જ્યારે મેમોરેન્ડમ માટે સંપર્ક કર્યો ત્યારે તલાટી જયદીપ ચાવડાએ ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ એપના ક્યુઆર કોડ દ્વારા રૂ.૧૫૦૦ની લાંચની માંગણી કરી.

પરેશાન ફરિયાદીએ રાજકોટ એસીબી કચેરીનો સંપર્ક કર્યો. એસીબીએ ટ્રેપ ગોઠવી હતી. આરોપીએ ફરિયાદી પાસેથી ડિજિટલ પેમેન્ટ દ્વારા લાંચની રકમ સ્વીકારી હતી. રકમ પોતાના ખાતામાં જમા થયાની પુષ્ટિ પણ આપી હતી. આ દરમિયાન એસીબીએ તેમને રંગેહાથ ઝડપી લીધા હતા.

આ ઓપરેશનમાં એસીબી રાજકોટના પીઆઈ આર.આર.સોલંકી તેમના સ્ટાફ સાથે હાજર હતા. મદદનીશ નિયામક કે.એચ.ગોહિલે સમગ્ર ઓપરેશનનું સુપરવિઝન કર્યું હતું. એસીબીએ આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■



રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભાની બેઠક મળી હતી, જેમાં વિરોધ પક્ષના નેતાઓએ બિસ્માર રસ્તા, તૂટેલી સિંચાઈ કેનાલ મામલે હલ્લાબોલ કર્યો હતો... (તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

# રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં નકલી બિયારણનો પ્રશ્ન ઉપસ્થિત થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં નકલી બિયારણનો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. કુવાડવાની બોમ્બે સુપર સહિતની કંપનીઓમાંથી મગફળીના બિયારણના નમૂના લેવામાં આવ્યા હોવાનું જાહેર કરાયું હતું.

રાજકોટ જિલ્લાની બિયારણ ઉત્પાદક કંપનીઓ કે એગ્રો સેન્ટરમાંથી બિયારણ લઈને વાવેતર કરનારા અર્ધોઅર્ધ ખેડૂતોના પાક નિષ્ફળ ગયો હોવાના આક્ષેપ સાથે કૉંગ્રેસ સભ્યએ તપાસ કામગીરીની વિગતો માગી હતી. કુવાડવાના બોમ્બે સુપર, જેતપુરના ભોલેનાથ ટ્રેડર્સ તથા એગ્રોસીડઝ કંપનીના બિયારણમાં આમ બન્યાનો દાવો કર્યો હતો.

તંત્ર દ્વારા જવાબમાં એમ કહેવાયું હતું કે કુલ ૮૧૪ બિયારણ સેમ્પલ લેવામાં આવ્યા હતા. તેમાંથી ૩૦૭ ચકાસણી માટે જૂનાગઢ લેબોરેટરીમાં મોકલાયા હતા તેમાંથી ૧૧ નમૂના ફેઈલ જતા કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.કુવાડવા સ્થિત બોમ્બે સુપરસીડસના બિયારણને લાગેવળગે છે ત્યાં સુધી મગફળીના ૧૨ સેમ્પલ લઈને તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. ■

# સાણંદના ગ્લેડ વન રિસોર્ટમાંથી દારૂ પાર્ટી ઝડપાઈ

## ૩૯ લોકો દારૂ પીધેલી હાલતમાં મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જિલ્લાના સાણંદમાં આવેલા ગ્લેડ ગોલ્ફ રિસોર્ટમાં હાઈ પ્રોફાઈલ દારૂ પાર્ટી પર પોલીસે રેડ કરી હતી. રિસોર્ટમાં રેડ દરમિયાન પોલીસે ૧૦૦ લોકોને તપાસ્યા હતા, જેમાંથી ૧૩ યુવક અને ૨૬ યુવતી મળી કુલ ૩૯ લોકો દારૂ પીધેલી હાલતમાં ઝડપાયાં હતાં. એક જાણીતા બિલ્ડરે બર્થ ડે પાર્ટી નિમિત્તે આ હાઇપ્રોફાઇલ દારૂ પાર્ટી યોજાઈ હતી.

પોલીસની ૪ બસ અને ગાડીમાં તમામને બેસાડીને મેડિકલ ટેસ્ટ માટે સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યાં હતાં. મોટી સંખ્યામાં દારૂ પીધેલા લોકો ઝડપાયાં હોવાથી પોલીસે કાર્યવાહી કરી હતી. યુવક-યુવતીઓ પણ મોટી સંખ્યામાં ઝડપાયાં હોવાથી લોકોના પરિવાર પણ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા.

પોલીસે બાતમીના આધારે રેડ કરી હતી, જેમાં સાણંદ પોલીસ સ્ટેશનની સાથે અસલાલી, ચાંગોદર, બોપલ પોલીસ તથા ૨ પંચને સાથે રાખી રેડ કરવામાં આવી હતી. પોલીસ રેડમાં બર્થડે પાર્ટીના આયોજક અમદાવાદમાં રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલા હોવાનું સામે આવ્યું હતું. રેડ દરમિયાન હાજર મહિલા-પુરુષોની બ્રેથ એનેલાયઝરથી તપાસ કરતાં ૧૩ પુરુષ અને ૨૬ મહિલા શંકાસ્પદ પીધેલી હાલતમાં મળ્યાં હતાં, જેમને વધુ તપાસણી માટે મેડિકલ બ્લડ સેમ્પલની કાર્યવાહી કરવામાં આવી હતી. આ સાથે કુલ ૫ સીલબંધ દારૂની બોટલ મળતાં કબજે કરી સમગ્ર બનાવ બાબતે પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવી હતી. ■

# ભાવનગર રેલવે ડીઆરએમ કચેરીના ક્લાસ ટુ એન્જિનિયર ₹૬૫ હજારની લાંચ લેતા ઝડપાયા

ભાવનગર: રેલવે ડીઆરએમ કચેરીના આસિસ્ટન્ટ ઇલેક્ટ્રિક એન્જિનિયર ક્લાસ ટુ ને લાંચ-રુશ્વત ખાતાના સ્ટાફે રૂ.૬૫ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપી લીધા હતા. પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગરના ઇલેક્ટ્રીક કોન્ટ્રાક્ટરને રેલવે ડિવિઝન ભાવનગરમાંથી મળેલા કોન્ટ્રાક્ટના કામોનાં આશરે ૧૦ લાખની રકમનાં રનિંગ બિલોની મંજૂરી/એપ્રુવલ આપવા પેટે બિલની રકમનાં ૪ ટકા લેખે એડવાન્સ તથા ફરિયાદીને અન્ય એક વર્ક ઓર્ડર આપ્યો હતો. તેના પોઇન્ટ પાંચ ટકા લેખે ભાવનગર રેલવે ડિવિઝન કચેરીના આસિસ્ટન્ટ ઇલેક્ટ્રિક એન્જિનિયર ક્લાસ ટુટિપ્પે સ્વામી લક્કામા દાસર એ રૂ.૬૫,૦૦૦/- ની લાંચની માંગણી કરી હતી. જો કે ફરિયાદી લાંચનાં નાણાં આપવા માંગતા ના હોઇ એસીબીનો સંપર્ક કરી ફરિયાદ આપતા, સોમવારે લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. આ લાંચનાં છટકા દરમિયાન રેલવેના ક્લાસ ટુ અધિકારીએ ફરિયાદી પાસે લાંચ નાણાં માગી સ્વીકારતાં રંગેહાથ ઝડપાઈ ગયા હતા. ■

# કેશોદ ન.પાલિકાએ ૧૧૦ દુકાનો સીલ કરી વીજ કનેક્શન કાપી નાખ્યા

અમદાવાદ: કેશોદ નગરપાલિકા દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. શહેરના વેરાવળ રોડ પર આવેલી દ્વારકાધીશ બિલ્ડિંગની ૧૧૦ દુકાનોના વીજ કનેક્શન કાપી સીલ મારી દેવામાં આવ્યાં હતાં. જેને લઇ વેપારીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. કેશોદ નગરપાલિકાના ચીફ ઓફિસર, સ્ટાફ અને અન્ય વિભાગના કર્મચારીઓ દ્વારકાધીશ બિલ્ડિંગ ખાતે પહોંચીને કામગીરી શરૂ કરી હતી. બિલ્ડિંગ જર્જરિત હોવાને કારણે લોકોના જીવલેણ જોખમને અટકાવવા માટે નગરપાલિકા દ્વારા ૧૧૦ દુકાનોના વીજ કનેક્શન કાપી તેમને સીલ કરી દેવામાં આવ્યા હતા. સૂત્રોએ જણાવ્યું કે, દ્વારકાધીશ બિલ્ડિંગમાં કુલ ૪૧૯ દુકાનો છે, જેમાંથી હાલ ૧૧૦ દુકાનો ચાલુ છે. ૨૦૨૪માં મિલકતધારકોને સ્ટેબિલિટી રિપોર્ટ રજૂ કરવા, બિલ્ડિંગ ખાલી કરવા અને રીનોવેશન કરવાની સૂચના આપી હતી. પરંતુ કોઈપણ પ્રકારનું પાલન કરવામાં આવ્યું ન હતું. જનહિતને ધ્યાને રાખીને વીજ કનેક્શન કાપી અને દુકાનો સીલ કરી દેવામાં આવી હતી.■